For Official use only

સત્તાવાર ઉપયોગ માટે જ

સત્યમેવ જયતે

GOVERNMENT OF GUJARAT

ગુજરાત સરકાર

EDUCATION DEPARTMENT

શિક્ષણ વિભાગ

# Hand Book of Acts, Rules and Government Orders relating to Archaeology and Treasure Trove

# પુરાતત્ત્વ અને ભૂમિગત ધનને લગતા અધિનિયમો, નિયમો અને સરકારી હુકમોનો સંગ્રહ

GOVERNMENT PRESS, VADODARA.

1983

## અનુક્રમણિકા

### ગુજરાત પ્રાચીન સ્મારકો અને પુરાતત્ત્વીય સ્થળો અને અવશેષો બાબત અધિનિયમ, ૧૯૬૫.


| પ્રકરણ | | પાના |
|---|---|---|
| ૧ | પ્રારંભિક | ૧ |
| ૨ | રક્ષિત સ્મારકો | ૪ |
| ૩ | રક્ષિત વિસ્તારો | ૧૧ |
| ૪ | પુરાવસ્તુઓનું રક્ષણ | ૧૧ |
| ૫ | વળતરના સિદ્ધાંતો | ૧૨ |
| ૬ | પ્રકીર્ણ | ૧૩ |


### ગુજરાત પ્રાચીન સ્મારકો અને પુરાતત્ત્વીય સ્થળો અને અવશેષો બાબત નિયમો, ૧૯૬૭.


| | | |
|---|---|---|
| ૧ | પ્રારંભિક | ૧૭ |
| ૨ | રક્ષિત સ્મારકોના આવાગમન | ૧૮ |
| ૩ | પ્રતિબંધિત વિસ્તારોમાં બાંધકામ અને ખાણકામ કરવા બાબત | ૧૯ |
| ૪ | અમુક વિસ્તારોમાંથી પુરાવસ્તુઓ ખસેડવા બાબત | ૧૯ |
| ૫ | રક્ષિત સ્મારકોની લગોલગ અથવા તેની નજીક બાંધકામ અથવા ખાણકામ કરવા બાબત | ૨૦ |
| ૬ | રક્ષિત સ્મારકોની પ્રતિકૃતિ કરવા અને ફિલ્મ લેવા બાબત | ૨૧ |
| ૭ | રાજ્ય સલાહકાર બોર્ડ | ૨૩ |
| ૮ | પ્રકીર્ણ | ૨૩ |

| અનુસૂચિ | | |
|---|---|---|
| | નમૂનો—૧ | ૨૪ |
| | નમૂનો—૨ | ૨૫ |
| | નમૂનો—૩ | ૨૬ |
| | નમૂનો—૪ | ૨૭ |
| | નમૂનો—૫ | ૨૮ |
| | નમૂનો—૬ | ૨૯ |
| | શિક્ષણ અને મજૂર વિભાગ-જાહેરનામા | ૩૦ |

# સન ૧૯૬૫નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૨૫

(રાષ્ટ્રપતિની મંજૂરી મેળવ્યા પછી સન ૧૯૬૫ના નવેમ્બર મહિનાની ૨૯મી તારીખે "ગુજરાત સરકારી રાજ્યપત્રમાં" પ્રથમ પ્રસિધ્ધ કરેલો.)

[૨૯મી નવેમ્બર ૧૯૬૫]

**ગુજરાત રાજ્યમાં (રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતાં હોવાનું જાહેર કર્યું હોય તે સિવાયનાં) પ્રાચીન અને ઐતિહાસિક સ્મારકો અને લેખાદિ સામગ્રી અને પુરાતત્ત્વીય સ્થળો અને અવશેષોની જાળવણી માટે અને ઉપર્યુક્ત હેતુઓ સાથે સંકળાયેલી બાબતો માટે વધુ સારી જોગવાઈ કરવા બાબતનો અધિનિયમ.**

આથી ભારતના ગણરાજ્યના સોળમાં વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:

## પ્રકરણ ૧ લું

## પ્રારંભિક

૧.(૧) આ અધિનિયમ 'ગુજરાત પ્રાચીન સ્મારક અને પુરાતત્ત્વીય સ્થળો અને અવશેષો બાબત અધિનિયમ, ૧૯૬૫' કહેવાશે. **ટૂંકી સંજ્ઞા વ્યાપ્તિ અને આરંભ.**

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) રાજ્ય સરકાર રાજ્યપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને નક્કી કરે તેવી તારીખે તે અમલમાં આવશે.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો, **વ્યાખ્યા**

(૧) "પ્રાચીન અને ઐતિહાસિક સ્મારક એટલે ઈતિહાસ, પુરાતત્ત્વશાસ્ત્ર અથવા કલાની દૃષ્ટિએ રસપ્રદ હોય અને ઓછામાં ઓછાં એકસો વર્ષથી અસ્તિત્વમાં હોય તેવું કોઈ બાંધકામ, સ્થાપન અથવા સ્મારક અથવા કોઈ ટીંબા અથવા દફનની જગા અથવા કોઈ ગુફા, શિલા શિલ્પ, ઉત્કીર્ણ લેખ અથવા પાષાણ સ્તંભ અને તેમાં નીચેનાનો સમાવેશ થાય છે:—

(ક) એવા સ્મારકના અવશેષોનો,

(ખ) એવા સ્મારકના સ્થળોનો,

(ગ) એવા સ્મારકને વાડ કરવા અથવા છાવરી લેવા માટે અથવા બીજી રીતે તેની જાળવણી માટે જરૂરી હોય તેવા આવા સ્મારકના સ્થળની નજીકના જમીનના ભાગનો, અને

(ઘ) એવા સ્મારકમાં આવવા જવા માટેના સાધનો અને એવા સ્મારકની અનુકૂળ તપાસનો;

(૨) "પુરાવસ્તુ"માં નીચેની વસ્તુઓનો સમાવેશ થાય છે:—

(ક) કોઈપણ સિક્કા, શિલ્પ, હસ્તપ્રત, ઉત્કીર્ણલેખ, અથવા અન્ય કોઈ કલાકૃતિ કે હુન્નરકામોનો,

(ખ) મકાન અથવા ગુફામાંથી છુટી પડેલ કોઈ ચીજ, પદાર્થ કે વસ્તુનો,

(ગ) ગતસમયના વિજ્ઞાન, કલા, હુન્નર, સાહિત્ય, ધર્મ, રૂઢિ, નીતિમત્તા અથવા રાજકારણની નિર્દેશક કોઈપણ ચીજ, પદાર્થ અથવા વસ્તુ,

(ઘ) ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી હોય તેવી કોઈપણ ચીજ, પદાર્થ અથવા વસ્તુ, અને

(ચ) એતિહાસિક અથવા પુરાતત્ત્વીય અગત્ય ધરાવતી હોવાને કારણે કોઈ ચીજ, પદાર્થ, અથવા વસ્તુ જાળવી રાખવા યોગ્ય છે એવો જે રાજ્ય સરકારનો અભિપ્રાય થાય અને રાજ્ય સરકારે સરકારી રાજ્યપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, જેને આ અધિનિયમના હેતુઓ માટે પુરાવસ્તુ તરીકે જાહેર કરેલ હોય તે ચીજ, પદાર્થ અથવા વસ્તુ:

પરંતુ આવી પુરાવસ્તુ ઓછામાં ઓછી એકસો વર્ષથી અસ્તિત્વમાં હોવી જોઇએ.

(૩) "પુરાતત્ત્વ વિષયક અધિકારી" એટલે રાજ્ય સરકાર, આ અધિનિયમના હેતુઓ માટે પુરાતત્ત્વ શાસ્ત્ર અધિકારી તરીકે નિયુકત કરે તેવા અધિકારી,

(૪) "પુરાતત્ત્વીય સ્થળ અને અવશેષો" એટલે જે કોઇ વિસ્તારમાં ઓછામાં ઓછાં એકસો વર્ષથી અસ્તિત્ત્વમાં હોય તેવાં ઐતહાસિક અથવા પુરાતત્ત્વીય અગત્ય ધરાવતાં ખંડેરો અથવા અવશેષો હોય અથવા હોવાનું વાજબી રીતે માનવામાં આવતું હોય તે વિસ્તાર અને તેમાં નીચેનાનો સમાવેશ થાય છે.—

(ક) તેને વાડ કરવા અથવા છાવરી લેવા માટે અથવા અન્ય રીતે તેની જાળવણી માટે જરૂરી હોય તેવાં તે વિસ્તારની નજદીકની જમીનના ભાગનો, અને

(ખ) વિસ્તારમાં આવવા જવા માટેના સાધનનો અને તેની અનુકૂળ તપાસનો.

(૫) "કલેકટર" માં, આ અધિનિયમથી અથવા તે હેઠળ કલેકટરનાં તમામ કાર્યો અથવા તે પૈકી કોઇપણ કાર્ય બજાવવાને રાજ્ય સરકારે અધિકૃત કરેલા કોઇ અધિકારીનો સમાવેશ થાય છે,

(૬) "નિયામક" એટલે રાજ્ય સરકારે, પુરાતત્ત્વશાસ્ત્રના નિયામક તરીકે તે સમયે નીમેલા અધિકારી અને તેમાં આ અધિનિયમથી અથવા તે હેઠળ નિયામકના તમામ અથવા તે પૈકી કોઇ કાર્ય બજાવતા રાજ્ય સરકારે અધિકૃત કરેલા કોઇ અધિકારીનો સમાવેશ થાય છે;

(૭) "જમીન સંપાદન અધિનિયમ" એટલે ગુજરાત રાજ્યમાં અમલમાં હોય તેવો જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪,

(૮) "નિભાવવું" એ સંજ્ઞામાં અને તેના વૈયાકરણિક રૂપાંતરો અને સમૂલીય રૂપોમાં રક્ષિત સ્મારકોને વાડ કરવાનો, તેને છાવરી લેવાનો, તેની મરામત કરવાનો, તેનો જીર્ણોદ્ધાર કરવાનો અને સાફ કરવાનો અને રક્ષિત સ્મારક જાળવવાના અથવા તેમાં આવવા જવાની અનુકૂળ સગવડ કરવા માટે જરૂરી હોય તેવું કોઇપણ કાર્ય કરવાનો સમાવેશ થાય છે,

(૯) "માલિક" માં—

(ક) જે સંયુકત માલિકને પોતાના વતી અને બીજા સંયુકત માલિકોના વતી વ્યવસ્થા કરવાના અધિકારો સોંપ્યા હોય તેવા સંયુકત માલિકનો અને એવા કોઇ માલિકના ઇલાખાના ઉત્તરાધિકારીનો, અને

(ખ) વ્યવસ્થા અંગેની સત્તા વાપરતા કોઇ મેનેજર અથવા ટ્રસ્ટીનો અને એવા કોઇ મેનેજર અથવા ટ્રસ્ટીના હોદ્દાના અનુગામીનો સમાવેશ થાય છે,

(૧૦) "ઠરાવેલું" એટલે, આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું,

(૧૧) "રક્ષિત વિસ્તાર" એટલે જે પુરાતત્ત્વ વિષયક સ્થળ અથવા અવશેષોને આ અધિનિયમથી અથવા તે હેઠળ રક્ષિત વિસ્તાર તરીકે જાહેર કર્યા હોય તેવા કોઇ પુરાતત્ત્વીય સ્થળ અને અવશેષો,

(૧૨) "રક્ષિત સ્મારક" એટલે, જે પ્રાચીન અને ઐતિહાસિક સ્મારક આ અધિનિયમથી અથવા તે હેઠળ રક્ષિત સ્મારક તરીકે ગણ્યા હોય અથવા જાહેર કર્યા હોય તેવાં પ્રાચીન અને ઐતિહાસિક સ્મારક.

## પ્રકરણ ૨

# રક્ષિત સ્મારકો

**અમુક પ્રાચિન અને ઐતિહાસિક સ્મારકોને રક્ષિત સ્મારકો ગણવા બાબત.**

૩. ગુજરાત રાજ્યમાંના જે સઘળાં પ્રાચીન અને ઐતિહાસિક સ્મારકોને આ અધિનિયમની શરૂઆત પહેલાં, સને ૧૯૫૬ના સૌરાષ્ટ્ર પ્રાચીન સ્મારકોની જાળવણી બાબત અધિનિયમથી અથવા તે હેઠળ રક્ષિત સ્મારકો તરીકે જાહેર કર્યા હોય અને સંસદે કરેલા કોઇ કાયદાની રૂએ અથવા તે મુજબ રાષ્ટ્રીય અગત્યનાં હોવાનું જાહેર કર્યું ન હોય તેવાં પ્રાચીન અને ઐતિહાસિક સ્મારકો, આ અધિનિયમના હેતુઓ સારૂ રક્ષિત સ્મારકો છે એમ ગણાશે.

**પ્રાચિન અને ઐતિહાસિક સ્મારકોને રક્ષિત સ્મારકો તરીકે જાહેર કરવાની રાજ્ય સરકારની સત્તા.**

૪. (૧) રાજ્ય સરકારનો એવો અભિપ્રાય થાય કે કલમ-૩માં સમાવિષ્ટ કરેલ ન હોય અને સંસદે કરેલા કોઇ કાયદાથી અથવા તે હેઠળ રાષ્ટ્રીય અગત્યનું હોવાનું જાહેર કરેલું ન હોય તેવું કોઇ પ્રાચીન અને ઐતિહાસિક સ્મારક રક્ષિત સ્મારક હોવું જોઇએ. તે પ્રસંગે તે સરકારી રાજ્યપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, આવાં સ્મારકને રક્ષિત સ્મારક તરીકે જાહેર કરવાના પોતાના ઇરાદાની બે મહિનાની નોટિસ આપી શકશે, અને આવા દરેક જાહેરનામાની એક નકલ સ્મારકની નજીકમાં સહેલાઇથી દેખાઇ આવે તેવા સ્થળે ચોંટાડવી જોઇશે.

(૨) આવા કોઇ સ્મારકના હિત ધરાવતી કોઇ વ્યકિતને તે સ્મારક રક્ષિત સ્મારક તરીકે જાહેર કરવામાં, આવે તે સામે કોઇ વાંધો હોય તો, પેટા-કલમ (૧) હેઠળ જાહેરનામું પ્રસિદ્ધ કર્યાના બે મહિનાની અંદર તે પોતાનો વાંધો લખીને રાજ્ય સરકારને સાદર કરી શકશે.

(૩) સદરહુ બે મહિનાની મુદત પુરી થયેથી, રાજ્ય સરકાર, પેટા-કલમ (૨) હેઠળ મળેલા વાંધા, કોઇ હોય તો તેના પર વિચારણા કર્યા પછી, સરકારી રાજ્યપત્રમાં જાહેરનામા દ્વારા પ્રાચીન અને ઐતિહાસિક સ્મારકને રક્ષિત તરીકે જાહેર કરી શકશે.

(૪) પેટા-કલમ (૩) હેઠળ પ્રસિદ્ધ થયેલ જાહેરનામું, રાજ્ય સરકાર, પાછું ખેંચી લે તે સિવાય અને ત્યાં સુધી, જેને તે જાહેરનામું લાગુ પડતું હોય તેવું પ્રાચીન અને ઐતિહાસિક સ્મારક આ અધિનિયમના હેતુઓ માટે રક્ષિત સ્મારક છે એ હકીકતનો તે જાહેરનામું નિર્ણાયક પુરાવો ગણાશે.

**રક્ષિત સ્મારકમાંના હક્કો પ્રાપ્ત કરવા બાબત.**

૫. (૧) કલેકટર રાજ્ય સરકારની મંજૂરી લઇને, કોઇ રક્ષિત સ્મારક ખરીદી શકશે અથવા પટે લઇ શકશે અથવા તે બક્ષિસ અથવા વસીયત તરીકે સ્વીકારી શકશે.

(૨) રક્ષિત સ્મારકનો કોઇ માલિક ન હોય તે પ્રસંગે કલેકટર સરકારી રાજ્યપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને સ્મારકનું વાલીપણું પોતાના હસ્તક લઇ શકશે.

(૩) કોઇ રક્ષિત સ્મારકનો માલિક, લેખિત ખતથી કલેકટરને સ્મારકના વાલી તરીકે નીમી શકશે અને કલેકટર રાજ્ય સરકારની મંજૂરી લઇને એવા વાલીપણાનો સ્વીકાર કરી શકશે.

(૪) કલેકટરે પેટા-કલમ (૩) હેઠળ રક્ષિત સ્મારકનું વાલીપણું સ્વીકાર્યું હોય ત્યારે આ અધિનિયમમાં સ્પષ્ટ રીતે ઠરાવ્યું હોય તે સિવાય, માલિકને, કલેકટરને રક્ષિત સ્મારકના વાલી તરીકે નીમવામાં આવ્યા ન હોત તો, તે સ્મારકમાં અને તેની ઉપર જે મિલકત-હક, ઇલાખો અને હિત હોત તે જ મિલકત હક ઇલાખો અને હિત રહેશે.

(૫) કલેક્ટરે પેટા-કલમ (૩) હેઠળ રક્ષિત સ્મારકનું વાલીપણું સ્વીકાર્યું હોય ત્યારે કલમ ૬ મુજબ કરવામાં આવેલા કબૂલાતનામાને લગતી આ અધિનિયમની જોગવાઈઓ સદરહુ પેટા-કલમ હેઠળ કરવામાં આવેલા લેખિત ખતને લાગુ પડશે.

(૬) આ કલમમાંના કોઈ મજકૂરથી કોઈ રક્ષિત સ્મારકના પરંપરાગત ધાર્મિક ક્રિયાઓ માટે કરવામાં આવતા ઉપયોગને અસર થશે નહિ.

**કબૂલાતનામું કરીને રક્ષિત સ્મારકની જાળવણી કરવા બાબત.**

૬. (૧) કલેક્ટર રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી લઈને, રક્ષિત સ્મારકના માલિકને, સ્મારકના નિભાવ માટે, નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર રાજ્ય સરકાર સાથે કબૂલાતનામું કરવાની દરખાસ્ત કરી શકશે.

(૨) આ કલમ હેઠળના કોઈ કબૂલાતનામામાં નીચેની તમામ અથવા તે પૈકી કોઈ બાબત માટે જોગવાઈ કરી શકાશે :—

(ક) સ્મારકનો નિભાવ;

(ખ) સ્મારકની સંભાળ અને તેની દેખભાળ કરવા માટે નોકરીમાં રાખવામાં આવે તેવી કોઈ વ્યકિતની ફરજો;

(ગ) (૧) કોઈ હેતુ માટે સ્મારકોનો ઉપયોગ કરવા સંબંધી;

(૨) સ્મારકમાં દાખલ થવા માટે અથવા તેના નિરીક્ષણ માટે કોઈપણ ફી લેવા સંબંધી;

(૩) સ્મારકોનો નાશ કરવા, તેને ખસેડવા, તેમાં ફેરફાર કરવા અથવા તેને વિકૃત કરવા સંબંધી; અથવા

(૪) સ્મારકના સ્થળ પર અથવા તેની નજીકમાં બાંધકામ કરવા સંબંધી;

માલિકના હક ઉપર નિર્બંધન;

(ઘ) લોકોને અથવા તેના કોઈ વર્ગને અથવા માલિકે, નિયામકે, અથવા કલેક્ટરે સ્મારકની તપાસણી અથવા જાળવણી માટે મોકલેલી વ્યકિતઓને જવા આવવા માટેની સગવડ;

(ચ) જે જમીન ઉપર સ્મારક આવેલું હોય તે જમીન અથવા તેની નજીકની કોઈ જમીન વેચવા માટે માલિક દરખાસ્ત કરે ત્યારે રાજ્ય સરકારને નોટિસ આપવા બાબત અને એવી જમીન અથવા એવી જમીનના નિર્દિષ્ટ કરવામાં આવેલા કોઈ ભાગને તેની બજાર કિંમતે ખરીદવાનો રાજ્ય સરકારનો હક અનામત રાખવા બાબત;

(છ) સ્મારકના નિભાવ સંબંધી માલિક અથવા રાજ્ય સરકારે કરેલ કોઈ ખર્ચ આપવા બાબત;

(જ) સ્મારકના નિભાવ સંબંધી રાજ્ય સરકારે કંઈ ખર્ચ કર્યો હોય ત્યારે, સ્મારકના સંબંધમાં રાજ્ય સરકારને જે માલિકી હકો અથવા અન્ય હકો પ્રાપ્ત થવાના હોય તેવા માલિકી હકો અથવા અન્ય હકકો;

(ઝ) કબૂલાતનામા ઉપરથી ઉપસ્થિત થતી કોઈ તકરારનો નિર્ણય કરવા માટે સત્તાધિકારીની નિમણૂક કરવા બાબત; અને

(ટ) સ્મારકના નિભાવ સંબંધી જે કોઈ બાબત માલિક અને રાજ્ય સરકાર વચ્ચે કબૂલાતનામાનો યોગ્ય વિષય થાય તેવી કોઈ બાબત.

(૩) આ કલમ હેઠળ કબૂલાતનામું કરવામાં આવે તે તારીખથી ત્રણ વર્ષ પૂરાં થયા પછી કોઈ સમયે રાજ્ય સરકાર અથવા માલિક બીજા પક્ષકારને છ મહિનાની લેખિત નોટિસ આપીને તે કબૂલાતનામું સમાપ્ત કરી શકશે:

પરંતુ કબૂલાતનામું માલિકે સમાપ્ત કર્યું હોય તે પ્રસંગે કબૂલાતનામું સમાપ્ત થવાની તરત જ પહેલાંના પાંચ વર્ષ દરમિયાન અથવા કબૂલાતનામું એથી ઓછી મુદત સુધી અમલમાં રહયું હોય તો જે મુદત દરમિયાન

કબૂલાતનામું અમલમાં હોય તે મુદત દરમિયાન સ્મારકના નિભાવ માટે રાજ્ય સરકારે કર્યું હોય તે ખર્ચ તેણે રાજ્ય સરકારને ભરી આપવું જોઈશે;

(૪) આ કલમ હેઠળનું કબૂલાતનામું તે જે સ્મારકને લગતું હોય તે સ્મારકના માલિક તરીકે દાવો કરનાર કોઈ વ્યકિતને, જેણે અથવા જેના વતી કબૂલાતનામું કર્યું હોય અથવા કરવામાં આવ્યું હોય તે પક્ષકાર તરફથી, તેની મારફત અથવા તેને અધીન રહીને દાવો કરનાર કોઈ વ્યકિતને બંધનકર્તા થશે.

**અશકત અથવા કબજો ધરાવતા ન હોય તે માલિકો.**

૭. (૧) રક્ષિત સ્મારકનો કોઈ માલિક બાળવયને કારણે અથવા અન્ય અશકતતાને લીધે પોતાની મેળે કામ ન કરી શકે, તો તેના વતી કામ કરવાને કાયદેસર અધિકાર ધરાવતી વ્યકિત કલમ-૬ હેઠળ માલિકને મળેલી સત્તા વાપરી શકશે.

(૨) ગામની મિલકતના સંબંધમાં, મુખી અથવા આવી મિલકતનો વહીવટ કરવાની સત્તા વાપરતા બીજા ગ્રામ અધિકારી કલમ ૬ હેઠળ માલિકને મળેલી સત્તા વાપરી શકશે.

(૩) આ કલમમાં કોઈ મજકૂરથી, કોઈ વ્યકિતને, જે વ્યકિત વતી તે કામ કરતી હોય તે વ્યકિતના જ ધર્મની ન હોવાથી જે રક્ષિત સ્મારકનો અથવા તેના જે ભાગનો ધાર્મિક પૂજા અથવા ધર્મની ક્રિયાઓ માટે અમુક મુદતે ઉપયોગ થતો હોય તે રક્ષિત સ્મારક સંબંધી કબૂલાતનામું કરવાની અથવા કરી આપવાની સત્તા આપવામાં આવે છે એમ ગણાશે નહિ.

**રક્ષિત સ્મારકની મરામત કરવા માટે દેણગીનો ઉપયોગ.**

૮. (૧) રક્ષિત સ્મારકના નિભાવ માટે કલમ ૬ હેઠળ કબૂલાતનામું કરવાની સત્તા ધરાવતો કોઈ માલિક અથવા બીજી વ્યકિત આવું કોઈ કબૂલાતનામું કરવાની ના પાડે અથવા તેમ કરવામાં ચૂક કરે, અને આવા સ્મારકની મરામત કરવાના હેતુ સારુ અથવા અન્ય હેતુઓમાંના એક તરીકે તે હેતુ માટે કોઈ દેણગી કરવામાં આવી હોય તો રાજ્ય સરકાર આવી દેણગી અથવા તેના ભાગનો યોગ્ય રીતે ઉપયોગ કરવા માટે જિલ્લા ન્યાયાધિશની કોર્ટમાં દાવો માંડી શકશે અથવા સ્મારકની મરામતનો અંદાજેલો ખર્ચ એક હજાર રૂપિયા કરતાં વધારે ન હોય તો, જિલ્લા ન્યાયાધીશને તે અર્થે અરજી કરી શકશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળની અરજીની સુનાવણી કરતી વખતે, જિલ્લા ન્યાયાધીશ માલિકને અથવા જે કોઈ વ્યકિતનો પુરાવો લેવાનું તેને જરૂરી જણાય તે વ્યકિતને બોલાવી શકશે અને તેની જુબાની લઈ શકશે અને દેણગી અથવા તેના કોઈ ભાગનો યોગ્ય ઉપયોગ કરવા માટે હુકમ કરી શકશે, અને આવા કોઈ હુકમનો જાણે કે તે દીવાની કોર્ટનું હુકમનામું હોય તે રીતે અમલ કરી શકાશે.

**કબૂલાતનામું કરવામાં ચૂક કરવા અથવા કરવાની ના પાડવા બાબત.**

૯.(૧) રક્ષિત સ્મારકના નિભાવ માટે કલમ ૬ હેઠળ કબૂલાતનામું કરવાની સત્તા ધરાવતો કોઈ માલિક અથવા અન્ય વ્યકિત આવું કબૂલાતનામું કરવાની ના પાડે અથવા તેમ કરવામાં ચૂક કરે તો રાજ્ય સરકાર કલમ ૬ની પેટા કલમ (૨) માં નિર્દિષ્ટ કરેલી તમામ બાબતો પૈકી કોઈ બાબત માટે જોગવાઈ કરતો હુકમ કરી શકશે અને આવો હુકમ માલિકને અથવા આવી અન્ય વ્યકિતને અને માલિક અથવા એવી અન્ય વ્યકિત તરફથી, તેની મારફત અથવા તેને અધીન રહીને સ્મારકના ઈલાખાનો દાવો કરતી દરેક વ્યકિતને બંધનકર્તા થશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરેલા કોઈ હુકમમાં એવી જોગવાઈ કરી હોય કે કબૂલાતનામું કરવાની સત્તા ધરાવતા માલિકે, અથવા અન્ય વ્યકિતએ સ્મારકનો નિભાવ કરવો, તે પ્રસંગે સ્મારકના નિભાવ માટે તમામ વાજબી ખર્ચ રાજ્ય સરકારે આપવાનો રહેશે.

(૩) માલિકને અથવા અન્ય વ્યકિતને સૂચિત હુકમ સામે લેખિત રજૂઆત કરવાની તક આપવામાં આવી હોય તે સિવાય, પેટા-કલમ (૧) મુજબ કોઈ હુકમ કરી શકાશે નહિ.

**કલમ ૬ મુજબના કબૂલાતનામાનું ઉલ્લંઘન કરવાની મનાઈ કરતો હુકમ કરવાની સત્તા.**

૧૦.(૧) કલેકટરને એવી દહેશત લાગે કે રક્ષિત સ્મારકનો માલિક અથવા તેનો ભોગવટો કરનાર કલમ ૬ હેઠળના કબૂલાતનામાની શરતોનું ઉલ્લંઘન કરીને, સ્મારકનો નાશ કરવાનો, તેને ખસેડવાનો, ફેરફારનો, વિકૃત કરવાનો, તેને ભયમાં મૂકવાનો અથવા તેનો ગેરઉપયોગ કરવાનો ઈરાદો રાખે છે, તો કલેકટર માલિકને અથવા ભોગવટો કરનારને લેખિત રજૂઆત કરવાની તક આપ્યા પછી કબૂલાતમાંનું આવું કોઈ ઉલ્લંઘન કરવાની મનાઈ કરતો હુકમ કરી શકશે.

પરંતુ જે પ્રસંગે કલેકટરને એવી ખાતરી થાય કે આવી તક આપવાનું ઈષ્ટ અથવા વ્યવાહાર્ય નથી, તે પ્રસંગે, આવી તક આપવી નહિ અને તે માટેનાં કારણોની લેખિત નોંધ કરવી.

(૨) આ કલમ હેઠળના હુકમથી નારાજ થયેલી કોઈ વ્યકિત ઠરાવવામાં આવે તેવા સમયમાં અને તેવી રીતે રાજ્ય સરકારને અપીલ કરી શકશે, અને રાજ્ય સરકારનો નિર્ણય છેવટનો ગણાશે.

**કબૂલાત-નામાઓનો અમલ.**

૧૧.(૧) જે કોઈ માલિક અથવા અન્ય વ્યકિત કલમ ૬ હેઠળ સ્મારકનો નિભાવ કરવા માટે કબૂલાત-નામાથી બંધાયેલી હોય તે માલિક અથવા અન્ય વ્યકિત કલેકટર, નક્કી કરે તેવા વાજબી સમયની અંદર જે કાર્ય કલેકટરના અભિપ્રાય પ્રમાણે સ્મારકના નિભાવ માટે આવશ્યક હોય તેવું કોઈ કાર્ય કરવાની ના પાડે અથવા કરવામાં ચૂક કરે તો કલેકટર આવું કોઈ કાર્ય કરવાને કોઈ વ્યકિતને અધિકૃત કરી શકાશે. અને માલિક અથવા અન્ય વ્યકિત, આવું કોઈ કાર્ય કરવામાં થતો ખર્ચ આપવાને પાત્ર હોય તે અથવા માલિક કબૂલાતનામા હેઠળ ખર્ચનો જે ભાગ ભરવાને પાત્ર હોય તેટલો ભાગ આપવાને પાત્ર થશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ માલિકે અથવા અન્ય વ્યકિતએ આપવાના ખર્ચની રકમના સંબંધમાં કંઈપણ તકરાર ઉપસ્થિત થાય, તો તે તકરાર રાજ્ય સરકારને લખી મોકલવી રહેશે અને તે સંબંધી રાજ્ય સરકારનો નિર્ણય છેવટનો ગણાશે.

**કેટલાંક વેચાણોમાં કરવામાં આવેલી ખરીદી અને માલિક મારફત દાવો કરનાર વ્યકિત માલિકે કરેલા ખતથી બંધાયેલી ગણાશે.**

૧૨. જે વ્યકિત જમીન મહેસૂલની બાકી માટેના અથવા બીજા કોઈ સરકારી માગણા માટેના વેચાણ વખતે, જે સ્મારકના સંબંધમાં કલમ ૫ અથવા કલમ ૬ હેઠળ તે સમયે હોય તે માલિકે કોઈ ખત કર્યું હોય તે સ્મારક જે જમીન પર આવેલું હોય તે કોઈ જમીન ખરીદે તે દરેક વ્યકિત અને જે માલિકે આવું કોઈપણ ખત કરેલ હોય તે માલિક પાસેથી, તેની મારફત અથવા તેને અધીન રહીને સ્મારકના કોઈ ઈલાખાનો દાવો કરતી વ્યકિત આવા ખતથી બંધાયેલી રહેશે.

**રક્ષિત સ્મારકોનું સંપાદન.**

૧૩. રાજ્ય સરકારને એવી દહેશત લાગે કે રક્ષિત સ્મારક નાશ પામવાનો, તેને નુકસાન થવાનો, તેનો ગેરઉપયોગ થવાનો અથવા તે જર્જરિત થઈ જવાનો ભય છે તો રાજ્ય સરકાર જમીન સંપાદન અધિનિયમની જોગવાઈઓ હેઠળ રક્ષિત સ્મારક, જાણે કે આવા રક્ષિત સ્મારકના નિભાવનું કામ જમીન સંપાદન અધિનિયમના ખર્ચ પ્રમાણે જાહેર હેતુ હોય તેમ, તેનું સંપાદન કરી શકશે.

**કેટલાંક સ્મારકોનાં નિભાવ.**

૧૪.(૧) રાજ્ય સરકારે, કલમ ૧૩ હેઠળ જે સ્મારક સંપાદિત કર્યું હોય અથવા જેના સંબંધમાં કલમ ૫ માં જણાવેલા હકો પૈકી કોઈપણ હક સંપાદિત કર્યો હોય તેવા દરેક સ્મારકનો નિભાવ કરવો રહેશે.

(૨) કલેકટરે કલમ ૫ મુજબ સ્મારકનું વાલીપણું પોતાને હસ્તક લીધું હોય ત્યારે આવું સ્મારક નિભાવવાના હેતુ માટે તથા સ્મારક તપાસવાના હેતુ સારૂ અને તેના નિભાવ માટે તેને આવશ્યક અથવા યોગ્ય જણાય તેવી વસ્તુઓ લાવવાના અને તેવાં કાર્ય કરવાના હેતુ માટે તેને પોતાને અને તેના એજન્ટો, તાબાના અધિકારીઓ અને કારીગરોને તમામ વાજબી સમયે આવ-જા કરવાની છુટ રહેશે.

સ્વૈચ્છિક ફાળો.

૧૫. નિયામક રક્ષિત સ્મારક નિભાવવાના ખર્ચ પેટે સ્વૈચ્છિક ફાળો સ્વીકારી શકશે અને તેને આવી રીતે મળેલા કોઈપણ નાણાંની વ્યવસ્થા કરવા અને ઉપયોગ કરવા માટે હુકમો કરી શકશે.

પરંતુ આ કલમ હેઠળ મળેલા કોઈ ફાળાનો ઉપયોગ જે હેતુ માટે તે ફાળો આપવામાં આવ્યો હોય તે હેતુ સિવાયના અન્ય કોઈ હેતુ માટે કરી શકાશે નહિ.

ગેરઉપયોગ, પ્રદૂષણ અથવા અપવિત્રતાથી પૂજાસ્થાનનું રક્ષણ.

૧૬.(૧) આ અધિનિયમ હેઠળ રાજ્ય સરકાર તરફથી નિભાવવામાં આવતું જે રક્ષિત સ્મારક પૂજા-સ્થાન અથવા ધર્મસ્થાન હોય તે રક્ષિત સ્મારકનો, તેના વિશિષ્ટ સ્વરૂપ સાથે અસંગત હોય તેવા કોઈ હેતુ સારૂ ઉપયોગ કરી શકાશે નહિ.

(૨) રાજ્ય સરકારે કલમ ૧૩ હેઠળ કોઈ રક્ષિત સ્મારક સંપાદિત કર્યું હોય અથવા કલેકટરે કલમ ૫ હેઠળ કોઈ રક્ષિત સ્મારક ખરીદ્યું હોય અથવા પટે લીધું હોય અથવા આવા રક્ષિત સ્મારકનો બક્ષિસ અથવા વસીયત તરીકે સ્વીકાર કર્યો હોય અથવા તેણે તેનું વાલીપણું સ્વીકાર્યું હોય અને આવું સ્મારક અથવા તેના કોઈ ભાગનો કોઈ કોમ, ધાર્મિક પૂજા અથવા ક્રિયા માટે ઉપયોગ કરતી હોય તે પ્રસંગે, કલેકટરે—

(ક) સદરહુ સ્મારક અથવા તેના ભાગનો હવાલો ધરાવતી હોય તેવી અને તે બાબતના સંબંધમાં કંઈપણ ધાર્મિક પ્રથા અથવા તેને સંબંધિત કોઈ ક્રિયા સાથે સંકળાયેલી હોય તે વ્યકિતઓની સહમતીથી ઠરાવેલી શરતો અનુસાર હોય તે સિવાય, જે કોમ સ્મારક અથવા તેના ભાગનો ઉપયોગ કરતી હોય તે કોમના ધાર્મિક રિવાજો અનુસાર તેમાં દાખલ થવાને એવી રીતે હકદાર ન હોય તેવી કોઈ વ્યકિતને તેમાં દાખલ થવાની મનાઈ કરીને અથવા,

(ખ) આ અર્થે તેને આવશ્યક જણાય તેવાં અન્ય પગલાં લઈને.

આવાં સ્મારક અથવા તેના ભાગનું અપવિત્રતા અથવા પ્રદૂષણથી રક્ષણ કરવા માટે યોગ્ય જોગવાઈ કરવી જોઈશે.

સ્થાનિક અગત્યનાં રક્ષિત સ્મારકો સ્થાનિક સત્તામંડળોને સોંપવાની રાજ્ય સરકારની સત્તા.

૧૬-ક. (૧) રાજ્ય સરકાર એક માત્ર માલિક હોય તેવા કોઈ રક્ષિત સ્મારકના સંબંધમાં, રાજ્ય સરકારનો એવો અભિપ્રાય થાય કે તે માત્ર સ્થાનિક અગત્યનું છે અને જાહેર હિતને પ્રતિકૂળ અસર થયા વિના તેની માલિકી, જેની પ્રાદેશિક હકુમતમાં તે આવેલું હોય તે સ્થાનિક સત્તા મંડળને સોંપી શકાશે, તો સરકાર, રાજ્યપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, આવા સ્મારકની માલિકી તે હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે શરતોને અધીન રહીને તે સ્થાનિક સંત્તામંડળને તેની સંમતિથી સોંપી શકશે.

(૨) જેને પેટા-કલમ (૧) હેઠળ, રક્ષિત સ્મારક સોંપવામાં આવ્યું હોય તે સ્થાનિક સત્તામંડળે આવું સ્મારક જાળવવું જોઈશે.

(૩) રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે જેની માલિકી પેટા-કલમ(૧) હેઠળ સ્થાનિક સત્તા મંડળને સોંપી છે તે રક્ષિત સ્મારક, તે સ્થાનિક સત્તામંડળ યોગ્ય રીતે જાળવતું નથી અથવા તે સ્થાનિક સત્તામંડળે પેટા-કલમ (૧) હેઠળ કરેલા હુકમમાં નિર્દિષ્ટ કરેલ શરતો પૈકી કોઈનો ભંગ કર્યો છે અથવા અન્યથા આવા રક્ષિત સ્મારકની માલિકી પાછી લઈ લેવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો રાજ્ય સરકાર માટે તેમ કરવું કાયદેસર ગણાશે.

(૪) સ્થાનિક સત્તામંડળને કોઈ રક્ષિત સ્મારકની માલિકી સોંપવામાં આવે તે છતાં, રાજ્ય સરકાર, આવા રક્ષિત સ્મારકની જાળવણી અને સાચવણી સંબંધમાં પોતાનો વખતોવખત યોગ્ય લાગે તેવા આદેશો આવા સ્થાનિક સત્તામંડળને આપી શકશે અને તે સ્થાનિક સત્તામંડળે તે આદેશોનું પાલન કરવું જોઈશે.

(૫) આ કલમમાંનો કોઇપણ મજકૂર, કલમ ૧૬માં જણાવેલાં વર્ણનવાળા રક્ષિત સ્મારકને લાગુ પડશે નહિ.

સ્પષ્ટીકરણ.—આ કલમમાં "સ્થાનિક સત્તામંડળ" એટલે તે સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા હેઠળ રચાયેલ મ્યુનિસિપલ કોર્પોરેશન નગરપાલિકા અથવા જિલ્લા પંચાયત સન ૧૯૭૮ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૪ થી આ કલમ દાખલ કરી છે.

**રક્ષિત સ્મારકની દર્શનીયતા જાળવવા બાબત.**

૧૭. (૧) રાજ્ય સરકારનો એવો અભિપ્રાય થાય કે કોઇ રક્ષિત સ્મારકની યોગ્ય દર્શનીયતા જાળવી રાખવાના હેતુ માટે તેમ કરવું જરૂરી છે, તો રાજ્ય સરકાર, આ કલમની જોગવાઇઓને અધીન રહીને સરકારી રાજ્યપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, આવા જાહેરનામામાં નિર્દિષ્ટ કર્યું હોય તેવાં સ્મારકનાં સ્થળને સમાવિષ્ટ કરતા અથવા તેવા સ્થળની નજીકનો કોઇ વિસ્તાર (જેનો આમાં હવે પછી "નિયંત્રિત વિસ્તાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ના સંબંધમાં :—

(ક) નિયંત્રિત વિસ્તારમાંની જમીન ઉપર મકાનોનું કે બીજું બાંધકામ કરવાની અથવા એવાં કોઇ મકાનો કે બાંધકામોના બાહ્ય દેખાવને મહત્ત્વની અસર કરે તેવી રીતે તેમાં ફેરફાર કરવાની કે વિસ્તરણ કરવાની મનાઇ કરી શકશે અથવા તેના પર નિયંત્રણ મૂકી શકશે ;

(ખ) નિયંત્રિત વિસ્તારમાંની જમીન ઉપર મકાનો, બાંધકામો અને બીજા કામોના સ્થાન, ઊંચાઇ, કદ, આકૃતિ, સામગ્રી, રંગ અને આડશ ઠરાવી શકશે અને તેના બાહ્ય દેખાવનું અન્ય રીતે નિયમન કરી શકશે,

(ગ) કોઇ સ્થાનિક સત્તાધિકારીને—

(૧) કોઇ રક્ષિત સ્મારક સુધી કોઇ પ્રવેશમાર્ગ બાંધવાનું, અથવા

(૨) તેમાં આવેલું હોય તેવું લોકોની સગવડનું સાધન એટલે કે કોઇ રક્ષિત સ્મારકની નજીક કે તેની નીકટ આવેલ જાજરૂ, મુતરડી, કચરાપેટી, ઉકરડો કે તેના જેવી વસ્તુનો નાશ કરવાનું ફરમાવી શકશે ;

(ઘ) નિયંત્રિત વિસ્તારની અંદરનાં ઝાડો કાપવાની મનાઇ કરી શકશે અથવા તેમ કરવા પર નિયંત્રણ મૂકી શકશે ;

(ચ) રક્ષિત સ્મારકની દર્શનીયતા યોગ્ય રીતે જાળવવાના હેતુ માટે જરૂરી હોય તેટલે સુધી, નિયંત્રિત વિસ્તારની અંદરની જમીનના ઉપયોગ ઉપર બીજી રીતે નિયંત્રણ મૂકી શકશે;

(છ) રાજ્ય સરકારને, જે બાબતો આ કલમની પૂર્વવર્તી જોગવાઇઓને આનુષંગિક કે પારિણામિક હોય એમ લાગે તેવી અથવા તે જોગવાઇઓને અમલમાં લાવવા માટે જરૂરી લાગે તેવી બાબતો માટે જોગવાઇ કરી શકશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ જાહેરનામું કાઢવામાં આવે તેના ઓછામાં ઓછા પિસ્તાળીસ દિવસ પહેલાં, રાજ્ય સરકારે, સરકારી રાજ્યપત્રમાં, નિયંત્રિત વિસ્તારમાં અને જેમાં નિયંત્રિત વિસ્તાર આવેલો હોય તે ગામમાં અને જિલ્લામાંના તાલુકા અથવા મહાલના મુખ્ય મથકમાં જાહેરનામું પ્રસિદ્ધ કરાવવું જોઇશે અને તેમાં જણાવવું જોઇશે કે આવા જાહેરનામાથી અસર થતી હોય તેવી જે વ્યકિતઓ આવું કોઇ જાહેરનામું કાઢવા સામે કોઇ વાંધો ઉઠાવવા માંગતી હોય તેવી તમામ વ્યકિતઓને સરકારી રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ થયાના એક મહિનાની અંદર, અથવા નિયંત્રિત વિસ્તારમાં જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી પંદર દિવસની અંદર, એ બે માંથી જે મુદત મોડી પુરી થાય તે મુદતની અંદર, રાજ્ય સરકારને પોતાના વાંધા લેખિત સાદર કરવાનું અથવા રાજ્ય સરકાર વતી વાંધાઓ સાંભળવા માટે તે અર્થે યોગ્ય રીતે અધિકૃત કરેલા કોઇ અધિકારી સમક્ષ હાજર થવાનું ફરમાવતી નોટિશ સાથે પેટા-કલમ (૧) અનુસાર રાજ્ય સરકાર જાહેરનામું કાઢવા માંગે છે.

(૩) વાંધા રજૂ કરવા માટે પેટા-કલમ (૨) હેઠળ આપેલો સમય પૂરો થાય ત્યાં સુધીમાં, કોઈ વાંધો ઉઠાવવામાં આવ્યો ન હોય તો, રાજ્ય સરકારે પેટા-કલમ (૧) હેઠળ જાહેરનામું કાઢવા તાબડતોબ આગળ વધવું જોઈશે. જો આવો કોઈ વાંધો ઉઠાવવામાં આવ્યો હોય તો, રાજ્ય સરકાર, યથાપ્રસંગ, તમામ વાંધા પર વિચારણા કર્યા પછી અથવા તે સાંભળયાં પછી,—

(ક) પેટા-કલમ (૧) હેઠળ જાહેરનામું કાઢવાની દરખાસ્ત પડતી મૂકી શકશે; અથવા.

(ખ) પોતાને યોગ્ય લાગે તેવા (હોય તે) ફેરફારો સહિત પેટા-કલમ (૧) હેઠળ જાહેરનામું કાઢી શકશે.

(૪) પેટા-કલમ (૧) હેઠળ જાહેરનામું કાઢવાના પ્રશ્ન અંગે રાજ્ય સરકારનો નિર્ણય છેવટનો અને નિર્ણાયક ગણાશે.

(૫) પેટા-કલમ (૧) હેઠળ કોઈ જાહેરનામામાંનો કોઈ મજકૂરની જે તારીખે પેટા-કલમ (૨) હેઠળ આવું જાહેરનામું કાઢવાના ઈરાદાની નોટિસ આપવામાં આવી હોય તે તારીખ પહેલાં જમીન ઉપર કોઈ મકાન, બાંધકામ અથવા અન્ય કામ કરવામાં આવ્યું હોય, ઊભું કરવામાં આવ્યું હોય અથવા તેમાં કંઈપણ ફેરફાર અથવા વધારો કરવામાં આવ્યો હોય તેને અસર થશે નહિ અને આ જોગવાઈઓના હેતુ માટે કોઈ મકાન, બાંધકામ અથવા અન્ય કામ અને તેનો કોઈ ફેરફાર કે વધારો—

(ક) જો તેનું બાંધકામ, સ્થાપન અથવા કામ તે તારીખ પહેલાં શરૂ કરવામાં આવ્યું હોય, અથવા

(ખ) જો અને જેટલે સુધી તે તારીખ પહેલાં કરેલા કરારના પાલન માટે તેનું બાંધકામ, સ્થાપન અથવા કામ જરૂરી હોય તો અને તેટલે સુધી, તો તારીખ પહેલાં બાંધવામાં, ઊભું કરવામાં અથવા કરવામાં આવ્યું હોય એમ ગણાશે.

(૬) પેટા-કલમ (૧) હેઠળ જાહેરનામું અમલમાં આવવાથી જે કોઈ વ્યકિતની મિલકતને નુકસાનકારક અસર થાય તે વ્યકિત, કલમ ૨૭ ની જોગવાઈઓને અધીન રહીને, તેના સંબંધમાં રાજ્ય સરકાર પાસેથી વળતર મેળવવાને હક્કદાર થશે.

**સ્મારકમાંના સરકાર ના હક્કો છોડી દેવા બાબત.**

૧૮. રાજ્ય સરકારની મંજૂરીથી, કલેકટર—

(ક) કોઈપણ વેચાણ, પટા, બક્ષિસ અથવા વસીયતની રૂએ આ અધિનિયમ હેઠળ કોઈ સ્મારકના સંબંધમાં કલેકટરે હક્કો સંપાદિત કર્યા હોય ત્યારે, સરકારી રાજ્યપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, તેવી રીતે સંપાદિત કરેલા હક્કો, જો તેવા હક્કો સંપાદિત કરવામાં આવ્યા ન હોય તો, જે વ્યકિત તે સમયે સ્મારકની માલિક થઈ હોત, તે વ્યકિતની તરફેણમાં છોડી દઈ શકશે; અથવા.

(ખ) જે સ્મારકનું વાલીપણું તેણે આ અધિનિયમ હેઠળ પોતાને હસ્તક લીધુ હોય તે સ્મારકનું વાલીપણું છોડી દઈ શકશે.

**રક્ષિત સ્મારકમાં આવવા જવાનો હક.**

૧૯. આ અધિનિયમ હેઠળ કરેલા કોઈ નિયમોને અધીન રહીને, લોકોને કોઈ રક્ષિત સ્મારકમાં આવવા જવાનો હક રહેશે.

## પ્રકરણ ૩

# રક્ષિત વિસ્તારો

૨૦. (૧) રાજ્ય સરકારનો એવો અભિપ્રાય થાય કે સંસદે કરેલા કોઈ કામદાની રૂએ કે તે હેઠળ રાષ્ટ્રીય અગત્યનાં તરીકે જાહેર કરેલાં ન હોય તેવાં કોઈ પુરાતત્ત્વ વિષયક સ્થળ અને અવશેષો રક્ષિત વિસ્તાર હોવાં જોઈએ ત્યારે, રાજ્ય સરકાર, સરકારી રાજ્યપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને આવા પુરાતત્ત્વ વિષયક સ્થળ અને અવશેષોને રક્ષિત વિસ્તાર તરીકે જાહેર કરવાના પોતાના ઈરાદાની બે મહિનાની નોટિસ આપી શકશે અને આવા દરેક જાહેરનામાની એક નકલ તે સ્થળ અને અવશેષોની નજીકમાં સહેલાઈથી દેખાઈ આવે તેવી જગ્યાએ ચોંટાડવી જોઈશે.

**પુરાતત્ત્વ વિષયક સ્થળો અને અવશેષોને રક્ષિત વિસ્તારો તરીકે જાહેર કરવાની રાજ્ય સરકારની સત્તા.**

(૨) આવાં કોઈ પુરાતત્ત્વ વિષયક સ્થળ અને અવશેષોમાં હિત ધરાવનાર કોઈ વ્યક્તિને, તેને રક્ષિત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે તે સામે કોઈ વાંધો હોય તો તે, પેટા-કલમ (૧) હેઠળ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની અંદર રાજ્ય સરકારને તેનો વાંધો લેખિત સાદર કરી શકશે.

(૩) સદરહુ બે મહિનાની મુદત પૂરી થાય એટલે, રાજ્ય સરકાર, પેટા-કલમ (૨) હેઠળ તેને મળેલા હોય તે વાંધા પર વિચારણા કર્યા પછી, સરકારી રાજ્યપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, પુરાતત્ત્વ વિષયક સ્થળ અને અવશેષોને રક્ષિત વિસ્તાર તરીકે જાહેર કરી શકશે.

(૪) પેટા-કલમ (૩) હેઠળ પ્રસિદ્ધ થયેલું જાહેરનામું, પાછું ખેંચી લેવામાં આવે તે સિવાય અને ત્યાં સુધી, જે પુરાતત્ત્વ વિષયક સ્થળ અને અવશેષો આ અધિનિયમના હેતુઓ માટે રક્ષિત વિસ્તાર છે એ હકીકતનો સદરહુ જાહેરનામું નિર્ણાયક પુરાવો ગણાશે.

૨૧. (૧) રક્ષિત વિસ્તારના માલિક અથવા કબજો ધરાવનાર સહિત કોઈપણ વ્યક્તિથી રક્ષિત વિસ્તારની અંદર કોઈ મકાનનું બાંધકામ કરી શકાશે નહિ અથવા એવા વિસ્તારમાં કોઈ ખાણકામ, પથ્થર ફોડવાનું કામ, ખોદકામ, સુરંગ ફોડવાનું કામ અથવા આવા વિસ્તારનો અથવા તેના કોઈ ભાગનો રાજ્ય સરકારની પરવાનગી સિવાય અન્ય કોઈ રીતે ઉપયોગ કરી શકશે નહિ :

**વિસ્તારોમાં મિલકત સંબંધી હક્કો ભોગવવા પર નિયંત્રણ.**

પરંતુ આવા કોઈ વિસ્તાર અથવા તેના ભાગમાં વાવેતર કરવા માટે જમીનની સપાટીથી ત્રીસ સેન્ટીમીટર કરતાં વધુ ઊંડું ન હોય તેટલું ખોદકામ કરવાનું હોય તો આ પેટા-કલમમાંનો કોઈ મજકૂર આવા વિસ્તાર અથવા તેના ભાગનો આવું વાવેતર કરવાના હેતુ માટે ઉપયોગ કરવાની મનાઈ કરે છે એમ ગણાશે નહીં.

(૨) રાજ્ય સરકાર હુકમથી એમ ફરમાવી શકશે કે પેટા-કલમ (૧) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને રક્ષિત વિસ્તારની અંદર કોઈ વ્યકિતએ બાંધેલું કોઈ મકાન નિર્દિષ્ટ મુદતની અંદર ખસેડી લેવું અને તે વ્યકિત હુકમનું પાલન કરવાની ના પાડે અથવા તેનું પાલન કરવામાં ચૂક કરે, તો કલેકટર તે મકાન દૂર ખસેડાવી શકશે અને તે વ્યકિત તેવી રીતે ખસેડવાનો ખર્ચ આપવાને જવાબદાર થશે.

૨૨. રાજ્ય સરકારનો એવો અભિપ્રાય થાય કે કોઈ રક્ષિત વિસ્તારમાં પ્રાચીન સ્મારક અથવા રસપ્રદ અને કિંમતી પુરાવસ્તુઓ આવેલી છે તો જમીન સંપાદન અધિનિયમની જોગવાઈઓ હેઠળ રાજ્ય સરકાર જાણે કે સંપાદન તે અધિનિયમના અર્થ પ્રમાણે જાહેર હેતુ સારૂ હોય તે રીતે, તેવો વિસ્તાર સંપાદિત કરી શકશે.

**રક્ષિત વિસ્તાર સંપાદન કરવાની સત્તા. સન ૧૯૮૪નો ૧લો.**

---

## પ્રકરણ ૪

# પુરાવસ્તુઓનું રક્ષણ

૨૩. (૧) રાજ્ય સરકારને જાહેર હિતમાં એમ જરૂરી જણાય કે કોઈ પુરાવસ્તુ અથવા પુરાવસ્તુઓનો વર્ગ, જે જગ્યાએ તે હોય ત્યાંથી રાજ્ય સરકારની મંજૂરી સિવાય ખસેડવી જોઈએ નહિ તો રાજ્ય સરકાર સરકારી રાજ્યપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને ફરમાવી શકશે કે આવી કોઈ પુરાવસ્તુ અથવા આવી પુરાવસ્તુઓનો કોઈ વર્ગ, કલેકટરની લેખિત પરવાનગી સિવાય ખસેડવાં નહિ.

**પ્રાચીનકાળની વસ્તુઓની હેરફેર ઉપર નિયંત્રણ રાખવાની રાજ્ય સરકારની સત્તા.**

(૨) પેટા-કલમ (૧) હેઠળની પરવાનગી માટેની દરેક અરજી, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી વિગતોવાળી હોવી જોઈએ.

(૩) પરવાનગી આપવાની ના પાડતા હુકમથી નારાજ થયેલી કોઈ વ્યકિત રાજ્ય સરકારને અપીલ કરી શકશે અને તે અંગેનો રાજ્ય સરકારનો નિર્ણય છેવટનો ગણાશે.

**રાજ્ય સરકારે, પુરાવસ્તુઓ ખરીદવા બાબત.**

૨૪. (૧) રાજ્ય સરકારને એવી દહેશત લાગે કે કલમ ૨૩ની પેટા-કલમ (૧) હેઠળ કાઢેલા જાહેર-નામામાં જણાવેલી કોઇ પુરાવસ્તુનો નાશ થવાનો, તે ખસેડવાનો, તેને નુકસાન થવાનો, તેનો ગેરઉપયોગ થવાનો અથવા તેને જર્જરિત થવા દેવાનો ભય છે અથવા તેનો એવો અભિપ્રાય થાય કે તેની ઐતિહાસિક અથવા પુરાતત્ત્વ વિષયક અગત્યને કારણે, આવી પુરાવસ્તુને જાહેર જગામાં જાળવી રાખવાનું ઇચ્છવા જોગ છે, તો રાજ્ય સરકાર તેવી પુરાવસ્તુ તેની બજાર કિંમતે ફરજિયાત ખરીદી લેવાનો હુકમ કરી શકશે અને તેમ થયે કલેકટરે ખરીદવાની તે પુરાવસ્તુના માલિકને નોટિસ આપવી રહેશે.

(૨) કોઇ પુરાવસ્તુના સંબંધમાં પેટા-કલમ (૧) હેઠળ ફરજિયાત ખરીદીની નોટિસ કાઢવામાં આવે ત્યારે, તેવી પુરાવસ્તુ નોટિસની તારીખથી રાજ્ય સરકારને પ્રાપ્ત થઇ ગણાશે.

(૩) આ કલમથી આપેલી ફરજિયાત ખરીદીની સત્તા કોઇ ખરેખર ધાર્મિક ક્રિયા માટે જ ઉપયોગમાં લેવાતી કોઇ પ્રતિમા અથવા પ્રતીકની બાબતમાં લાગુ પડશે નહિ.

---

## પ્રકરણ ૫

## વળતરના સિદ્ધાંતો

**હાનિ અથવા નુકસાન માટે વળતર.**

૨૫. જમીનનો જે કોઇ માલિક અથવા કબજો ધરાવનારને આવી જમીનમાં કોઇના દાખલ થવાથી અથવા આ અધિનિયમથી મળેલી અન્ય કોઇ સત્તા વાપરવામાં આવી હોવાને કારણે કંઇપણ હાનિ અથવા નુકસાન થયું હોય અથવા જમીનમાંથી થતા નફામાં ઘટાડો થયો હોય તે માલિક અથવા જમીનમાંનો કબજો ધરાવનારને આવી હાનિ, નુકસાન અથવા નફાના ઘટાડા માટે રાજ્ય સરકારે વળતર આપવું જોઇશે.

**બજાર કિંમત અથવા વળતરની આકારણી.**

૨૬. (૧) જે કોઇ મિલકત રાજ્ય સરકારને આ અધિનિયમ હેઠળ બજાર કિંમતે ખરીદવાની સત્તા હોય તે મિલકતની તેવી બજાર કિંમત અથવા આ અધિનિયમ હેઠળ કરેલા કોઇ કાર્યના સંબંધમાં, રાજ્ય સરકારે, આપવાનું વળતર જે પ્રસંગે આવી બજાર કિંમત અથવા વળતરના સંબંધમાં કંઇપણ તકરાર, ઉપસ્થિત થાય ત્યારે "જમીન સંપાદન અધિનિયમ" ની કલમો ૩, ૫, ૮ થી ૩૪, ૪૫ થી ૪૭ ૫૧ અને ૫૨ જેટલે સુધી લાગુ પાડી શકાય તેટલે સુધી તે કલમોમાં ઠરાવેલી રીતે નક્કી કરવા રહેશે.

પરંતુ સદરહુ "જમીન સંપાદન અધિનિયમ " હેઠળ તપાસ કરતી વખતે કલેકટરની મદદમાં બે એસેસરો રહેશે, જેમાંનો એક રાજ્ય સરકારે નીમેલી વ્યકિત હોવી જોઇએ અને એક માલિકે નીમેલી અથવા કલેકટર આ અર્થે નક્કી કરે તેવા વાજબી સમયની અંદર માલિક એસેસર ન નીમે તે પ્રસંગે કલેકટરે નીમેલી વ્યકિત હોવી જોઇએ.

(૨) પેટ-કલમ (૧) માં અથવા "જમીન સંપાદન અધિનિયમ" માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, જે પુરાવસ્તુના સંબંધમાં કલમ ૨૪ની પેટા-કલમ (૧) મુજબ ફરજિયાત ખરીદી માટે હુકમ કરવામાં આવ્યો હોય તે કોઇપણ પુરાવસ્તુની બજાર કિંમત નક્કી કરતી વખતે પુરાવસ્તુની ઐતિહાસિક અથવા પુરાતત્ત્વીય અગત્યને કારણે તેની કિંમતમાં થયેલો કોઇ વધારો ધ્યાનમાં લેવાશે નહિ.

**કલમ ૧૭ હેઠળ વળતર સંબંધી ખાસ જોગવાઇ.**

૨૭. (૧) જે તારીખે કલમ ૧૭ની પેટા-કલમ (૧) હેઠળ કાઢેલું જાહેરનામું અમલમાં આવે તે તારીખથી ત્રણ મહિનાની અંદર અથવા ખાસ સંજોગોમાં રાજ્ય સરકાર છૂટ આપે તેવા વધુ સમયની અંદર રાજ્ય સરકાર ઠરાવે તેવી રીતે વળતર માટે કોઇ વ્યકિત માંગણી કરે તે સિવાય, કલમ ૧૭ની પેટા-કલમ (૧) મુજબ વળતર મેળવવાને હક્કદાર થશે નહિ.

(૨) કોઈપણ વ્યકિતએ કરેલું કે કરાવેલું કોઈ કાર્ય અથવા વસ્તુ પેટા-કલમ (૧) માં ઉલ્લેખેલ જાહેરનામું જે તારીખે કાઢવામાં આવ્યું હોય તે તારીખ પછી જો કરવામાં આવ્યાં હોય તો અથવા જેટલે સુધી કરવામાં આવ્યાં હોય તેટલે સુધી તે જાહેરનામાથી તે કાર્ય અથવા વસ્તુ નિરર્થક થયાં છે તે હકીકતને કારણે અથવા તે તારીખ પછી તેણે કરેલા કોઈ કરારનું પાલન કરવાની તે જાહેરનામાને લીધે મનાઈ થઈ છે એ હકીકતને કારણે તે વ્યકિત વળતર મેળવવાને હકદાર થશે નહિ.

(૩) આવા જાહેરનામાની કોઈ જોગવાઈ સદરહુ જાહેરનામું અમલમાં આવ્યાની તરતજ પહેલાં બીજા કોઈ અધિનિયમની રૂએ અગાઉ અમલમાં હોય તે પ્રસંગે, તે જોગવાઈથી કોઈ મિલકતને નુકસાન થયું હોવાને કારણે કંઈપણ વળતર, જો જોગવાઈનો જાહેરનામામાં સમાવેશ કરવામાં આવે તે પહેલાં આવી જોગવાઈ મુજબ ચૂકવવામાં આવ્યું હોય અથવા માગી શકાયું હોત અથવા તે આપવાપાત્ર ન હતું તો, આવું વળતર આપવા જોગ થશે નહિ.

વધારાના દંડની શિક્ષા થશે અને કોર્ટ નક્કી કરે તેવી મુદત પુરી થયા પછી પણ આવું ઉલ્લંઘન ચાલુ હોય તો, રાજ્ય સરકારને તદ્‌ઉપરાંત મકાન કે બાંધકામ જાહેરનામાની જોગવાઈ અનુસાર ન હોય તેટલો ભાગ દૂર કરવા માટે જે કાર્યો કરવાનું તેના અભિપ્રાય પ્રમાણે જરૂરી લાગે તે તમામ કાર્ય કરવાની સત્તા રહેશે અને રાજ્ય સરકારે કરેલ કોઈ ખર્ચ, દોષિત કરેલી વ્યકિત પાસેથી જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકાશે.

(૩) જે કોઈ વ્યકિત કલમ ૨૩ ની પેટા-કલમ (૧) હેઠળ કાઢેલ જાહેરનામાનું ઉલ્લંઘન કરીને કોઈ પુરાવસ્તુ ખસેડે, તેને દોષિત ઠર્યે પાંચ હજાર સુધીના દંડની શિક્ષા થશે; અન કોઈ વ્યકિતને આવા કોઈ ઉલ્લંઘન બદલ દોષિત ઠરાવનાર કોર્ટ હુકમ કાઢીને આવી વ્યકિતને જે સ્થળેથી પુરાવસ્તુ ખસેડવામાં આવી હતી તે સ્થળે પાછી મૂકવાનો આદેશ કરી શકશે.

**ગુનાઓની ઈન્સાફી કાર્યવાહી કરવા માટેની હકૂમત.**

૩૨. પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટની કોર્ટ કરતાં નીચલા દરજ્જાની હોય તેવી કોઈ કોર્ટથી આ અધિનિયમ હેઠળના કોઈ ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી કરી શકાશે નહિ.

**કેટલાક ગુનાઓ પોલીસ અધિકારના ગણાશે.**

૩૩. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮માં ગમે તે મજકૂર હોય તે છતાં, કલમ ૩૧ની પેટા-કલમ (૧) ના ખંડ (૧) અથવા ખંડ (૩) હેઠળનો કોઈ ગુનો તે અધિનિયમના અર્થ મુજબ પોલીસ અધિકારનો ગુનો છે એમ ગણાશે. **સને ૧૮-૯૮નો ૫મો.**

**દંડ સંબંધી ખાસ જોગવાઈ**

૩૪. "ફોજદારી કાર્યરીતિ અધિનિયમ"ની કલમ ૩૨માં ગમે તે મજકૂર હોય તે છતાં, આ અર્થે રાજ્ય સરકારે ખાસ સત્તા આપી હોય તેવા પ્રથમ વર્ગના કોઈ મેજિસ્ટ્રેટ અને પ્રેસિડેન્સી મેજિસ્ટ્રેટની સત્તા વાપરતા હોય તેવા કોઈ મેજિસ્ટ્રેટ જે ગુનો આ અધિનિતમ હેઠળ બે હજાર રૂપિયા કરતાં વધારે દંડની શિક્ષા થઈ શકે તેવો હોય તે ગુના માટે દોષિત ઠરાવેલી કોઈ વ્યકિતને બે હજાર રૂપિયા કરતાં વધારે દંડની સજા ફરમાવે તો તે કાયદેસર ગણાશે.

**સરકારની લેણી થતી રકમની વસૂલાત.**

૩૫. આ અધિનિયમ હેઠળ કોઈ વ્યકિત પાસે રાજ્ય સરકારની લેણી થતી કોઈ રકમ નિયામકે અથવા આ અર્થે રાજ્ય સરકારે અધિકૃત કરેલ અધિકારીએ કાઢી આપેલા પ્રમાણપત્ર ઉપરથી જમીન મહેસૂલ બાકી તરીકે વસૂલ કરી શકાશે.

**રક્ષિત સ્મારકો અને વિસ્તારો ગણતાં હોવાનું બંધ થયાં હોય તેવાં સ્મારકો અને સ્થળો.**

૩૬. રાજ્ય સરકારનો એવો અભિપ્રાય થાય કે રક્ષિત સ્મારક અથવા રક્ષિત વિસ્તાર તરીકે જાહેર કરેલ કોઈ પ્રાચીન અને ઐતિહાસિક સ્મારક અથવા પુરાતત્ત્વીય સ્થળ અને અવશેષો એવા સ્મારક કે વિસ્તાર તરીકે હોતાં બંધ થવાં જોઈએ તો તે (રાજ્ય સરકાર) સરકારી રાજ્યપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને એવું જાહેર કરી શકશે કે તે પ્રાચીન અને ઐતિહાસિક સ્મારક અથવા પુરાતત્વીય સ્થળ અને અવશેષો રક્ષિત સ્મારક અથવા રક્ષિત વિસ્તાર તરીકે હોતાં બંધ થયા છે અને તેમ થયે આવું સ્મારક અથવા વિસ્તાર આ અધિનિયમના હેતુઓ સારૂ રક્ષિત સ્મારક અથવા રક્ષિત વિસ્તાર હોતાં બંધ થશે.

**ભૂલો વગેરે સુધારવાની સત્તા.**

૩૭. આ અધિનિયમ અથવા તે રક્ષિત સ્મારક અથવા રક્ષિત વિસ્તાર તરીકે જાહેર કરેલા કોઈ પ્રાચીન અને ઐતિહાસિક સ્મારક અથવા પુરાતત્ત્વીય સ્થળ અને અવશેષોની વર્ણનમાં થયેલાં કોઈપણ લેખનદોષ સ્પષ્ટ દેખાતી ભૂલ કે આકસ્મિક ચૂક અથવા કસૂરમાંથી ઉપસ્થિત થતી કોઈપણ ભૂલ, કોઇ સમયે સરકારી રાજ્યપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને રાજ્ય સરકાર સુધારી શકશે.

**આઅધિનિયમ હેઠળ લીધેલાં પગલાંને રક્ષણ.**

૩૮. આ અધિનિયમથી મળેલી કોઈ સત્તા વાપરીને કરેલા અથવા શુદ્ધબુદ્ધિથી કરવા ધારેલા કોઈ કાર્યના સંબંધમાં કોઈ રાજ્ય સેવક સામે વળતર માટેનો કોઈ દાવો તેમજ કોઈ ફોજદારી કાર્યવાહી માંડી શકાશે નહિ.

**નિયમો કરવાની સત્તા.**

૩૯. (૧) રાજ્ય સરકાર સરકારી રાજ્યપત્રમાં જાહેરનામું બહાર પાડીને અને તે પૂર્વે પ્રસિદ્ધિની શરતને અધીન રહીને, આ અધિનિયમના હેતુઓ સિદ્ધ કરવા સારૂ નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા નિયમોમાં નીચેની તમામ બાબતો અથવા તે પૈકી કોઈ બાબત માટે જોગવાઈ કરી શકાશે.

(ક) રક્ષિત સ્મારકની નજીક ખાણકામ, પથ્થર ફોડવાનું કામ, ખોદકામ, સુરંગ ફોડીને તોડવાનું કામ, અથવા તેના જેવું બીજું કોઈ કામકાજ કરવા અથવા આવા સ્મારકની નજીકની જમીન પર મકાનો બાંધવાની મનાઈ કરવા અથવા લાઈસન્સથી અથવા અન્ય રીતે તેનું નિયમન કરવા બાબત અને અનધિકૃ મકાનો ખસેડવા બાબત ;

(ખ) રક્ષિત સ્મારકમાં લોકોના આવવા જવાના હક બાબત અને તે માટે કંઈ ફી લેવાની હોય તો તે બાબત;

(ગ) કલમ ૨૧ અથવા કલમ ૨૩ હેઠળ પરવાનગી માટેની અરજીઓ કયા નમૂના પ્રમાણે કરી શકાય અને તેમાં કઈ વિગતો હોવી જોઈએ તે બાબત;

(ઘ) આ અધિનિયમ હેઠળ કરવાની અપીલોના નમૂના અને રીત બાબત અને તે કેટલા સમયની અંદર કરવી તે બાબત;

(ચ) આ અધિનિયમ હેઠળ કોઈ હુકમ અથવા નોટિસ બજાવવાની રીત બાબત;

(છ) રાજ્ય સલાહકાર બોર્ડની રચના, તેના સભ્યોની પદાવધિ અને તેની કાર્યરીતિ બાબત અને તેના સભ્યોને આપવાપાત્ર મુસાફરી ભથ્થાં બાબત;

(જ) આ અધિનિયમ હેઠળ ઠરાવવાની હોય અથવા ઠરાવવા દેવામાં આવેલ હોય તેવી અન્ય કોઈ બાબત.

(૩) આ કલમ મુજબ કરેલા કોઈ નિયમમાં એવું ઠરાવી શકાશે કે તેનો ભંગ કરવાથી—

(૧) પેટા-કલમ (૨) ના ખંડ (ક) ની બાબતમાં કરેલા કોઈ નિયમની બાબતમાં, ત્રણ મહિના સુધીની કેદની શિક્ષા અથવા પાંચ હજાર રૂપિયા સુધીની દંડની શિક્ષા અથવા તે બંને શિક્ષા;

(૨) પેટા-કલમ (૨)ના ખંડ (ખ)ની બાબતમાં કરેલા કોઇ નિયમની બાબતમાં, પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થઇ શકશે.

(૪) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી જેમ બને તેમ જલ્દી ત્રીસ દિવસથી ઓછી ન હોય તેટલી મુદત માટે રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈશે અને જે બેઠકમાં તે એવી રીતે મૂકવામાં આવ્યા હોય તે બેઠક દરમિયાન અથવા ત્યાર પછીની તરતની બેઠક દરમિયાન રાજ્ય વિધાનમંડળ તે રદ કરે અથવા રાજ્ય વિધાનમંડળ તેમાં ફેરફારો કરે તે બાબતને આધીન રહેશે.

(૫) રાજ્ય વિધાનમંડળે એવી રીતે રદ કરેલ અથવા ફેરફારને રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થશે તે અમલી બનશે.

**બીજા કેટલાક કાયદાઓ લાગુ પાડવાને બાધ આવશે નહિ.**

૪૦. સ્પષ્ટ રીતે ઠરાવ્યું હોય તે સિવાય, આ અધિનિયમની જોગવાઇઓ, ભારતના સંવિધાનની સાતમી અનુસૂચિમાં યાદી ૩ની નોંધ ૪૦ સાથે સંબંધ ધરાવે છે તેટલે સુધી સન ૧૯૫૮ના પ્રાચીન સ્મારકો અને પુરાતત્ત્વીય સ્થળો અને અવશેષો બાબતના અધિનિયમના અથવા તે સમયે અમલમાં હોય તેવા તે નોંધને લગતા અન્ય કોઇ કાયદાની જોગવાઇઓ ઉપરાંત રહેશે અને તેનાથી તેનું અલ્પીકરણ થશે નહિ.

**રદ કરવા બાબત તથા અપવાદ.**

૪૧. આ અધિનિયમની શરૂઆતની તારીખથી, નીચેના અધિનિયમો રદ થશે—

**સન ૧૯૦૪ નો ૭ મો.** (૧) ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલે સુધી સંવિધાનની સાતમી અનુસૂચિની યાદી ૩માંની નોંધ ૪૦ સાથે સંબંધ ધરાવતો હોય તેટલે સુધી, સન ૧૯૦૪નો પ્રાચીન સ્મારકોની જાળવણી બાબતનો અધિનિયમ, અને

**સન ૧૯૫૬ નો સૌરાષ્ટ્ર નો ૩ જો.** (૨) સને ૧૯૫૬નો સૌરાષ્ટ્ર પ્રાચીન સ્મારકોની જાળવણી બાબતનો અધિનિયમ:

પરંતુ એવી રીતે અધિનિયમો રદ થવાથી—

(ક) એવી રીતે રદ થયેલા કોઇ અધિનિયમના અગાઉ થયેલા અમલને અસર થશે નહિ.

(ખ) એવી રીતે રદ થયેલા કોઇ અધિનિયમ હેઠળ સંપાદિત કરેલ કોઇ હક, પ્રાપ્ત થયેલ વિશેષાધિકાર અથવા માથે લીધેલા જુમ્મેદારી અથવા જવાબદારીને અસર પડશે નહિ.

(ગ) એવી રીતે રદ થયેલા કોઇ અધિનિયમ વિરૂદ્ધ કરેલા કોઇ ગુનાના સંબંધમાં થયેલ કોઇ દંડ, જપ્તી અથવા સજાને અસર થશે નહિ.

(ઘ) ઉપર્યુકત કોઇ હક, વિશેષાધિકાર, જુમ્મેદારી, જવાબદારી, દંડ, જપ્તી અથવા સજાના સંબંધમાં કોઇ તપાસ, કાયદેસરની કાર્યવાહી અથવા ઇલાજને અસર થશે નહિ.

અને જાણે કે આ અધિનિયમ અમલમાં આવ્યો ન હોય તેમ આવી કોઈ તપાસ, કાયદેસરની કાર્યવાહી અથવા ઈલાજ માંડી શકાશે, ચાલુ રાખી શકાશે અથવા તેનો અમલ કરી શકાશે અને આવો કોઈ દંડ, જપ્તી અથવા સજા કરી શકાશે;

વધુમાં, અગાઉના પરંતુક અને કલમ ૩ને અધીન રહીને એવી રીતે રદ થયેલા કોઈ અધિનિયમ હેઠળ (કરેલ કોઈ નિયુક્તિ અથવા સોંપણી, બહાર પાડેલ જાહેરનામું, જાહેરાત, ફરમાન અથવા હુકમ, ઘડેલ નિયમ અથવા નમૂનો, આપેલ મંજૂરી, પરવાનગી અથવા લાઈસન્સ અથવા કરેલી રજૂઆત સહિત) કરેલું કોઈ કાર્ય અથવા લીધેલું કોઈ પગલું. જેટલે અંશે તે આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેટલે અંશે આ અધિનિયમની તત્સમાન જોગવાઈઓ હેઠળ કરેલું અથવા લીધેલું ગણાશે અને આ અધિનિયમ હેઠળ કરેલા કોઈ કાર્ય કે લીધેલા કોઈ પગલાંથી રદ કરવામાં આવે તે સિવાય અને ત્યાં સુધી તદ્નુસાર અમલમાં ચાલુ રહેશે.

**રાષ્ટ્રીય અગત્યનાં પ્રાચીન સ્મારકો વગેરેને આ અધિનિયમ લાગુ પડશે નહિ. સન ૧૯૫૮ નો ૨૪મો.**

૪૨.(૧) આ અધિનિયમમાંનો કોઈ મજકૂર, સંસદે કરેલા કોઈ કાયદાથી અથવા તે હેઠળ રાષ્ટ્રીય અગત્યનાં હોવાનું જાહેર કરેલ હોય તેવાં પ્રાચીન અને ઐતિહાસિક સ્મારકો અથવા પુરાતત્ત્વીય સ્થળો અને અવશેષોને અથવા જેને સન ૧૯૫૮નો પ્રાચીન સ્મારક અને પુરાતત્ત્વીય સ્થળ અને અવશેષ અધિનિયમ લાગુ પડતો હોય તેવી કોઈ પુરાવસ્તુઓને લાગુ પડશે નહિ.

(૨) જે કોઈ પ્રાચીન અને ઐતિહાસિક સ્મારક અથવા પુરાતત્ત્વીય સ્થળ અને અવશેષો, આ અધિનિયમની જોગવાઈઓની રૂએ કે તે હેઠળ રક્ષિત સ્મારક અથવા રક્ષિત વિસ્તાર હોય તેવા કોઈ પ્રાચીન અને ઐતિહાસિક સ્મારક અથવા કોઈ પુરાતત્ત્વીય સ્થળ અને અવશેષોને સંસદે કરેલા કોઈ કાયદાથી કે તે હેઠળ કોઈ સમયે રાષ્ટ્રીય અગત્યનાં જાહેર કરવામાં આવે તે પ્રસંગે, આ અધિનિયમની જોગવાઈઓ, એવા સ્મારક અથવા વિસ્તારને લાગુ પડતા બંધ થશે; અને તદ્નુસાર, તે આ અધિનિયમના હેતુઓ સારૂ રક્ષિત સ્મારક અથવા વિસ્તા તરીકે હોતાં બંધ થશે.

**સન ૧૯૭૮નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૪**

**[રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૧૯૭૮ ના જાન્યુઆરી મહિનાની ૨૭મી તારીખે "ગુજરાત રાજ્યપત્રમાં" (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો]**

**ગુજરાત પ્રાચીન સ્મારક અને પુરાતત્ત્વીય સ્થળો અને અવશેષો બાબત અધિનિયમ, ૧૯૬૫ સુધારવા બાબત અધિનિયમ.**

આથી ભારતના ગણરાજ્યના અઠ્ઠાવીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:—

**ટૂંકી સંજ્ઞા.**

૧. આ અધિનિયમ "ગુજરાત પ્રાચીન સ્મારક અને પુરાતત્ત્વીય સ્થળ અને અવશેષ (સુધારા) અધિનિયમ, ૧૯૭૭" કહેવાશે.

**સન ૧૯૬૫ નો ગુજરાતનો ૨૫મો.**

**સન ૧૯૬૫ ના ૨૫ મા અધિનિયમમાં નવી કલમ ૧૬-ક, દાખલ કરવા બાબત.**

૨. સન ૧૯૬૫ના ગુજરાત પ્રાચીન સ્મારક અને પુરાતત્ત્વીય સ્થળ અને અવશેષ અધિનિયમમાં, કલમ ૧૬ પછી, નીચેની નવી કલમ દાખલ કરવી.

**સ્થાનિક અગત્યનાં રક્ષિત સ્મારકો સ્થાનિક સત્તામંડળોને સોંપવાની રાજ્ય સરકારની સત્તા.**

"૧૬-ક.(૧) રાજ્ય સરકાર એકમાત્ર માલિક હોય તેવા કોઈ રક્ષિત સ્મારકના સંબંધમાં, રાજ્ય સરકારનો એવો અભિપ્રાય થાય કે તે માત્ર સ્થાનિક અગત્યનું છે અને જાહેર હિતને પ્રતિકૂળ અસર થયા વિના તેની માલિકી, જેની હકૂમતમાં તે આવેલું હોય તે સ્થાનિક સત્તામંડળને સોંપી શકાશે. તો સરકાર, રાજ્યપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, આવા સ્મારકની માલિકી તે હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે શરતોને અધીન રહીને, તે સ્થાનિક સત્તામંડળને તેની સંમતિથી સોંપી શકશે.

(૨) જેને પેટા-કલમ (૧) હેઠળ રક્ષિત સ્મારક સોંપવામાં આવ્યું હોય તે સ્થાનિક સત્તા મંડળે આવું સ્મારક જાળવવું જોઈશે.

(૩) રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે જેની માલિકી પેટા-કલમ (૧) હેઠળ સ્થાનિક સત્તામંડળને સોંપી છે તે રક્ષિત સ્મારક, તે સ્થાનિક સત્તામંડળ યોગ્યરીતે જાળવતું નથી અથવા તે સ્થાનિક સત્તામંડળે પેટા-કલમ (૧) હેઠળ કરેલા હુકમમાં, નિર્દિષ્ટ કરેલ શરતો પૈકી કોઈનો ભંગ કર્યો છે અથવા અન્યથા આવા રક્ષિત સ્મારકની માલિકી પાછી લઈ લેવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો રાજ્ય સરકાર માટે તેમ કરવું કાયદેસર ગણાશે.

(૪) સ્થાનિક સત્તામંડળને કોઈ રક્ષિત સ્મારકની માલિકી સોંપવામાં આવે તે છતાં, રાજ્ય સરકાર, આવા રક્ષિત સ્મારકની જાળવણી અને સાચવણી સંબંધમાં પોતાને વખતોવખત યોગ્ય લાગે તેવા આદેશો આવા સ્થાનિક સત્તામંડળને આપી શકશે અને તે સ્થાનિક સત્તામંડળે તે આદેશોનું પાલન કરવું જોઈશે.

(૫) આ કલમમાંનો કોઈપણ મજકૂર, કલમ ૧૬ માં જણાવેલા વર્ણનવાળા રક્ષિત સ્મારકને લાગુ પડશે નહિ.

સ્પષ્ટીકરણ.—આ કલમમાં, "સ્થાનિક સત્તામંડળ" એટલે તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ રચાયેલ મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકા અથવા જિલ્લા પંચાયત."

---

## શિક્ષણ અને મજૂર વિભાગ

### જાહેરનામું

સચિવાલય, અમદાવાદ, ૧૧મી ડિસેમ્બર, ૧૯૬૭

**ગુજરાત પ્રાચીન સ્મારક અને પુરાતત્ત્વીય સ્થળો અને અવશેષો બાબત અધિનિયમ, ૧૯૬૫.**

ક્રમાંક જીએચ-એસએચ-૧૩૦૪/એમઆઈએસ-૧૦૬૧-૯૩૯૧૪(૧)(૬૭)-એમ.—ગુજરાત પ્રાચીન સ્મારક અને પુરાતત્ત્વીય સ્થળો અને અવશેષો બાબત અધિનિયમ, ૧૯૬૫ (સન ૧૯૬૫ ના ગુજરાતના ૨૫ મા) ની કલમ ૩૯ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી નીચેના નિયમો કરે છે:

---

## પ્રકરણ ૧

## પ્રારંભિક

૧. **ટૂંકી સંજ્ઞા.**—આ નિયમો "ગુજરાત પ્રાચીન સ્મારક અને પુરાતત્ત્વીય સ્થળો અને અવશેષો બાબત નિયમો, ૧૯૬૭" કહેવાશે.

૨. **વ્યાખ્યાઓ.**—આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,—

(ક) 'અધિનિયમ' એટલે ગુજરાત પ્રાચીન સ્મારક અને પુરાતત્ત્વીય સ્થળો અને અવશેષો બાબત અધિનિયમ, ૧૯૬૫ (સન ૧૯૬૫ નો ગુજરાતનો ૨૫ મો);

(ખ) "બોર્ડ" એટલે કલમ ૨૮ ની પેટા-કલમ (૧) હેઠળ રચાયેલું રાજ્ય સલાહકાર બોર્ડ;

(ખ) "બાંધકામ" એટલે કોઈપણ માળખાનું બાંધકામ અને તેમાં વિદ્યમાન મકાનનાં સુધારા વધારાનો સમાવેશ થાય છે;

(ઘ) તેનાં વૈયાકરણીય રૂપાંતરો અને સમૂલીય શબ્દપ્રયોગો સહિત, "નકલ કરવી" એ શબ્દપ્રયોગનો અર્થ ચિત્ર દોરીને અથવા ફોટા પાડીને અથવા લઘુ પ્રતિકૃતિ બનાવીને નકલો તૈયાર કરવી એવો થાય છે અને તેમાં સાઠ મિલિમિટરથી વધારે કદની ન હોય તેટલી ફિલ્મો લઈ શકે તેવા અને સ્ટેન્ડનો ઉપયોગ કરવો પડે તેમ ન હોય તેવા અથવા તેને માટે અગાઉથી કોઈ ખાસ વ્યવસ્થા કરવી પડતી ન હોય તેવા હાથ વડે સંભાળી શકાય તેવા કેમેરાની મદદથી સિનેમેટોગ્રાફ ફિલ્મ તૈયાર કરવાનો સમાવેશ થાય છે;

(ચ) તેનાં વૈયાકરણીય રૂપાંતરો અને સમૂલીય શબ્દપ્રયોગો સહિત "ફિલ્મ પાડવી" એ શબ્દપ્રયોગનો અર્થ આઠ મિલિમિટરથી વધારે કદની ફિલ્મો લઈ શકે તેમ હોય અને જેને સ્ટેન્ડની જરૂર હોય અથવા જેને માટે અગાઉથી ખાસ અન્ય વ્યવસ્થા કરવી પડતી હોય તેવા કેમેરાની મદદથી સિનેમેટોગ્રાફ ફિલ્મ તૈયાર કરવી એવો થાય છે;

(છ) "નમૂનો" એટલે અનુસૂચિમાં જણાવેલ નમૂનો ;

(જ) "ખાણકામ" એટલે ખનીજો શોધવા અથવા મેળવવાના હેતુ માટેનું કોઈ કામકાજ અને તેમાં પથ્થરો કાઢવા, ખોદી કાઢવા, સુરંગ ફોડવી અને તેના જેવા કામકાજનો સમાવેશ થાય છે;

(ઝ) "પ્રતિબંધિત વિસ્તાર" અથવા "નિયંત્રિત વિસ્તાર" એટલે રક્ષિત સ્મારકની નજીક અથવા તેની લગોલગ આવેલો એવો વિસ્તાર, જેને રાજ્ય સરકારે ખાણકામ અથવા બાંધકામ અથવા તે બંનેના હેતુ માટે સરકારી રાજ્યપત્રમાં જાહેરનામા દ્વારા, યથાપ્રસંગ, પ્રતિબંધિત વિસ્તાર અથવા નિયંત્રિત વિસ્તાર તરીકે જાહેર કરેલ હોય ;

(ટ) "અનુસૂચિ" એટલે આ નિયમો સાથે જોડેલી અનુસૂચિ ; અને

(ઠ) "કલમ" એટલે અધિનિયમની કલમ;

(ડ) આમાં હવે પછી વાપરવામાં આવેલા પણ આ નિયમોમાં વ્યાખ્યા આપવામાં આવી ન હોય તેવા શબ્દો અને શબ્દપ્રયોગના અર્થ, તેમનો અધિનિયમમાં જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

---

## પ્રકરણ ૨

## રક્ષિત સ્મારકોમાં આવાગમન

**૩. કબૂલાતનામું સ્મારકને લાગુ પડવા બાબત.**—(૧) કલમ ૬ હેઠળ માલિક અને સરકાર વચ્ચે જેના સંબંધમાં કબૂલાતનામું થયું હોય અથવા કલમ ૮ હેઠળ જિલ્લા ન્યાયાધિશે અથવા કલમ ૯ હેઠળ રાજ્ય સરકારે જેના સંબંધમાં હુકમ કર્યો હોય તેવા રક્ષિત સ્મારકમાંના આવાગમનને યથાપ્રસંગ, કબૂલાતનામા અથવા હુકમની જોગવાઈઓ લાગુ પડશે અને નિયમો ૪, ૫ અથવા ૬માંના કોઈ મજકૂરની આવા કોઈ કબૂલાતનામા અથવા હુકમને અસર થાય છે એમ અર્થ થશે નહિ.

(૨) આવા દરેક કબૂલાતનામા અથવા હુકમથી સંબંધિત જોગવાઈઓની નકલ, સંબંધિત સ્મારકના સહેલાઈથી દેખાઈ આવે તેવા ભાગ પર પ્રદર્શિત કરવી જોઈશે.

**૪. સ્મારકના અમુક ભાગો ખુલ્લાં ન રાખવા બાબત**—નિયામક, હુકમથી, આદેશ કરી શકશે કે, રક્ષિત સ્મારકનો કોઈ ખાસ ભાગ, આવા ભાગમાં ફરજ પર હોય તેવા પુરાતત્વીય અધિકારી, તેના એજન્ટ, તાબાની વ્યકિતઓ અને કામદારો સિવાયની અન્ય કોઈ વ્યકિત માટે હંમેશને માટે અથવા નિર્દિષ્ટ મુદત માટે ખુલ્લો રાખવામાં નહિ આવે.

**૫. સ્મારકો ક્યારે ખુલ્લાં રાખવાં.**—(૧) કોઈપણ રક્ષિત સ્મારકો માત્ર કોઈ ખાસ સમય દરમિયાન ખુલ્લાં રાખવાનું ધાર્યું હોય તો, આવાં સ્મારકો અને તે કયા સમય દરમિયાન ખુલ્લાં રાખવા તે નિર્દિષ્ટ કરતી નોટિસ સરકારી રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરાવવી જોઈશે. જે રક્ષિત સ્મારકોની બાબતમાં આવો નિર્દેશ કરવામાં આવ્યો ન હોય તેમજ જેને નિયમ ૩ અથવા નિયમ ૪ લાગુ પડતા ન હોય તેવાં તમામ રક્ષિત સ્મારકો સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી ખુલ્લાં રાખવાં જોઈશે :

પરંતુ પુરાતત્ત્વીય અધિકારી, સ્મારકના સહેલાઈથી દેખાઈ આવે તેવા ભાગમાં નોટિસ પ્રદર્શિત કરીને ફરમાવી શકશે કે રક્ષિત સ્મારક અથવા તેનો ભાગ નોટિસમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી મુદતો માટે ટૂંક સમય માટે બંધ કરવામાં આવશે.

(૨) રક્ષિત સ્મારકમાં ફરજ પર હોય તેવા પુરાતત્ત્વીય અધિકારી, તેના એજન્ટ, તાબાની વ્યકિતઓ અને કામદારોને અથવા કોઈ અન્ય સરકારી નોકરને, આ નિયમનો કોઈપણ મજકૂર લાગુ પડશે નહિ.

**૬. સ્મારકોમાં સભા વગેરે રાખવા બાબત.**—(૧) રાજ્ય સરકારે આપેલી લેખિત પરવાનગી હેઠળ અને તે અનુસાર હોય તે સિવાય, કોઈ સભા, સત્કાર સમારંભ, પાર્ટી, સંમેલન અથવા મનોરંજન કાર્યક્રમ રાખવા માટે કોઈ રક્ષિત સ્મારકનો ઉપયોગ કરી શકાશે નહિ.

(૨) પેટા-નિયમ (૧) માંનો કોઈ મજકૂર કોઈ માન્ય કરેલ ધાર્મિક રિવાજ અથવા રૂઢિ અનુસાર રાખવામાં આવેલ હોય તેવી કોઈ સભા, સત્કાર સમારંભ, પાર્ટી, સંમેલન અથવા મનોરંજન કાર્યક્રમને લાગુ પડશે નહિ.

**૭. સ્મારકોમાં અમુક કાર્યો કરવા ઉપર પ્રતિબંધ.**—રક્ષિત સ્મારકમાં કોઈ વ્યકિતથી,—

(ક) સ્મારકના કોઇ ભાગને નુકસાન અથવા હાનિ થાય અથવા થવાનો સંભવ હોય તેવું કોઇ કાર્ય કરી શકશે નહીં, અથવા

(ખ) બંદૂક જેવાં શસ્ત્ર ફોડી શકાશે નહીં, અથવા

(ગ) તે હેતુ માટે વાપરવાની પરવાનગી આપી હોય તે વિસ્તારોમાં હોય તે સિવાય અન્ય વિસ્તારમાં ખોરાક રાંધી શકાશે નહિ અથવા જમી શકાશે નહિ, અથવા

(ઘ) પુરાતત્વીય અધિકારીએ આપેલા અધિકાર હેઠળ અથવા તેણે આપેલા લાઈસન્સની શરતો હેઠળ અને તે અનુસાર હોય તે સિવાય, નાણાંના રૂપમાં અવેજ લઈને કોઈ માલ અથવા ચીજવસ્તુઓની ફેરી કરી શકાશે નહિ અથવા તે વેચી શકાશે નહિ અથવા આવા માલ અથવા ચીજવસ્તુઓનો ઘરાક મેળવવા પ્રચાર કરી શકાશે નહિ અથવા કોઈ રૂપમાં કોઈ જાહેર ખબર, પ્રદર્શિત કરી શકાશે નહિ અથવા એવો અવેજ લઈને મુલાકાતીને તે સ્થાનમાં ફેરવી શકાશે નહિ, અથવા

(ચ) ભિક્ષા માંગી શકાશે નહિ, અથવા

(છ) સ્મારકને લાગુ પડતી અથવા તેમાં પાલન થતું હોય તેવી કોઈ પ્રથા, રિવાજ અથવા રૂઢિનું ઉલ્લંઘન કરી શકાશે નહિ, અથવા

(જ) સ્મારકના નિભાવના હેતુ માટે હોય તે સિવાય અન્ય કોઈ હેતુ માટે —

(૧) કોઈ પશુ લાવી શકાશે નહિ, અથવા

(૨) વાહન પાર્ક કરવા માટે અનામત રાખેલા વિસ્તારોમાં હોય તે સિવાય કોઈ વાહન લાવી શકાશે નહિ.

૮. **શિક્ષા.**—જે કોઈ વ્યક્તિ—

(૧) આ નિયમો હેઠળ કોઈ રક્ષિત સ્મારક ખુલ્લું રાખવાનું ન હોય તે સમયે, તેવા રક્ષિત સ્મારક અથવા તેના ભાગમાં ગેરકાયદેસર રીતે પ્રવેશે;

અથવા

(૨) જે સ્મારકના સંબંધમાં નિયમ ૪ હેઠળ હુકમ કરવામાં આવ્યો હોય અથવા નિયમ ૫ હેઠળ નોટીસ પ્રસિદ્ધ કરવામાં આવી હોય તે રક્ષિત સ્મારકમાં ગેરકાયદેસર રીતે પ્રવેશે,

અથવા

(૩) નિયમ ૬ હેઠળ અથવા નિયમ ૭ ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તે—

પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

---

પ્રકરણ ૩

## પ્રતિબંધિત વિસ્તારોમાં બાંધકામ અને ખાણકામ બાબત

૯. **બાંધકામ વગેરે માટે કલમ ૨૧ની હેઠળ પરવાનગી માટેની અરજી.**—કલમ ૨૧ની પેટા-કલમ (૧) હેઠળ રાજ્ય સરકારે પરવાનગી માટેની દરેક અરજી જેને માટે પરવાનગી જરૂરી હોય તેવા, યથાપ્રસંગ, બાંધકામ અથવા ખાણકામની શરૂઆતની તારીખના ઓછામાં ઓછા ત્રણ મહિના પહેલાં નમૂના ૧માં કરવી જોઈશે.

૧૦. **શિક્ષા.**—જે કોઈ વ્યક્તિ કોઈ રક્ષિત વિસ્તારમાં કોઈ બાંધકામ અથવા ખાણકામ ગેરકાયદેસર રીતે હાથ ધરે તે પાંચ હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

---

પ્રકરણ ૪

## અમુક વિસ્તારોમાંથી પુરાવસ્તુઓ ખસેડવા બાબત

૧૧. **પુરાવસ્તુઓ ખસેડવા માટેની અરજી.**—કલમ ૨૩ની પેટા-કલમ (૧) હેઠળ જેના સંબંધમાં, જાહેરનામું કાઢવામાં આવ્યું હોય તે પુરાવસ્તુઓ અથવા પુરાવસ્તુઓના કોઈ વર્ગ ખસેડવા માટેની પરવાનગીની દરેક અરજી, તે ખસેડવાની સૂચિત તારીખના ઓછામાં ઓછા ત્રણ મહીના પહેલાં કલેક્ટરને નમૂના ૨માં કરવી જોઈશે.

**૧૨. પરવાનગી આપવા અથવા આપવાની ના પાડવા બાબત.**—નિયમ ૧૧ હેઠળની અરજી મળતાં કલેક્ટર, પુરાતત્વ નિયામકની સાથે વિચારણા કર્યા પછી અને તેને જરૂરી લાગે તેવી તપાસ કર્યા પછી, તમામ અથવા કોઇપણ પુરાવસ્તુ ખસેડવાની પરવાનગી આપી શકશે અથવા ના પાડવા માટેનાં કારણો નોંધીને તેવી પરવાનગી આપવાની ના પાડી શકશે.

---

પ્રકરણ ૫

## રક્ષિત સ્મારકોની લગોલગ અથવા તેના નજીક બાંધકામ અથવા ખાણકામ કરવા બાબત

**૧૩. પ્રતિબંધિત અથવા નિયંત્રિત વિસ્તાર જાહેર કરવાના ઇરાદાની નોટીસ.**— (૧) રક્ષિત સ્મારકની નજીક અથવા તેની લગોલગના વિસ્તારને ખાણકામ અથવા બાંધકામના અથવા તે બંનેના હેતુઓ માટે પ્રતિબંધિત વિસ્તાર અથવા નિયંત્રિત વિસ્તાર તરીકે જાહેર કરતાં પહેલાં રાજ્ય સરકારે રાજ્યપત્રમાં જાહેરનામાં દ્વારા, તેમ કરવાના તેના ઇરાદાની એક મહિનાની નોટીસ આપવી જોઇશે, અને આવા જાહેરનામાની નકલ તે વિસ્તારની નજીકના સહેલાઇથી દેખાઇ આવે તેવા સ્થળે ચોંટાડવી જોઇશે.

(૨) આવા દરેક જાહેરનામામાં આવી રીતે જાહેર કરવાનો હોય તે વિસ્તારની હદ નિર્દિષ્ટ કરવી જોઇશે અને હિત ધરાવતી વ્યકિતઓના હોય તે વાંધા મંગાવવા જોઇશે.

**૧૪. પ્રતિબંધિત અથવા નિયંત્રિત વિસ્તારની જાહેરાત બાબત.**—નિયમ ૧૪ હેઠળ જાહેરનામાની તારીખથી એક મહિનો પૂરો થયા પછી અને સદરહુ મુદતની અંદર મળેલા હોય તે વાંધાની વિચારણા કર્યા પછી રાજ્ય સરકાર નિયમ ૧૪ હેઠળ જાહેરનામામાં નિર્દિષ્ટ કરેલ વિસ્તાર અથવા તેવા વિસ્તારનો કોઇ ભાગ ખાણકામ અથવા બાંધકામ અથવા બંને હેતુઓ માટે, યથાપ્રસંગ, પ્રતિબંધિત વિસ્તાર અથવા નિયંત્રિત વિસ્તાર તરીકે જાહેર કરી શકશે.

**૧૫. પ્રતિબંધિત અથવા નિયંત્રિત વિસ્તારની જાહેરાતની અસર બાબત.**—પુરાતત્વીય અધિકારી સિવાયની અન્ય વ્યકિતથી.—

(ક) પ્રતિબંધિત વિસ્તારમાં, અથવા

(ખ) કલેક્ટરે આપેલા લાઇસન્સની શરતો હેઠળ અને તે અનુસાર હોય તે સિવાય, નિયંત્રિત વિસ્તારમાં કોઇ ખાણકામ અથવા બાંધકામ કરી શકાશે નહિ.

**૧૬. લાઇસન્સ માટેની અરજી.**— નિયંત્રિત વિસ્તારમાં કોઇ ખાણકામ અથવા કોઇ બાંધકામ હાથ ધરવાની ઇચ્છા રાખતી દરેક વ્યકિતએ, આવા કામ અથવા બાંધકામની શરૂઆતની તારીખના ઓછામાં ઓછા ત્રણ મહિના પહેલાં, નમૂના ૩ માં કલેકટરને અરજી કરવી જોઇશે.

**૧૭. લાઇસન્સ આપવા અથવા આપવાની ના પાડવા બાબત.**—(૧) નિયમ ૧૬ હેઠળની અરજી મળતાં કલેકટર લાયસન્સ આપી શકશે અથવા તેને એમ ખાતરી થાય કે માંગેલું લાઇસન્સ આપવું જોઇએ નહિ તો કારણોની લેખિત નોંધ કરીને તે લાઇસન્સ આપવાની ના પાડી શકશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ આપેલું દરેક લાઇસન્સ નમૂના ૪ માં હોવું જોઇશે અને નીચેની શરતોને અધીન રહેશે :—

(ક) તે લાઇસન્સ તબદીલ કરી શકાશે નહિ,

(ખ) તે તેમાં નિર્દિષ્ટ કરેલી મુદત માટે માન્ય ગણાશે ; અને

(ગ) રક્ષિત સ્મારકની સલામતિ અને તેના દેખાવ અને તેના સુધી પહોંચવાની અને તેમાં આવવા જવાની સગવડ બરાબર રહે તે માટે લાઇસન્સમાં કલેકટરે નિર્દિષ્ટ કરી હોય તેવી ખાણકામ અથવા બાંધકામ કરવાની રીત અંગેની અન્ય કોઇ શરતો.

**૧૮. લાઇસન્સ રદ કરવા બાબત.**— કલેક્ટર, તેને એમ ખાતરી થાય કે લાઇસન્સની કોઇ શરતનો ભંગ કરવામાં આવ્યો છે તો, નિયમ ૧૭ હેઠળ આપેલું લાઇસન્સ, હુકમ કરીને રદ કરી શકશે :

પરંતુ લાઇસન્સદારને સુનાવણીની તક આપવામાં આવી હોય તે સિવાય, લાઇસન્સ રદ કરી શકશે નહિ.

**૧૯. અપીલ.**—નિયમ ૧૭ અથવા ૧૮ હેઠળ કલેકટરે કરેલા હુકમથી નારાજ થયેલી કોઇ વ્યકિત રાજ્ય સરકારને અપીલ કરી શકશે અને આવી અપીલ પરનો રાજ્ય સરકારનો નિર્ણય, આખરી ગણાશે.

**૨૦. અનધિકૃત મકાનો દૂર કરવા બાબત.**—(૧) રાજ્ય સરકાર પ્રતિબંધિત વિસ્તાર અથવા નિયંત્રિત વિસ્તારમાં આવેલા અનધિકૃત મકાનના અથવા નિયમ ૧૭ હેઠળ આપેલ લાઇસન્સની શરતો પૈકી કોઇ શરતનો ભંગ કરીને બાંધવામાં આવેલા કોઇ મકાન અથવા તેના ભાગના માલિક અથવા ભોગવટેદારને, હુકમ કરીને, તે હુકમમાં નિર્દિષ્ટ મુદતમાં આવું મકાન અથવા તેનો ભાગ દૂર કરવા ફરમાવી શકશે.

(૨) માલિક અથવા ભોગવટેદાર ના પાડે અથવા પેટા-નિયમ (૧) હેઠળ કરેલા હુકમનું પાલન કરવામાં ચૂક કરે તો, રાજ્ય સરકાર મકાન અથવા તેનો ભાગ દૂર કરાવવાનું જિલ્લા મેજિસ્ટ્રેટને ફરમાવી શકશે અને માલિક અથવા ભોગવટેદાર આવી રીતે દૂર કરવાનો ખર્ચ ભરવા જવાબદાર થશે.

**૨૧. શિક્ષા.**—જે વ્યકિત,—

(૧) પ્રતિબંધિત વિસ્તારમાં અથવા નિયંત્રિત વિસ્તારમાં ગેરકાયદેસર રીતે, કોઇ ખાણકામ અથવા બાંધકામ કરે ;

**અથવા**

(૨) નિયમ ૧૬ હેઠળ આપેલા લાઇસન્સની શરતો પૈકી કોઇ શરતનો ભંગ કરે ;

**અથવા**

(૩) નિયમ ૨૦ના પેટા-નિયમ (૧) હેઠળ કરેલા હુકમનું પાલન કરવામાં ચૂક કરે અથવા ના પાડે, તો તેને, ત્રણ મહિના સુધીની કેદની અથવા પાંચ હજાર રૂપિયા સુધીના દંડની અથવા બંને શિક્ષા કરવામાં આવશે.

---

## પ્રકરણ ૬

## રક્ષિત સ્મારકોની પ્રતિકૃતિ કરવા અને ફિલ્મ લેવા બાબત

**૨૨. કેટલાંક સ્મારકોની પ્રતિકૃતિ માટે પરવાનગી લેવી જરૂરી.**—કલેકટર હુકમ કરીને ફરમાવી શકશે કે, પુરાતત્ત્વીય અધિકારી અથવા પુરાતત્ત્વીય અધિકારીએ આ અર્થે અધિકૃત કરેલ અધિકારી સિવાયની અન્ય વ્યકિતથી પુરાતત્ત્વીય અધિકારીએ આપેલી લેખિત પરવાનગીની શરતો હેઠળ તે અનુસાર હોય તે સિવાય કોઇ નિર્દિષ્ટ સ્મારક અથવા તેના ભાગની, પ્રતિકૃતિ કરી શકાશે નહિ.

**૨૩. અન્ય સ્મારકોની પ્રતિકૃતિ કરવા માટેની શરતો :**—

(૧) કોઇ વ્યકિત, જેના સંબંધમાં નિયમ ૨૨ હેઠળ કોઇ હુકમ કરવામાં આવ્યો ન હોય તેવા રક્ષિત સ્મારકની પ્રતિકૃતિ કરી શકશે;

(૨) આવા કોઇ સ્મારકની પ્રતિકૃતિ કરતી વખતે પુરાતત્ત્વીય અધિકારીએ આપેલી લેખિત પરવાનગીની શરતો હેઠળ અને તે અનુસાર હોય તે સિવાય,—

(ક) આવા કોઇ સ્મારકની જગામાં, કેમેરા સ્ટેન્ડ સ્ટૂલ, ખુરશી, ટેબલ, મોટું ડ્રોઇંગ બોર્ડ, ચિત્રનું પાટિયું મૂકવા માટેની ઘોડી અથવા આવું કોઇ સાધન લાવવા અથવા ઉપયોગ કરવા ;

**અથવા**

(ખ) આવી જગામાં કોઇ પાલખ બાંધવા ;

**અથવા**

(ગ) કેમેરા વડે છબી ખેંચતી વખતે તત્કાળ વપરાતી ફ્લેશ લાઇટ સિવાય અન્ય કોઇ કૃત્રિમ લાઇટ આવી જગામાં વાપરવા ;

**અથવા**

(ઘ) આવા સ્મારક અથવા તેના ભાગ પર પાણી, તેલ, ગ્રીઝ, અથવા ઘાટ બનાવવા માટેની સામગ્રી જેવા કોઇ બાહ્ય પદાર્થો વાપરવા ;

**અથવા**

(ચ) આવા સ્મારક **અથવા** તેના ભાગની સીધી નકલ કરવા **અથવા** ઘાટ આપવા **અથવા** લઘુ પ્રતિકૃતિ તૈયાર કરવા અધિકૃત કરવામાં આવે છે એવો આ પેટા-નિયમમાંનાં કોઇ મજકૂરનો અર્થ થશે નહિ.

**૨૪. ફિલ્મ લેવા માટે જરૂરી લાઈસન્સ.**—પુરાતત્ત્વીય અધિકારી અથવા આ અર્થે તેણે અધિકૃત કરેલ અધિકારી સિવાયની અન્ય વ્યકિતથી નિયમ ૨૬ હેઠળ આપેલા લાઈસન્સની બોલીઓ અને શરતો અને તે અનુસાર હોય તે સિવાય, રક્ષિત સ્મારક અથવા તેના ભાગમાં ફિલ્મ લેવાનું કોઈ કામકાજ હાથ ધરી શકાશે નહિ.

**૨૫. લાઈસન્સ માટેની અરજી.**—કોઈ રક્ષિત સ્મારકમાં ફિલ્મ લેવાનું કોઈ કામકાજ હાથ ધરવા ઈચ્છતી દરેક વ્યકિતએ, આવા કામકાજની શરૂઆતની સૂચિત તારીખના ઓછામાં ઓછા ત્રણ મહિના પહેલાં નમૂના "ા"માં કલેકટરને અરજી કરવી જોઈશે.

**૨૬. લાઈસન્સ આપવા અથવા આપવાની ના પાડવા બાબત.**—(૧) નિયમ ૨૫ હેઠળ અરજી મળ્યે, કલેકટર, નિયામક સાથે વિચાર વિનિમય કરીને લાઈસન્સ આપી શકશે. જો તેને એમ ખાતરી થાય કે માંગેલું લાઈસન્સ આપવું જોઈએ નહિ તો એ માટેનાં કારણોની નોંધ કરીને, લાઈસન્સ આપવાની ના પાડી શકશે.

પરંતુ શિક્ષણના અથવા સ્મારકની પ્રસિદ્ધિના હેતુ માટેની ફિલ્મ હોય તે સિવાય કલેકટરથી તે રક્ષિત સ્મારકની અંદર, એટલે કે કોઈપણ પ્રકારના છાપરાથી ઢંકાયેલા કોઈ રક્ષિત સ્મારકના એવા ભાગમાં ફિલ્મ લેવા માટે કોઈ લાઈસન્સ આપી શકાશે નહિ.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ આપેલું લાઈસન્સ નમૂના ૯માં હોવું જોઈએ અને નીચેની શરતોને અધીન રહેશે ;

(ક) લાઈસન્સ તબદીલ કરી શકાશે નહિ અને તે તેમાં નિર્દિષ્ટ કરેલી મુદત માટે કાયદેસર ગણાશે;

(ખ) સ્મારકના કોઈ ભાગને અથવા તેની સાથેની લોન અથવા બગીચાને નુકશાન થવાનું જોખમ હોય અથવા થાય તેમ હોય તેવું કોઈ કાર્ય લાઈસન્સદાર અથવા તેની ટૂકડીના કોઈ સભ્યથી કરી શકાશે નહિ ;

(ગ) ફિલ્મનું કામકાજ જેના સંબંધમાં લાઈસન્સ આપવામાં આવ્યું હોય તે સ્મારકના ભાગ પૂરતું જ મર્યાદિત રાખવું પડશે ;

(ઘ) પાણી, તેલ, ગ્રીઝ અથવા તેના જેવી બાહ્ય વસ્તુઓ સ્મારકના કોઈ ભાગપર લગાડી શકાશે નહિ ;

(ચ) જ્યારે પણ જરૂર હોય ત્યારે વીજળી શકિત માટેનો જનરેટિંગ પ્લાન્ટ સ્મારક અથવા તેની સાથેની લોન અથવા બગીચાથી દૂર મૂકવો જોઈશે ;

(છ) ફિલ્મના કામકાજથી, સ્મારકની અંદર કાયદેસર રીતે હરફર (આવજા) કરતી વ્યકિતઓને અવરોધ અથવા અંતરાય થવો જોઈએ નહિ ; અને

(જ) કલેકટર, લાઈસન્સમાં નિર્દિષ્ટ કરે તેવી અન્ય કોઈ શરત.

**૨૭. લાઈસન્સ રદ કરવા બાબત.**—કલેકટર, તેને એમ ખાતરી થાય કે લાઈસન્સની શરતનું ઉલ્લંઘન થયું છે તો તે, હુકમ કરીને લાઈસન્સદારને નોટિસ આપ્યા પછી, નિયમ ૨૬ હેઠળ આપેલું લાઈસન્સ રદ કરી શકશે.

**૨૮. અપીલ.**—નિયમ ૨૬ અથવા નિયમ ૨૭ હેઠળ કરેલા કલેકટરના હુકમથી નારાજ થયેલી કોઈ વ્યકિત, રાજ્ય સરકારને અપીલ કરી શકશે, અને રાજ્ય સરકારનો આવી અપીલ ઉપરનો નિર્ણય છેવટનો ગણાશે.

**૨૯. અમુક નિયમોને અસર થશે નહિ.**—નિયમ ૨૩માંના કોઇ મજકૂરની અને નિયમ ૨૨ હેઠળ આપેલી પરવાનગીની અથવા નિયમ ૨૬ હેઠળ આપેલા લાઈસન્સની જોગવાઈની નિયમો ૩,૪,૫,૬ અને ૭ના અમલને અસર પડશે નહિ.

**૩૦. શિક્ષા.**—જે કોઈ વ્યકિત આ પ્રકરણની કોઈ જોગવાઈનું અથવા તેની હેઠળ આપેલી પરવાનગી કે લાઈસન્સની કોઈ જોગવાઈનું ઉલ્લંઘન કરી રક્ષિત સ્મારકની પ્રતિકૃતિ કરે અથવા તેની ફિલ્મ લે અથવા બીજું કોઈ કૃત્ય કરે તે પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

## પ્રકરણ ૭

## રાજ્ય સલાહકાર બોર્ડ

૩૧. (ક) બોર્ડ "પુરાતત્ત્વ સલાહકાર બોર્ડ" તરીકે ઓળખાશે.

(ખ) બોર્ડ, પ્રમુખ અને ઉપ-પ્રમુખ સહિત પંદર સભ્યોનું બનશે. *

૩૨. **બોર્ડની બેઠકો.**—(૧) બોર્ડ, પ્રમુખ નક્કી કરે તે સ્થળે વર્ષમાં ઓછામાં ઓછું એકવાર મળશે.

(૨) બોર્ડની બેઠકમાં કોરમ માટે જરૂરી સભ્યોની સંખ્યા પ્રમુખ સહિત સાત રહેશે.

(૩) બોર્ડની દરેક બેઠકના અધ્યક્ષસ્થાને પ્રમુખ રહેશે. અથવા કોઈપણ કારણસર પ્રમુખ તેમાં હાજર ન રહી શકે તો, ઉપ-પ્રમુખ અને પ્રમુખ અને ઉપ-પ્રમુખ બંને કોઈપણ કારણસર તેમાં હાજર રહી ન શકે, તો હાજર રહેલા જે સભ્યને બેઠકમાં પ્રમુખ તરીકે ચૂંટવામાં આવે તે સભ્ય અધ્યક્ષસ્થાન લેશે.

(૪) બોર્ડ તેની દરેક કાર્યવાહીની કાર્યનોંધ રાખવી જોઈશે અને તેમાં હાજર રહેલા સભ્યોનાં નામોનો સમાવેશ થશે.

(ઘ) બોર્ડના સભ્યો રાજ્ય સરકારના પ્રથમ વર્ગના અધિકારીને મળી શકતા હોય તે મુસાફરી અને દૈનિક ભથ્થાં મેળવવા માટે હકદાર થશે.

૩૩. **સભ્યોના હોદ્દાની મુદત.**—(૧) બોર્ડના સભ્યોના હોદ્દાની મુદત, બોર્ડની સ્થાપના તારીખથી ત્રણ વર્ષની રહેશે.

(૨) બોર્ડના સભ્યની પ્રસંગોપાત ખાલી પડેલી જગા ભરવા માટે નિમાયેલ વ્યકિત, જે વ્યકિતની જગાએ તેની નિમણૂક થઇ હોય તે વ્યકિતની હોદ્દાની બાકીની મુદત માટે હોદ્દો ધરાવશે.

---

## પ્રકરણ ૮

## પ્રકીર્ણ

૩૪. **અપીલ દાખલ કરવાની રીત.**—(૧) અધિનિયમ હેઠળ અથવા નિયમો હેઠળ રાજ્ય સરકારને કરવાની દરેક અપીલ લેખિત હોવી જોઇશે અને જેની સામે અપીલ કરવામાં આવી હોય તે હુકમ મળ્યાની તારીખથી એક મહિનાની અંદર કરવી જોઇશે.

(૨) આવી દરેક અપીલની સાથે, જેની સામે અપીલ કરવામાં આવી હોય તે હુકમની નકલ જોડવી જોઇશે.

૩૫. **હુકમો અને નોટિસોની બજવણી.**—અધિનિયમ હેઠળ અથવા આ નિયમો હેઠળ કરેલા દરેક હુકમો અને કાઢેલી નોટિસ—

(ક) સામાન્ પ્રકારની હોય અથવા વ્યકિતઓના નિયમ કોઇ વર્ગને અસર કરનાર હોય તો સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ કરવા જોઇશે, અને

(ખ) કોર્પોરેશન અથવા પેઢીને અસર કરતો કોઇ હુકમ અથવા નોટિસ હોય તો "દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮" ની પહેલી અનુસૂચિમાં, યથાપ્રસંગ, હુકમ ૨૯ના નિયમ ૨ અથવા હુકમ ૩૦ ના નિયમ ૩ માં સમન્સો બજાવવા માટે ઠરાવેલી રીતે બજાવવા જોઇશે ; અને

(ગ) કોઈ વ્યકિતને અસર કરતા કોઇ હુકમ અથવા નોટિસની બાબતમાં તે,—

(૧) સંબંધિત વ્યકિતને આપીને અથવા તેની આગળ રજૂ કરીને, અથવા

(૨) તે આવી રીતે આપી કે ધરી શકાય તેમ ન હોય તો, તે વ્યકિતના કુટુંબના કોઇ પુખ્તવયના સભ્યને આપીને કે ધરીને અથવા તે વ્યકિત છેલ્લે જ્યાં રહેતી હોય અથવા ધંધો કરતી હોય અથવા કમાવા માટે જાતે કામ કરતી હોય તે જગાના બહારના બારણા ઉપર અથવા સહેલાઈથી દેખાઇ આવે તેવા કોઇ ભાગ ઉપર તેની નકલ ચોંટાડીને, અથવા

(૩) જેની પહોંચ મળે તેવી રજીસ્ટર્ડ ટપાલથી મોકલીને, આવી વ્યકિત ઉપર બજાવવાં જોઇશે.

---

***સન ૧૯૬૧ના ઓકટોબર મહિનાની ૯મી તારીખના શિક્ષણ અને મજૂર વિભાગના જાહેરનામાથી દાખલ કરવામાં આવેલ છે**

# અનુસૂચિ

## નમૂનો ૧

### રક્ષિત વિસ્તારમાં બાંધકામ / ખાણકામ માટે પરવાનગી અંગેની અરજી

( જુઓ નિયમ ૯ )

૧. અરજદારનું નામ અને સરનામું.

૨. જે રક્ષિત વિસ્તારમાં બાંધકામ/ખાણકામ કરવાનું હોય તે વિસ્તારનું નામ.

લત્તો જિલ્લો.

૩. જેના સંબંધમાં પરવાનગી માંગવામાં આવી હોય તે બાંધકામ / ખાણકામનો પ્રકાર અને વિગતો.

(બાંધકામની બાબતમાં, મકાનનું રક્ષિત વિસ્તારના સંબંધમાં જે સ્થાન હોય તેની રૂપરેખા લાલ રંગમાં દર્શાવતા સાઇટ-પ્લાનની ત્રણ નકલ અને મકાનોનો પ્લાન અને નકશા તેની સાથે જોડવા, અને મકાનનો રંગ, બાહ્ય દેખાવ અને કરવાની આડશ અને મકાનના અંગભૂત ભાગો માટે જમીન કેટલી ઊંડાઇ સુધી ખોદવાની છે તે ઊંડાઇ નિર્દિષ્ટ કરવી.)

(ખાણ કામની બાબતમાં, ખાણકામની હદ રક્ષિત વિસ્તારના સંબંધમાં લાલ રંગમાં દર્શાવતા સાઇટ પ્લાનની ત્રણ નકલ તેની સાથે જોડવી, અને ખાણકામ કેટલી ઊંડાઇ સુધી કરવાનું છે તે ઊંડાઇ કામકાજની પદ્ધતિ, અવાજ દબાવી દેવાની પદ્ધતિ, ધડાકો કરવા માટેની સામગ્રીનો પ્રકાર અને તેની સ્ફોટક શકિત અને સ્ફોટક પદાર્થ ભરેલાં જે કાણાંઓ એક સાથે ચેતાવવાનાં હોય તેમની ઊંડાઇ અને સંખ્યા નિર્દિષ્ટ કરવી જોઇશે.)

૪. સૂચિત બાંધકામ / ખાણકામનો હેતુ.

૫. સૂચિત બાંધકામ / ખાણકામ શરૂ કરવાની આશરે તારીખ અને તેનો ગાળો.

હું જાહેર કરું છું કે ઉપરની માહિતી ખરી છે. ગુજરાત પ્રાચીન સ્મારક અને પુરાતત્ત્વીય સ્થળો અને અવશેષો બાબતના અધિનિયમ, ૧૯૬૫ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓનું પાલન કરવાની પણ હું બાંયધરી આપું છું.

સંસ્થાનો સિક્કો.

મથક<br>
તારીખ<br>
અરજદારની સહી.

---

**અરજી સંસ્થાના વતી કરી હોય તો, તેનું નામ આપવું અને તેના પર સંસ્થાના વડાની સહી પણ હોવી જોઇશે.**

# નમૂનો ૨

## પુરાવસ્તુઓ ખસેડવા માટેની અરજી

(જુઓ નિયમ ૧૧)

૧. અરજનદારનું નામ અને સરનામું.

૨. જે સ્થળેથી પુરાવસ્તુઓ ખસેડવાની હોય તે સ્થળનું નામ.

લત્તો જીલ્લો

૩. ખસેડવાની હોય તે પુરાવસ્તુઓનું વર્ણન (પુરાવસ્તુઓની વિગતો દર્શાવતા ફોટા જોડવા.)

૪. ખસેડવાની આશરે તારીખ

૫. ખસેડવાનો હેતુ.

૬. પુરાવસ્તુઓ અથવા તેમાંની કોઇ વસ્તુ પુજા માટેની વસ્તુ છે કે કેમ?

હું જાહેર કરૂં છું કે ઉપરની માહિતી સાચી છે.

સંસ્થાનો સિક્કો

મથક
તારીખ
અરજદારની સહી

---

અરજી સંસ્થાના વતી કરી હોય તો તેનું નામ આપવું અને તેના પર તે સંસ્થાના વડાની સહી હોવી જોઇશે.

# નમૂનો ૩

## નિયંત્રિત વિસ્તારમાં ખાણકામ/બાંધકામ કરવા માટેના લાઈસન્સની અરજી

(જુઓ નિયમ ૧૬)

૧. અરજદારનું નામ અને સરનામું.

૨. જેની નજીક અથવા જેની લગોલગ નિયંત્રિત વિસ્તાર આવેલો હોય તે સ્મારકનું નામ.

લત્તો જીલ્લો

૩. જેના સંબંધમાં પરવાનગી લીધી હોય તેવા સૂચિત ખાણકામ/બાંધકામનો પ્રકાર અને વિગતો.

(ખાણકામની બાબતમાં, સ્મારકો અને નિયંત્રિત વિસ્તારના સંબંધમાં કામકાજની હદની રૂપરેખા લાલ રંગમાં દર્શાવતા સાઈટ પ્લાનની ત્રણ નકલ તેની સાથે જોડવી અને કેટલી ઊંડાઈ સુધી કામકાજ કરવાનું છે તે કામકાજની પદ્ધતિ અવાજ દબાવી દેવાની પદ્ધતિ, બ્લાસ્ટીંગ માટેની સામગ્રીનો પ્રકાર અને એ માટેનો સ્ફોટક પદાર્થ અને સ્ફોટક પદાર્થ ભરેલા જે કાણાંઓ એક સાથે ચેતાવવાના હોય તેમની ઊંડાઈ અને સંખ્યા નિર્દિષ્ટ કરવી જોઈશે. બાંધકામની બાબતમાં મકાનનું સ્મારક અને નિયંત્રિત વિસ્તારના સંબંધમાં જે સ્થાન હોય તેની રૂપરેખા લાલ રંગમાં દર્શાવતા, સાઈટ પ્લાનની ત્રણ નકલ અને મકાનનો પ્લાન અને નકશા તેની સાથે જોડવા અને મકાનનો રંગ, બાહ્ય દેખાવ અને તપાસ અને મકાનના અંગભૂત ભામો માટે જમીન કેટલી ઊંડાઈ સુધી ખોદવાની છે તે ઊંડાઈ નિર્દિષ્ટ કરવી.)

૪. સૂચિત ખાણકામ / બાંધકામનો હેતુ.

૫. સૂચિત ખાણકામ / બાંધકામ શરૂ કરવાની આશરે તારીખ અને તેનો ગાળો.

૬. હું જાહેર કરૂં છું કે ઉપરની માહિતી સાચી છે. ગુજરાત પ્રાચીન સ્મારક અને પુરાતત્વીય સ્થળો અને અવશેષો બાબતના અધિનિયમ, ૧૯૬૫ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનું પાલન કરવાની પણ હું બાંયધરી આપું છું.

સંસ્થાનો સિકકો

મથક
તારીખ
અરજદારની સહી.

---

અરજી સંસ્થાના વતી કરી હોય તો, તેનું નામ આપવું અને તેના પર સંસ્થાના વડાની સહી હોવી જોઈશે.

## નમૂનો ૪

### નિયંત્રિત વિસ્તારમાં ખાણકામ / બાંધકામ માટેનું લાયસન્સ

(જુઓ નિયમ ૧૭)

..................................ના ..................................એ .......................... જિલ્લામાં ..........................ની નજીક અથવા તેને લગોલગ આવેલા નિયંત્રિત વિસ્તારમાં .................... માટેના લાઈસન્સ માટે અરજી કરી છે અને ગુજરાત પ્રાચીન સ્મારક અને પુરાતત્વીય સ્થળો અને અવશેષો બાબતના અધિનિયમ, ૧૯૬૫ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનું પાલન કરવાની બાંયધરી આપી છે.

હું..................................................કલેકટર, આથી આ સાથે જોડેલા પ્લાન પર, લાલ રેખાથી દર્શાવેલા વિસ્તારમાં..............................માટે સદરહુ ..............................ને સદરહુ નિયમોના નિયમ ૧૭ ના પેટા-નિયમ (૧) હેઠળ, આ લાઈસન્સ આપું છું.

લાઈસન્સ સદરહુ અધિનિયમ અને નિયમોની જોગવાઈઓને અધીન રહીને આપવામાં આવે છે અને વધુમાં નીચેની શરતોને તે અધીન રહેશે.—

૧. લાઈસન્સ તબદીલ કરી શકાશે નહીં.

૨. તે સન ૧૯.....ની .................... તારીખથી શરૂ થતી ....................મુદત માટે કાયદેસર ગણાશે.

કલેકટરનો સિક્કો
ગુજરાત સરકાર.

મથક
તારીખ
કલેકટરની સહી.

# નમૂનો ૫

## રક્ષિત સ્મારકમાં ફિલ્મ લેવાના કામકાજના લાયસન્સ માટેની અરજી

(જુઓ નિયમ ૨૬)

૧. અરજદારનું નામ અને સરનામું.

૨. ફીલ્મ લેવાનું કામકાજ જ્યાં કરવા ધાર્યું હોય તે સ્મારકનું નામ

લત્તો જિલ્લો

૩. સ્મારકના જે ભાગની ફિલ્મ લેવાની હોય તે ભાગ.

૪. ફિલ્મ લેવાના સૂચિત કામકાજનો પ્રકાર અને હેતુ અને જે સંદર્ભમાં સ્મારકની ફિલ્મ લેવા ધાર્યું હોય તે સંદર્ભ (સ્ક્રિપ્ટના સંબંધીત ઉતારાની ત્રણ નકલ જોડવી અને જે દ્રશ્યોની ફિલ્મ લેવાની હોય તેની વિગતોની ત્રણ નકલો આપવી).

૫. ફિલ્મમાં જે પાત્રો ભાગ લેવાના હોય તેમની સંખ્યા..................

૬. ફિલ્મ લેવાના સૂચિત કામકાજના આરંભની આશરે તારીખ અને તેનો ગાળો.

હું જાહેર કરું છું કે ઉપરની માહિતી સાચી છે.

હું ગુજરાત પ્રાચીન સ્મારક અને પુરાતત્વીય સ્થળો અને અવશેષો બાબતના અધિનિયમ, ૧૯૬૫ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનું પાલન કરવાની પણ બાંયધરી આપું છું.

સંસ્થાનો સિક્કો

મથક
તારીખ
અરજદારની સહી

---

અરજી સંસ્થાના વતી કરી હોય તો તેનું નામ આપવું અને તેના પર સંસ્થાના વડાની સહી હોવી જોઈશે.

# નમૂનો ૬

## રક્ષિત સ્મારકમાં ફીલ્મ લેવાના કામકાજ માટેનું લાઈસન્સ

(જુઓ નિયમ ૨૭)

.......................ના ........................ એ ........................ જિલ્લામાં આવેલા ........... તરીકે જાણીતા રક્ષિત સ્મારકમાં ફિલ્મ લેવા માટેના લાઇસન્સ માટે અરજી કરી છે અને પ્રાચીન સ્મારક અને પુરાતત્વીય સ્થળો અને અવશેષો બાબતના અધિનિયમ, ૧૯૬૫ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓનું પાલન કરવાની બાંયધરી આપી છે.

હું, ..............................કલેક્ટર, આથી સ્મારકના નીચે જણાવેલા ભાગોમાં આ સાથે જોડેલ સ્ક્રિપ્ટ અનુસાર અને જોડેલી સીનની વિગતો પ્રમાણે ફિલ્મ લેવા સદરહુ.............................. ને સદરહુ નિયમોના નિયમ ૨૭ હેઠળ આ લાઇસન્સ આપું છું.

લાઈસન્સ સદરહુ અધિનિયમ અને નિયમોની જોગવાઈઓને અધીન રહીને આપવામાં આવે છે, અને વધુમાં નીચેની શરતોને અધીન રહેશે.

૧. લાઈસન્સ તબદીલ કરી શકાશે નહીં.

૨. તે સન ૧૯......ની તારીખથી શરૂ થતી......................મુદત માટે કાયદેસર ગણાશે.

કલેક્ટરનો સિક્કો
ગુજરાત સરકાર

મથક
તારીખ
કલેક્ટરની સહી

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**આર. આર. પઠાણ,**
સરકારના ઉપ-સચિવ.

---

(સન ૧૯૬૭ના ડિસેમ્બર મહિનાની ૧૪મી તારીખના **ગુજરાત સરકારી રાજ્યપત્ર,** ભાગ-૪-બી પાનું ૯૮૫-૧૦૦૧)

# શિક્ષણ અને મજૂર વિભાગ

## જાહેરનામું

સચિવાલય, અમદાવાદ, તારીખ ૧૧મી ડિસેમ્બર ૧૯૬૭.

**ગુજરાત પ્રાચીન સ્મારક અને પુરાતત્ત્વીય સ્થળો અને અવશેષો બાબતનો અધિનિયમ, ૧૯૬૫.**

ક્રમાંક જીએચ-એસએચ-૧૩૦૭/એમઆઈએસ-૧૦૬૧-૯૩૯૧૪(૪) એમ.—ગુજરાત પ્રાચીન સ્મારક અને પુરાતત્વીય સ્થળો અને અવશેષો બાબતના અધિનિયમ, ૧૯૬૫ (સન ૧૯૬૫ના ગુજરાતના ૨૫મા) ની કલમ ૧ ની પેટા-કલમ (૩) થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર આથી સન ૧૯૬૭ના ડિસેમ્બર મહિનાની ૧૫મી તારીખને આ અધિનિયમ, અમલમાં આવવાની તારીખ તરીકે નક્કી કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. આર. પઠાણ,
સરકારના ઉપ-સચિવ.

---

(સન ૧૯૬૭ના ડિસેમ્બર મહિનાની ૧૪મી તારીખના ગુજરાત સરકારી રાજ્યપત્ર ભાગ ૪-બી પાનું ૧૦૦૨)

# શિક્ષણ અને મજૂર વિભાગ

## જાહેરનામું

સચિવાલય, અમદાવાદ, તારીખ ૧૧મી ડિસેમ્બર ૧૯૬૭

**ગુજરાત પ્રાચીન સ્મારક અને પુરાતત્વીય સ્થળો અને અવશેષો બાબતનો અધિનિયમ, ૧૯૬૫.**

ક્રમાંક જીએચ-એસએચ-૧૩૦૮/એમઆઈએસ-૧૦૬૧/૯૩૯૧૪(૫) (૬૭)-એમ.—ગુજરાત પ્રાચીન સ્મારક અને પુરાતત્વીય સ્થળો અને અવશેષો બાબતના અધિનિયમ, ૧૯૬૫ (સન ૧૯૬૫ના ગુજરાતના ૨૫ મા) ની કલમ ૨ની પેટા-કલમ (૩) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૬૭ના ડિસેમ્બર મહિનાની ૧૫મી તારીખે અને તે તારીખથી પુરાતત્ત્વ નિયામક, ગુજરાત રાજ્ય, અમદાવાદને સદરહુ અધિનિયમના હેતુઓ માટે પુરાતત્ત્વીય અધિકારી તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેના નામે,

**આર આર પઠાણ,**
સરકારના ઉપ-સચિવ.

---

(સન ૧૯૬૭ના ડિસેમ્બર મહિનાની ૧૪મી તારીખના **ગુજરાત સરકારી રાજ્યપત્ર**, ભાગ ૪-બી, પાનું ૧૦૦૨ ).

# શિક્ષણ અને મજૂર વિભાગ

## જાહેરનામું

સચિવાલય, અમદાવાદ તારીખ ૧૧મી ડિસેમ્બર ૧૯૬૭

**ગુજરાત પ્રાચીન સ્મારક અને પુરાતત્ત્વીય સ્થળો અને અવશેષો બાબતનો અધિનિયમ, ૧૯૬૫.**

ક્રમાંક જીએચ-એસએચ-૧૩૦૬/એમઆઈએસ-૧૦૬૧/૩૯૩૧૪(૩) (૬૭)—એમ.—ગુજરાત પ્રાચીન સ્મારક અને પુરાતત્ત્વીય સ્થળો અને અવશેષો બાબતના અધિનિયમ, ૧૯૬૫ (સને ૧૯૬૫ના ગુજરાતના ૨૫ મા) ની કલમ ૨૯ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ફરમાવે, છે કે તે અધિનિયમથી કે તે હેઠળ તેને મળેલી સત્તાઓ પુરાતત્ત્વ નિયામક, અમદાવાદ, પણ વાપરી શકશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**આર. આર. પઠાણ,**
સરકારના ઉપ-સચિવ.

---

(સન ૧૯૬૭ના ડિસેમ્બર મહિનાની ૧૪મી તારીખના **ગુજરાત સરકારી રાજ્યપત્ર** ભાગ ૪-બી, પાનું ૧૦૦૨ ).

## શિક્ષણ અને મજૂર વિભાગ

### જાહેરનામું

સચિવાલય, અમદાવાદ, તારીખ ૧૧મી ડિસેમ્બર ૧૯૬૭

## ગુજરાત પ્રાચિન સ્મારક અને પુરાતત્વીય સ્થળો અને અવશેષો બાબતનો અધિનિયમ, ૧૯૬૫.

ક્રમાંક જીએચ-એસએચ-૧૩૦૫/એમઆઈએસ-૧૦(૬૧) ૯૩૯૪૧(૨)-(૬૭)-એમ.—ગુજરાત પ્રાચીન સ્મારક અને પૂરાતત્ત્વીય સ્થળો અને અવશેષો બાબતના અધિનિયમ, ૧૯૬૫ (સન ૧૯૬૫ના ગુજરાતના ૨૫ મા) ની કલમ ૨ ની પેટા-કલમ (૬) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી, સદરહુ અધિનિયમ હેઠળ નિયામકના તમામ કાર્યો બજાવવા માટે, તમામ પુરાતત્ત્વ સુપ્રિન્ટેન્ડન્ટોને અધિકૃત કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**આર. આર. પઠાણ,**
સરકારના ઉપ-સચિવ.

---

(સન ૧૯૬૭ના ડિસેમ્બર મહિનાની ૧૪મી તારીખના **ગુજરાત સરકારી રાજ્યપત્ર**, ભાગ-૪-બી, પાનું ૧૦૦૨.)

## શિક્ષણ અને મજૂર વિભાગ

### જાહેરનામું

### ગુજરાત પ્રાચીન સ્મારક અને પુરાતત્વીય સ્થળો અને અવશેષો બાબતનો અધિનિયમ, ૧૯૬૭.

સચિવાલય, અમદાવાદ, તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૬૭.

ક્રમાંક જીએચ-એસએચ-૧૩૦૯/એમઆઈએસ-૧૦૬૧-૯૩૯૪૧(૬)-(૬૭)-એમ.—ગુજરાત પ્રાચીન સ્મારક અને પુરાતત્ત્વીય સ્થળો અને અવશેષો બાબતના અધિનિયમ, ૧૯૬૫ (સન ૧૯૬૫ના ગુજરાતના ૨૫ મા) ની કલમ ૨ ની પેટા-કલમ (૫) થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર, આથી સદરહુ કલમ (૫) ના હેતુઓ માટે જિલ્લાઓમાં નાયબ કલેકટરોને અધિકૃત કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**આર. આર. પઠાણ,**
સરકારના ઉપ-સચિવ.

---

(સન ૧૯૬૭ના ડિસેમ્બર મહિનાની ૧૪મી તારીખના **ગુજરાત સરકારી રાજ્યપત્ર**, ભાગ-૪-બી, પાનું ૧૦૦૩).

**પ્રાચીન રક્ષિત સ્મારકોનું રક્ષણ કરવા બાબત**

## ગુજરાત સરકાર

## શિક્ષણ અને મજૂર વિભાગ

## પરિપત્ર

સચિવાલય, અમદાવાદ, તારીખ ૧લી મે ૧૯૬૯

નંબર એમ.યુ.એન.-૧૭૬૮-૨૩૧૯૬-મ.— દેશના પ્રાચીન સ્થાપત્ય અને સંસ્કૃતિક પુરાવા દર્શાવવા ઐતિહાસિક પ્રાચીન સ્થાપત્યકીય સ્મારકોથી ગુજરાતની ભૂમિ ભરી છે. પ્રાચીન સંસ્કૃતિના તે નમૂનાઓનું યથાયોગ્ય રીતે રક્ષણ કરવું તે સૌની ફરજ ગણાય. ગુજરાતના સને ૧૯૬૫ના પ્રાચીન સ્મારકો અને પુરાતત્ત્વકીય સ્થળો તથા અવશેષોના અધિનિયમ દ્વારા અગત્યના સ્મારકોને રક્ષિત જાહેર કર્યા / કરાય છે. સરકારશ્રીના ધ્યાન ઉપર આવ્યું છે કે ઘણીવાર આ અમૂલ્ય વારસાની ઉપેક્ષા કરવામાં આવે છે. કેટલીક વખત જાણતાં-અજાણતાં તેને નુકસાન થાય એ રીતે વિકાસનાં નવાં કામ થતાં હોય છે, અને કેટલીકવાર જીર્ણોદ્ધાર કે સુશોભન અર્થે પ્રાચીન સ્મારકોનું આધુનિકરણ થઈ જતું હોય છે. પ્રાચીન સ્મારકો અને સંસ્કૃતિના હિતની દૃષ્ટિએ આ બધુ થાય તે ઈષ્ટ નથી. આવાં કાર્યો સ્થાનિક સંસ્થાઓ / નગરપાલિઓના ધ્યાન બહાર ન જાય તે હેતુથી તેવી સઘળી સંસ્થાઓની માહિતી તથા માર્ગદર્શન માટે નીચે મુજબ સૂચનાઓ આપવામાં આવે છે :—

૧. પ્રાચીન સ્મારકોની આસપાસ લગભગ બસો મીટરની જગામાં નવું બાંધકામ થવા દેવું નહિ. બાંધકામ કરવા દેવાની આવશ્યકતા ઉભી થાય તો પુરાતત્ત્વ ખાતાનો સંપર્ક સાધીને નવા બાંધકામ ઉપર આવશ્યક નિયંત્રણો મૂકી તે ખાતાની સલાહ પ્રમાણે થાય તે જોવું;

૨. રક્ષિત સ્મારકોની નજીકમાં જાહેર સગવડનાં સાધનો જેવાં કે જાજરૂ, મુતરડી, કચરાપેટી વગેરે ઉભાં કરવાં નહિ અને હોય તો કાયદેસર ખસેડી લેવાં.;

૩. કોઈપણ ગ્રામ / શહેરની વિકાસ યોજનાનું આયોજન કરતી વખતે રક્ષિત સ્મારકોની આસપાસ ખુલ્લી જગા, રસ્તા અને બાગબગીચાનું એવી રીતે નિર્માણ કરવું કે સ્મારકમાં કાંઇ જ પરિવર્તન ન થાય અને છતાં સ્મારક જે તે ગામના પુરાતત્ત્વ બોધક સૌંદર્યમાં વધારો કરે. સ્મારકને પણ પુરાતત્ત્વ ખાતાની સલાહ અને મંજૂરી વિના શણગારવું કે સમારવું નહિ;

૪. નગરપાલિકા કે પંચાયતોની હદમાં આવેલાં રક્ષિત સ્મારકો સુધી જવા આવવા રસ્તા સંબંધિત સંસ્થાએ બાંધવા અને ગામ / શહેરમાં પોસ્ટ ઓફિસ, બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન, ચોક જેવાં જાહેર સ્થળોએ રક્ષિત સ્મારકો તરફ જતો રસ્તો દર્શાવતાં પાટિયાં મૂકવાં;

૫. સ્મારકના હિત અને કાયદાના અર્થ વચ્ચે વિરોધાભાસ જેવું જણાય તો તે બાબત સરકારશ્રીના ધ્યાન પર લાવવી.

૨. ઉપરની સૂચનાંઓનો અમલ કરી આપણી પ્રાચીન ભવ્ય સંસ્કૃતિના વારસાની યથાવત જાળવણીમાં સૌ મદદરૂપ થશે એવી અપેક્ષા રાખવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**ભ. બા. બ્રહ્મભટ્ટ,**
**નાયબ સચિવ.**

## જાહેર બાંધકામ વિભાગ

સચિવાલય, અમદાવાદ-૧૫, તારીખ ૧૮મી નવેમ્બર ૧૯૬૯

**વિષય.**—ભારત સરકારે અને રાજ્ય સરકારે રક્ષિત સ્મારકો તરીકે જાહેર કરેલ વાવોનું પાણી સિંચાઈના હેતુઓ માટે વાપરવા માટે પરવાનગી.

### પરિપત્ર

ક્રમાંક એનએસવાય-૧૦૬૯/૫૯૯૫૧-આઈ.—ભારત સરકાર અથવા રાજ્ય સરકારે રક્ષિત સ્મારકો તરીકે જાહેર કરેલી સંખ્યાબંધ વાવો છે. આમાંની નીચેની વાવોનું પાણી સિંચાઈના હેતુઓ સારૂ વાપરવા માટે મળી શકે તેમ છે:—

(ક) ભારતીય પુરાતત્વ સરવે પશ્ચિમ વર્તુળ, વડોદરાના સુપ્રિન્ટેન્ડન્ટના નિયંત્રણ હેઠળની :—

(૧) જેઠાભાઈની વાવ, અમદાવાદ.

(૨) અજપાલ કુંડ, મહેસાણા.

(૩) ભમરીયો કૂવો, મહેમદાવાદ, ખેડા.

(૪) અડાલજની વાવ, અડાલજ, અમદાવાદ.

(ખ) પુરાતત્ત્વ નિયામક, ગુજરાત રાજ્ય, અમદાવાદના નિયંત્રણ હેઠળની :—

(૫) રાખેંગાર વાવ, જૂનાગઢ.

(૬) સૂર્યકુંડ, સુત્રાપાડા, જૂનાગઢ.

સરકાર, સિંચાઈના હેતુઓ માટે ઉપર્યુક્ત કૂવાઓનાં પાણી વાપરવા ઈચ્છે છે. સુપરિન્ટેન્ડન્ટ, ભારતીય પુરાતત્ત્વ સરવે, પશ્ચિમ વર્તુળ, વડોદરાએ નીચેની શરતોને અધીન રહીને સિંચાઈના હેતુઓ માટે અનુક્રમાંક (૧) થી (૪) માં દર્શાવેલ વાવ વાપરવાની પરવાનગી આપી છે. કૂવાથી ઓછામાં ઓછા ૫૦ ફૂટના અંતરે પમ્પો મૂકવા, જગા ચોખ્ખી રાખવી, સ્મારકોને અથવા તેની સાથેની જમીનને કોઈપણ જાતનું નુકશાન થવું જોઈએ નહિ અને કાયમી પ્રકારનું કોઈ બાંધકામ કરવું નહિ. અનુક્રમાંક (૫) અને (૬) ની વાવની સાથે સંબંધિત છે ત્યાં સુધી, જૂનાગઢના કલેકટર ઠરાવે તેવી શરતોએ તેમાંનું પાણી વાપરવા માટેની જરૂરી પરવાનગી અંગે તેમનો સંપર્ક સાધી શકાશે.

૨. ઉપરનાં સદરહુ કૂવાઓના પાણીનું, સોઈલ સરવે અધિકારી, વડોદરા, મારફત રાસાયણિક પૃથક્કરણ કરાવવું જોઈશે. સિંચાઈના હેતુઓ માટે પાણી યોગ્ય જણાય તો, નજીકની જમીનોના ખેડૂતો તરફથી સિંચાઈ માટે માંગ હોય તો, પંપ સિંચાઈ યોજનાઓ તૈયાર કરીને, યોગ્ય અધિકારી મારફત તેમને મંજૂર કરાવવાની, સંબંધિત પંચાયતોને સલાહ આપવામાં આવે છે. મંજૂરી મેળવતાં પહેલાં વ્યવસ્થા દર્શાવતા પ્લાન, યથાપ્રસંગ, સુપરિન્ટેન્ડન્ટ, ભારતીય પુરાતત્ત્વ સરવે, પશ્ચિમ વર્તુળ, વડોદરા અથવા પુરાતત્ત્વ નિયામક, ગુજરાત રાજ્ય, અમદાવાદને સંબંધિત પંચાયતે મોકલવા જોઈશે અને તેમની મંજૂરી મેળવવી જોઈશે.

૩. તે જ નંબરની જાહેર બાંધકામ વિભાગની ફાઈલ પર, સન ૧૯૬૯ ના ઓકટોબર મહિનાની ૧૩મી તારીખે શિક્ષણ અને મજૂર વિભાગની સંમતિથી, આ પરિપત્ર કાઢવામાં આવ્યો છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**ટી. એમ. નાયક,**
ગુજરાત સરકાર, ઉપ-સચિવ.

**પ્રાચીન સ્મારકોનું રક્ષણ કરવા બાબત**

**ગુજરાત સરકાર**

## શિક્ષણ અને મજૂર વિભાગ

**સચિવાલય, ગાંધીનગર, ૫મી એપ્રિલ ૧૯૭૫**

### પરિપત્ર

નંબર એએચઆર-૧૦૭૦-૨૨૨૮૦-૭૪-ય.— દેશના પ્રાચીન સ્થાપત્ય અને સંસ્કૃતિના પુરાવા દર્શાવતા ઐતિહાસિક પ્રાચીન સ્થાપત્યકીય સ્મારકોનું તથા યોગ્ય રીતે રક્ષણ કરવું તે સૌની ફરજ ગણાય. સરકારશ્રીના ધ્યાન પર આવ્યું છે કે ઘણીવાર આ અમૂલ્ય વારસાની ઉપેક્ષા કરવામાં આવે છે. જેથી પ્રાચીન સ્મારકોની આસપાસ લગભગ ૨૦૦ મીટર જગામાં નવું બાંધકામ થવા દેવું નહિ. બાંધકામ કરવા દેવાની આવશ્યકતા ઉભી થાય તો પુરાતત્ત્વ ખાતાનો સંપર્ક સાધીને નવા બાંધકામ ઉપર આવશ્યક નિયંત્રણ મૂકી તે ખાતાની સલાહ પ્રમાણે બાંધકામ થાય તે અંગે આ વિભાગના પરિપત્ર ક્રમાંક એમયુએન-૧૭૬૮-૨૩૧૯૬-મ, તારીખ ૧લી મે ૧૯૬૯ થી સૂચનાઓ બહાર પાડવામાં આવી છે. આ સૂચનાઓનો અમલ થતો હોય તેમ જણાતું નથી. જેથી આપણાં પ્રાચીન ભવ્ય સંસ્કૃતિના વારસાની યથાવત જાળવણીમાં સૌ મદદરૂપ થાય એવી અપેક્ષા રાખવામાં આવે છે, અને ઉપરોકત જણાવેલ પરિપત્રની સૂચનાઓનું કડક પાલન થાય તેવી વિનંતી કરવામાં આવે છે. વિશેષમાં સ્થાનિક સંસ્થાઓ પોતાના બિલ્ડીંગ બાયલોઝમાં પણ સુધારો કરે તેવી પણ સરકારશ્રી અપેક્ષા રાખે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ગંગાસિંહ પરમાર,
સેકશન અધિકારી.

---

મહેસૂલ વિભાગના તારીખ ૨૦મી ડિસેમ્બર ૧૯૫૬ના સરકારી ઠરાવ ક્રમાંક ટીઆરટી-૧૬૫૬-એન સાથેનું જોડાણ

# ભારત ભૂમિગત ધન અધિનિયમ, ૧૮૭૮

## અનુક્રમણિકા


પ્રસ્તાવના

પ્રારંભિક

કલમો :

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ

૨. (રદ કરી)

૩. અર્થઘટન–ખંડ
"ધન"
"કલેક્ટર"
"માલિક"

૪. ધન જેને મળી આવે તે વ્યકિતએ જાણ કરવા બાબત.

૫. હકદારોને હાજર થવા ફરમાવનું જાહેરનામું.

૬. હાજર ન થાય તો હક જાય.

૭. કલેક્ટરે તપાસ કરવાની અને નક્કી કરવાની બાબતો.

૮. ધનની હકદાવો કરતી વ્યકિતને દાવો માંડવા માટે સમય આપવા બાબત.

૯. ધન માલિક વગરનું ક્યારે જાહેર કરી શકાય તે બાબત.

૧૦. જાહેરાત પછીની કાર્યવાહી.

૧૧. જ્યારે બીજી કોઈ વ્યકિત જગાના માલિક તરીકે હક્ક દાવો ન કરે ત્યારે ધન, જેને તે મળી આવ્યું હોય તેને આપવા બાબત.

૧૨. આવી એક જ વ્યકિત હકદાવો કરે અને તેનો દાવો તકરારી ન હોય ત્યારે ધનના ભાગ પાડવા બાબત.

૧૩. જગાની માલિકી બાબત તકરાર હોય તે પ્રસંગે, કાર્યવાહી મોકૂફ રાખવા બાબત.

૧૪. એવી તકરારની પતાવટ.

૧૫. અને તેમ થયે વિભાજન કરવા બાબત.

૧૬. સરકાર વતી સદરહુ ધન સંપાદિત કરવાની સત્તા.

૧૭. કલેક્ટરનો નિર્ણય આખરી ગણાશે અને શુદ્ધબુદ્ધિથી કરેલાં કાર્યો માટે તેની સામે દાવો થઈ શકશે નહિ.

૧૮. કલેક્ટરે દીવાની કોર્ટની સત્તાઓ વાપરવા બાબત.

૧૯. નિયમો કરવાની સત્તા.

૨૦. જેને ધન મળી આવ્યું હોય તે નોટિસ આપવાનું ચૂકે તો શિક્ષા વગેરે.

૨૧. કલમ ૨૦ હેઠળ ગુનામાં મદદગારી કરનાર માલિકને શિક્ષા.


---

## ભૂમિગત ધન (પ્રારંભિક)

## સન ૧૮૭૮નો અધિનિયમ, ક્રમાંક ૬

(૧૩મી ફેબ્રુઆરી, ૧૮૭૮)

### ભૂમિગત ધનને લગતો કાયદો સુધારવા બાબત અધિનિયમ

**પ્રસ્તાવના .—** ભૂમિગત ધનને લગતો કાયદો સુધારવાનું ઈષ્ટ છે, આથી નીચે પ્રમાણે અધિનિયમ કરવામાં આવે છે :—

### પ્રારંભિક

૧. આ અધિનિયમ "ભારત ભૂમિગત ધન અધિનિયમ, ૧૮૭૮" કહેવાશે. **ટૂંકી સંજ્ઞા.**

૨. તે સમગ્ર બ્રિટિશ ભારતને લાગુ પડે છે (અધિનિયમનો રદ કરવા બાબત) રદ કરવા અને સુધારવા બાબતના અધિનિયમ, ૧૮૯૧ (સન ૧૮૯૧ ના ૧૨ મા). **વ્યાપ્તિ.**

૩. આ અધિનિયમમાં— **અર્થઘટન-ખંડ.**

"ધન" એટલે જમીનમાં અથવા તેને સંલગ્ન કોઈ વસ્તુમાં સંતાડેલી ગમે તે મૂલ્યની કોઈ વસ્તુ. **ધન**

"કલેક્ટર" એટલે (૧) જિલ્લાનો સ્વતંત્ર પણે ચાર્જ ધરાવનાર કોઈ મહેસૂલ અધિકારી, અને (૨) આ અધિનિયમ હેઠળ કલેક્ટરના કાર્યો બજાવવા રાજ્ય સરકારે નીમેલા કોઈપણ અધિકારી. **કલેક્ટર**

જ્યારે કોઈ જમીન અથવા તેને સંલગ્ન કોઈ વસ્તુના તબદીલી લેખમાંની કોઈ શરત હેઠળ કોઈ વ્યકિત આવી જમીનમાં કે તેને સંલગ્ન વસ્તુમાંના ધનની હકદાર હોય ત્યારે, તે આ અધિનિયમના હેતુઓ પુરતી આવી જમીન કે વસ્તુની માલિક હોવાનું ગણાશે. **માલિક**

૪. જ્યારે પણ દસ રૂપિયાથી વધુ રકમ કે મૂલ્યનું કોઈ ધન મળી આવે ત્યારે, જેને તે મળ્યું હોય તેણે વ્યવહાર્ય હોય તેટલું જલદી કલેક્ટરને નીચેની બાબતોની લેખિત જાણ કરવી જોઈશે :— **ધન જેને મળી આવે તે વ્યકિતએ, જાણ કરવા બાબત.**

(ક) તે ધનના પ્રકારની અને રકમની અથવા તેની આશરે કિંમતની,

(ખ) જે જગ્યાએ તે મળી આવ્યું હોય તે જગાની,

(ગ) મળી આવ્યું હોય તે તારીખની.

અને તેણે તે ધન સૌથી નજીકની સરકારી તિજોરીમાં મૂકી આવવું જોઈશે અથવા કલેક્ટર વખતોવખત ફરમાવે તે સમયે અને સ્થળે તે ધન રજૂ કરવાની કલેક્ટરને યોગ્ય લાગે તેવી બાંયધરી તેણે આપવી જોઈશે.

૫. કલમ ૪ હેઠળ નોટિસ મળ્યે, કલેક્ટરે, પોતાને યોગ્ય લાગે તેવી તપાસ (કોઈ હોય તો તે) કર્યા પછી, નીચેના પગલાં લેવાં જોઈશે :— **હકદારોને હાજર થવા ફરમાવતું જાહેરનામું.**

(ક) તેણે રાજ્ય સરકાર આ અર્થે વખતોવખત ઠરાવે તેવી રીતે એવી મતલબનું જાહેરનામું પ્રસિદ્ધ કરવું જોઈશે કે અમુક તારીખે (તારીખ જણાવીને) અમુક ધન (તેનો પ્રકાર, રકમ અને આશરે મૂલ્ય જણાવીને) અમુક સ્થળે (સ્થળ જણાવીને) મળી આવ્યું હતું; અને તેમાં ધનનો કે તેના કોઈ ભાગનો દાવો કરતી તમામ વ્યકિતઓને જાતે અથવા એજન્ટ મારફત જાહેરનામામાં જણાવેલા દિવસે અને સ્થળે કલેક્ટર સમક્ષ હાજર થવું. આવો દિવસ, આવું જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખ પછી ચાર મહિના કરતાં વહેલો અથવા છ મહિના કરતાં મોડો હોવો જોઈએ નહિ.

(ખ) જે સ્થળે ધન મળી આવ્યું હોવાનું કલેક્ટરને જણાય તે સ્થળ ધન મળી આવ્યાની તારીખે, જેને મળી આવ્યું હોય તે સિવાય બીજી કોઈ વ્યકિતના કબજામાં હોય, તો કલેક્ટરે તે વ્યકિત ઉપર પણ તે જ મતલબની ખાસ નોટિસ બજાવવી જોઈશે.

૬. આવા ધન કે તેના કોઈ ભાગ ઉપર જે સ્થળે તે મળી આવ્યું હોય તે સ્થળના માલિક તરીકે અથવા બીજી રીતે હક ધરાવનાર અને કલમ ૫ હેઠળ બહાર પાડેલા જાહેરનામાથી ફરમાવ્યા પ્રમાણે હાજર ન થનાર કોઈપણ વ્યકિત તેવો હક ગુમાવશે. **હાજર ન થાય તો હક જાય.**

**કલેક્ટરે તપાસ કરવાની અને નક્કી કરવાની બાબતો.**

૭. કલમ ૫ હેઠળ જાહેર કરેલા દિવસે કલેક્ટરે ધન પોતાની સમક્ષ રજૂ કરાવવું જોઈશે અને—

(ક) આવું ધન કઈ વ્યકિતને કયા સ્થળે અને કયા સંજોગોમાં મળી આવ્યું તે વિશે અને

(ખ) શકય હોય તેટલે અંશે કઈ વ્યકિતએ અને કયા સંજોગોમાં તે ધન સંતાડ્યું હતું તે વિશે તપાસ કરવી જોઈશે અને નિર્ણય કરવો જોઈશે.

**ધનનો હકદાવો કરતી વ્યકિતને દાવો માંડવા માટે સમય આપવા બાબત.**

૮. કલમ ૭ હેઠળ કરેલી તપાસ ઉપરથી કલેક્ટરને એમ માનવાને કારણ હોય કે સદરહુ જાહેરનામાથી ફરમાવ્યા પ્રમાણે હાજર થનાર અને તે ધનનો હકદાવો કરનાર વ્યકિતએ, અથવા જેની હેઠળ તે વ્યકિત હકદાવો કરતી હોય તેવી બીજી કોઈ વ્યકિતએ, ધન મળી આવ્યાની તારીખ પહેલાંના એકસો વર્ષની અંદર તે ધન સંતાડ્યું હતું તો કલેક્ટરે, હકદાવો કરનારને પોતાનો હક સાબિત કરવા દીવાની કોર્ટમાં દાવો માંડવાનો સમય આપવા, પોતાને પૂરતી લાગે તેટલી મુદત સુધી કેસની સુનાવણી મોકૂફ રાખતો હુકમ કરવો જોઈશે.

**ધન માલિક વગરનું ક્યારે જાહેર કરી શકાય તે બાબત.**

૯. આવી તપાસ ઉપરથી કલેક્ટરને ધન તેવી રીતે સંતાડેલું હતું એમ માનવાને કારણ ન હોય, **અથવા** કલમ ૮ હેઠળ મુદત ઠરાવી હોય ત્યારે ઉપર્યુક્ત પ્રમાણે તે મુદતની અંદર કોઈ દાવો માંડ્યો હોવાનું કલેક્ટરની જાણમાં ન હોય,

**અથવા**

તેવો દાવો તેવી મુદતની અંદર માંડવામાં આવ્યો હોય અને વાદીનો દાવો છેવટે નામંજૂર થયો હોય.

તો કલેક્ટર ધનને માલિક વગરનું જાહેર કરી શકશે.

**તેવી જાહેરાત સામે અપીલ.**

આ કલમ હેઠળ કરેલી જાહેરાતથી નારાજ થયેલી કોઈપણ વ્યકિત. જાહેરાતની તારીખથી બે મહિનાની અંદર મુખ્ય નિયંત્રક મહેસૂલ સત્તાધિકારીને, તેની સામે અપીલ કરી શકશે. તેવી અપીલને અધીન, એવી દરેક જાહેરાત છેવટની અને નિર્ણાયક રહેશે.

**જાહેરાત પછીની કાર્યવાહી.**

૧૦. કોઈ ધન સંબંધમાં કલમ ૯ હેઠળ જાહેરાત કરવામાં આવી હોય ત્યારે, તે ધન આમાં હવે પછી જણાવેલી જોગવાઈઓ અનુસાર, તે જેને મળી આવ્યું હોય તેને સોંપવું જોઈશે અથવા તેની અને જે જગામાં તે મળી આવ્યું હોય તે જગાના માલિક એ બંને વચ્ચે આમાં હવે પછી ઠરાવેલી રીતે વહેંચી આપવું જોઈશે.

**જ્યારે બીજી કોઈ વ્યકિત જગાના માલિક તરીકે હકદાવો ન કરે ત્યારે ધન, જેને તે મળી આવ્યું હોય તેને આપવા બાબત.**

૧૧. કોઈ ધન સંબંધમાં ઉપર જણાવ્યા પ્રમાણે જાહેરાત કરવામાં આવી હોય અને તે ધન મળી આવ્યું હોય તે વ્યકિત સિવાય બીજી કોઈ વ્યકિત કલમ ૫ હેઠળ પ્રસિદ્ધ કરેલા જાહેરનામાથી ફરમાવ્યા પ્રમાણે હાજર થઈ ન હોય અને જે જગાએ તે ધન મળી આવ્યું હોય તે જગાના માલિક તરીકે એમાં પોતાના હિસ્સા માટે હક દાવો કર્યો ન હોય ત્યારે કલેક્ટરે તે ધન, જેને તે મળી આવ્યું હોય તેને સોંપવું જોઈશે.

**આવી એક જ વ્યકિત હકદાવો કરે અને તેનો દાવો તકરારી ન હોય ત્યારે ધનના ભાગ પાડવા બાબત.**

૧૨. કોઈ ધનના સંબંધમાં ઉપર જણાવ્યા પ્રમાણે જાહેરાત કરવામાં આવી હોય અને તે ધન જેને મળી આવ્યું હોય તે વ્યકિત સિવાય માત્ર એક જ વ્યકિત એવી રીતે હાજર થઈ હોય અને હકદાવો કર્યો હોય અને તે વ્યકિતના હકદાવા અંગે જેને ધન મળી આવ્યું હોય તેણે તકરાર કરી ન હોય, ત્યારે કલેક્ટરે જેને તે મળી આવ્યું હોય તેની અને તેવી રીતે હકદાવો કરનાર વ્યકિત વચ્ચે ધનના ભાગ પાડવાની કાર્યવાહી નીચેના નિયમ અનુસાર કરવી જોઈશે :—

જેને ધન મળી આવ્યું હોય તેણે અને તેવી રીતે હકદાવો કરનાર વ્યકિતને ધનના નિકાલ અંગે તે સમયે અમલમાં હોય તેવી કોઈ કબૂલાત કરી ન હોય તો, ધનનો ત્રણ ચતુર્થાંશ ભાગ તે જેને મળી આવ્યું હોય તેને ફાળવવો જોઈશે અને બાકીનો ભાગ તે વ્યકિતને આપવો જોઈશે. જેને તે મળી આવ્યું હોય તેણે અને તે વ્યકિતએ આવી કોઈ કબૂલાત કરી હોય તો, ધનનો તે અનુસાર નિકાલ કરવો જોઈશે;

પરંતુ કલેક્ટર, કોઈ કિસ્સામાં પોતાને યોગ્ય લાગે તો આ કલમથી આદેશ આપ્યા પ્રમાણે કોઈ ધનના ભાગ પાડવાને બદલે—

(ક) બેમાંથી એક પક્ષકાર, યથાપ્રસંગ તેવા બીજા પક્ષકારના હિસ્સાને અથવા તેવી રીતે ફાળવાયેલા વધારાના ભાગને સમાન હોય તેવી કલેકટર ઠરાવે તેટલી નાણાની રકમ બીજા પક્ષકાર માટે કલેકટરને ભરી દે તો કલેકટર તે ધનનો સમગ્ર ભાગ અથવા તેના હિસ્સા કરતાં વધારે રકમ તેવા પક્ષકારને ફાળવી શકશે; અથવા.

(ખ) તેવું ધન અથવા તેનો કોઈ ભાગ જાહેર લીલામ કરીને વેચી શકશે અને વેચાણની ઉપજ પક્ષકારો વચ્ચે આમાં અગાઉ ઠરાવેલા નિયમ અનુસાર વહેંચી શકશે.

વધુમાં કલમ ૯ હેઠળ કલેકટરે પોતાની જાહેરાતથી જેને ધન મળી આવ્યું હોય, અથવા જે સ્થળેથી ધન મળી આવ્યું હોય તે સ્થળના માલિક હોવાનો દાવો કરનાર સિવાયની કોઈ વ્યકિતનો દાવો આ અધિનિયમ હેઠળ નામંજૂર કર્યો હોય, ત્યારે, આવું વિભાજન, કલમ ૯ હેઠળ જેનો હકદાવો આમ નામંજૂર થયો હોય તેવી વ્યકિતએ બે મહિના વીતી ગયા સુધી અપીલ કરી ન હોય ત્યાં સુધી અથવા આવી અપીલ કરી હોય અને તે કાઢી નાખવામાં આવી ન હોય ત્યાં સુધી થઈ શકશે નહિ.

આ કલમ હેઠળ કલેકટરે વિભાજન કર્યું હોય ત્યારે તેણે તેવા વિભાજન હેઠળ પક્ષકારો ધનના જે ભાગને હકદાર હોય તે ભાગ અથવા તેના બદલામાં આપવાનાં નાણાં તેણે તેમને આપવાં જોઈશે. **અને કરેલા ભાગ પક્ષકારોને સોંપવા રહેશે.**

**જગાની માલિકી બાબત તકરાર હોય તે પ્રસંગે, કાર્યવાહી મોકૂફ રાખવા બાબત.**

૧૩. કોઈ ધન સંબંધમાં ઉપર જણાવ્યા પ્રમાણે જાહેરાત કરવામાં આવી હોય અને બે અથવા વધારે વ્યકિતઓ ઉપર જણાવ્યા પ્રમાણે હાજર થઈ હોય અને તેમાંની દરેક વ્યકિતએ જયાંથી ધન મળી આવ્યું હોય તે જગાના માલિક તરીકે હકદાવો કર્યો હોય, ત્યારે અથવાં તેવી રીતે હાજર થયેલી અને હકદાવો કરનાર વ્યકિતના હક અંગે, આવું ધન જેને મળી આવ્યું હોય તે વ્યકિતએ તકરાર કરી હોય, ત્યારે કલેકટરે આવું ધન પોતાની પાસે રાખવું જોઈશે અને તે બાબતની દીવાની કોર્ટ દ્વારા તપાસ કરાવવા અને તેનો નિર્ણય કરાવવાના ઉદ્દેશથી પોતાની કાર્યવાહી મોકૂફ રાખવાનો હુકમ કરવો જોઈશે.

**એવી તકરારની પતાવટ.**

૧૪. એવી રીતે હાજર થઈને હકદાવો કર્યો હોય તે કોઈપણ વ્યકિત, તેવા હુકમની તારીખથી એક મહિનાની અંદર, પોતાનો હક જાહેર કરતુ હુકમનામું મેળવવા દીવાની કોર્ટમાં દાવો માંડી શકશે, અને એવા દરેક દાવામાં, ધન મળી આવ્યું હોય તે વ્યકિત તથા તેવા હકદાવા અંગે કલેકટર સમક્ષ તકરાર કરતી તમામ વ્યકિતઓ પ્રતિવાદીઓ તરીકે રહેશે.

**અને તેમ થયે વિભાજન કરવા બાબત**

૧૫. આવો કોઈ દાવો માંડવામાં આવે અને તેમાં વાદીનો દાવો છેવટે સાબિત થયો હોય તો, કલેકટરે તે ધનનું કલમ ૧૨ ની જોગવાઈઓને અધીન રહીને, તેની અને જેને તે મળી આવ્યું હોય તે વ્યકિતની વચ્ચે વિભાજન કરવું જોઈશે.

ઉપર જણાવ્યા પ્રમાણે આવો કોઈ દાવો માંડવામાં ન આવે અથવા આવા તમામ દાવાઓમાં વાદીઓની માંગણીઓ છેવટે નામંજૂર થઈ હોય, તો કલેકટરે ધન જેને તે મળી આવ્યું હોય તેને સોંપવું જોઈએ.

**સરકાર વતી સદરહુ ધન સંપાદન કરવાની સત્તા.**

૧૬. કલેકટર, કલમ ૯ હેઠળ જાહેરાત કર્યા પછી અને આમાં અગાઉ જોગવાઈ કર્યા પ્રમાણે ધન સોંપતાં અને તેનું વિભાજન કરતાં પહેલાં કોઈ પણ સમયે સરકાર વતી ધન અથવા તેનો નિર્દિષ્ટ કરેલો કોઈ ભાગ સંપાદિત કરવાનો પોતાનો ઈરાદો પોતાની સહીવાળા લખાણથી જાહેર કરી શકશે અને તે માટે હકદાર વ્યકિતઓને તેણે તેવા ધન અથવા ભાગમાંની વસ્તુઓની કિંમત જેટલી રકમ, તેવી કિંમતના એક પંચમાંસ ભાગ સહિત ચૂકવવો જોઈએ અને તે રકમ તેવી વ્યકિતઓની જમા તરીકે પોતાની તિજોરીમાં ડિપોઝીટ તરીકે મૂકી શકશે, અને તેમ થએ, આવું ધન અથવા ભાગ સરકારની મિલકત ગણાશે અને એવી રીતે ડિપોઝીટ કરેલાં નાણાંની, તે ધન કે તેનો ભાગ હોય તેમ, શકય હોય તેટલે સુધી, વ્યવસ્થા કરવી જોઈશે.

**કલેકટરનો નિર્ણય આખરી ગણાશે અને શુધ્ધબુધ્ધિથી કરેલાં કામો માટે તેની સામે દાવો થઈ શકશે નહિ.**

૧૭. આ અધિનિયમ હેઠળ કલેકટરે લીધેલા કોઈ નિર્ણય અથવા કરેલા કોઈ કાર્ય સામે કોઈ દીવાની કોર્ટમાં વાંધો ઉઠાવી શકાશે નહિ અને આથી મળેલી સત્તાઓ વાપરીને શુદ્ધબુધ્ધિથી કરેલા કોઈ કાર્ય માટે તેની સામે કોઈ દાવો કે બીજી કાર્યવાહી થઈ શકશે નહિ.

કલેકટરે દીવાની કોર્ટની સત્તાઓ વાપરવા બાબત.

૧૮. આ અધિનિયમ હેઠળ તપાસ કરનાર કલેકટર દાવાની ઈન્સાફી કાર્યવાહી માટે દીવાની કોર્ટને "દીવાની કાર્યરીતિ અધિનિયમ"થી મળેલી કોઈ સત્તા વાપરી શકશે.

નિયમો કરવાની સત્તા.

૧૯. રાજ્ય સરકાર આ હેઠળની કાર્યવાહીનું નિયમન કરવા આ અધિનિયમ સાથે સુસંગત નિયમો વખતોવખત કરી શકશે:

એવા નિયમો રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયે, કાયદા જેવો પ્રભાવ ધરાવશે.

જેને ધન મળી આવ્યું હોય તે નોટિસ આપવાનું ચૂકે તો શિક્ષા વગેરે.

૨૦. **શિક્ષા.**—જેને કોઈ ધન મળી આવ્યું હોય તે વ્યકિત નોટિસ આપવાનું ચૂકે અથવા કલમ ૪ થી ફરમાવ્યા પ્રમાણે ડિપોઝીટ ન મૂકે અથવા બાંયધરી ન આપે અથવા તે ધનની ઓળખ છુપાવી શકાય તે રીતે તેમાં ફેરફાર કરે અથવા ફેરફાર કરવાની કોશિશ કરે તો તે ધનના જે હિસ્સાને અથવા તેના બદલામાં તે બીજી રીતે હકદાર હોય તે નાણાં સરકારમાં નિહિત થશે.

અને તે મેજિસ્ટ્રેટ સમક્ષ દોષિત ઠર્યે, તેને એક વર્ષની મુદત સુધીની કેદની અથવા દંડની શિક્ષા અથવા એ બંને શિક્ષા કરવામાં આવશે.

કલમ ૨૦ હેઠળ ગુનામાં મદદગારી કરનાર માલિકને શિક્ષા.

૨૧. જ્યાંથી ધન મળી આવ્યું હોય તે જગાનો માલિક "ભારતના ફોજદારી કાયદા" ના અર્થ મુજબ કલમ ૨૦ હેઠળના ગુનામાં મદદ કરે, તો તે ધનનો હિસ્સો અથવા તેના બદલામાં બીજી રીતે હકદાર થતો હોય તે નાણાં સરકારમાં નિહિત થશે.

અને તે મેજીસ્ટ્રેટ સમક્ષ દોષિત ઠર્યે, તેને છ મહિના સુધીની કેદની અથવા દંડની શિક્ષા અથવા એ બંને શિક્ષા કરવામાં આવશે.

ભારત ભૂમિગત ધન અધિનિયમ, ૧૮૭૮ હેઠળ નિયમો–

મુંબઈ સરકાર

# મહેસૂલ વિભાગ

## ઠરાવ

સચિવાલય, મુંબઈ, તારીખ ૧૫મી જુલાઈ ૧૯૫૯

ભારત સરકારના શિક્ષણ અને વૈજ્ઞાનિક સંશોધન મંત્રાલય તરફથી આવેલ તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૫૭નો પત્ર ક્રમાંક એફ/૧૮/૨/૫૭/સી/૩ :

" હું આથી ફરમાવું છું કે ભારત ભૂમિગત ધન અધિનિયમ, ૧૮૭૮ ની કલમ ૧૯ હેઠળ, તે હેઠળની કાર્યવાહી નિયમિત કરવા માટે, અધિનિયમ સાથે સુસંગત નિયમો કરવા, સ્થાનિક સરકારોને અધિકૃત કરવામાં આવી છે. આ જોગવાઈ અનુસાર, જુદી જુદી રાજ્ય સરકારોએ, સાવ એકસરખા નથી તેવા કેટલાંક નિયમસમૂહો તૈયાર કર્યા છે.

અધિનિયમના અમલ માટે રાજ્ય સરકારોએ કરેલા ભૂમિગત ધન અધિનિયમ અને નિયમો ઉપર સંગ્રહ-સ્થાનને લગતા કેન્દ્રીય સલાહકાર બોર્ડની સ્થાયી સમિતિએ વિચારણા કરી હતી અને તેને લાગ્યું હતું કે થોડાં રાજ્યો બાદ કરતાં કોઈએ, ભૂમિગત ધનનું યોગ્ય વિતરણ કર્યું નથી અને તેને એમ જણાયું છે કે અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોનો અમલ બની શકે ત્યાં સુધી એક સરખો થવો જોઈશે.

સંગ્રહસ્થાનને લગતા કેન્દ્રીય સલાહકાર બોર્ડની સ્થાયી સમિતિએ એવી ભલામણ કરી છે કે આ નિયમો માત્ર સિક્કાઓને લગતા નથી પણ ભૂમિગત ધનની વ્યાખ્યામાં આવતી વસ્તુઓને પણ તે લાગુ પાડવા જોઈશે. ભૂમિગત ધન અધિકારી દરેક રાજ્યમાં નીમવા જોઈશે અને રાજ્યની હકૂમતની અંદર શોધી કાઢેલા તમામ ભૂમિગત ધનની શકય તેટલી જલદી તેને જાણ કરવી જોઈશે. મળી આવેલા આવા ધનની તેણે તપાસ કરવી જોઈશે અને કઈ વસ્તુ જાહેર સંગ્રહસ્થાન માટે પ્રાપ્ત કરવા લાયક છે તે તેણે નક્કી કરવું જોઈશે. સંગ્રહસ્થાનોને લગતા કેન્દ્રીય સલાહકાર બોર્ડની સ્થાયી સમિતિની ભલામણોને અનુસરીને ભારત સરકારે, અધિનિયમની કલમ ૧૯ હેઠળ નમૂનારૂપ નિયમો કર્યા છે. જેની નકલ આ સાથે જોડી છે.

હું વિનંતી કરું છું કે, રાજ્ય સરકારને કંઈ વાંધો ન હોય તો, તેણે હોય તે વિદ્યમાન નિયમોને બદલે, નમૂનેદાર નિયમો અપનાવવા ત્વરિત પગલાં લેવાં, નમૂનેદાર નિયમો માત્ર સાર-ભાગ જેવા છે. જો કે રાજ્ય સરકાર, તેને જરૂરી લાગે તો કેટલાંક વિદ્યમાન નિયમોની જોગવાઈઓ પણ જેટલે અંશે તે સૂચિત નમૂનેદાર નિયમો સાથે અસંગત ન હોય તેટલે અંશે ચાલુ રાખી શકે છે.

આ બાબતમાં લીધેલાં પગલાંની શકય તેટલી જલદી, આ મંત્રાલયને જાણ કરવી એવી વિનંતી છે.

દફતર સંગ્રહ અને ઐતિહાસિક સ્મારક નિયામક, મુંબઈની તારીખ ૨૪મી મે, ૧૯૫૮ ની યાદી ક્રમાંક ૫૮ ની ૧૪૫-એ (ટીટીઆર) ૧૧૫૬ અને તારીખ ૨૦ મી ઓગસ્ટ, ૧૯૫૮ની ક્રમાંક ૧૯૫૮ની ૧૪૫-એ (ટીટીઆર) ૧૧૮.

ક્રમાંક ટીઆરટી/૧૦૫૪/એન/સરકાર, ભારત ભૂમિગત ધન અધિનિયમ, ૧૯૭૮ ની કલમ ૯ હેઠળ કરેલા વિદ્યમાન નિયમો રદ કરીને, આ સાથેના મુંબઈ ભૂમિગત ધન નિયમો, ૧૯૫૯ ઠરાવે છે.

૨. નિયમો, મુંબઈ સરકારી રાજ્યપત્ર (ભાગ ૪-એ) માં પ્રસિધ્ધ કરવા જોઈશે.

૩. નિયમોનું ભાષાંતર ૨ પ્રાદેશિક ભાષાઓ, એટલે કે, મરાઠી અને ગુજરાતીમાં કરવાની અને **મુંબઈ સરકારી રાજ્યપત્રમાં** પ્રસિધ્ધ કરવા માટે મેનેજર, ગવર્નમેન્ટ સેન્ટ્રલ પ્રેસ, મુંબઈને ભાષાંતર મોકલવાની એક્ઝામીનર, બુકસ એન્ડ પબ્લીકેશન્સને વિનંતી કરવી. (જી.આર.-એલ.એબી./રેવન્યુ/એચ ૪૫૨ (૨૫૦૨/૭/૫૯)

---

(૧૫ જુલાઈ ૧૯૫૯ના મહેસૂલ વિભાગના સરકારી ઠરાવ ક્રમાંક ટીઆરટી/૧૦૫૪/એન.)

૪. નિયમો અંગ્રેજીમાં, મરાઠીમાં અને ગુજરાતીમાં છાપવાની અને તેની નકલો જિલ્લા કલેકટરને મોકલવાની મેનેજર, ગવર્નમેન્ટ સેન્ટ્રલ પ્રેસ, મુંબઈને વિનંતી કરવી. જિલ્લા કલેકટરોએ તેમની જરૂરિયાતે એક મહિનાની અંદર મેનેજરને જણાવવી.

૫. નિયમો વગેરેના છાપકામનો ખર્ચ, હિસાબના નમૂનાના હેતુઓ માટે "૭-જમીન મહેસૂલ" એ સદર ખાતે ઉધારવો."

મુંબઈના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. એમ. કાજી,
મુંબઈ સરકારના મદદનીશ સચિવ.

મહેસૂલ વિભાગના તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૫૯ના સરકારી ઠરાવ ક્રમાંક ટીઆરટી-૧૦૫૪-એન, સાથે જોડેલ.

## મહેસૂલ વિભાગ

### જાહેરનામું

સચિવાલય, મુંબઈ, તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૫૯

**ભારત ભૂમિગત ધન અધિનિયમ, ૧૮૭૮ :**

ક્રમાંક ટીઆરટી-૧૦૫૪-એન.—(મુંબઈ રાજ્યના હૈદરાબાદ અને સૌરાષ્ટ્ર વિસ્તારોને લાગુ પાડયા પ્રમાણેના) ભારત ભૂમિગત ધન અધિનિયમ, ૧૯૫૭ (સન ૧૯૫૮ના ૩૩ માં) ની કલમ ૨ સાથે વાંચવામાં આવતી ભારત ભૂમિગત ધન અધિનિયમ, ૧૮૭૮ (સને ૧૮૭૮ના ૬ઠ્ઠા) ની કલમ ૧૯ થી મળેલી સત્તાની રૂએ, મુંબઈ સરકાર, આથી, નીચેના નિયમો કરે છે :—

૧. **વ્યાખ્યા.**—આ નિયમો "મુંબઈ ભૂમિગત ધન નિયમો, ૧૯૫૯" કહેવાશે.

૨. આ નિયમોમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો—

(ક) "અધિનિયમ" એટલે ભારત ભૂમિગત ધન અધિનિયમ, ૧૮૭૮;

(ખ) "કલમ" એટલે, અધિનિયમની કલમ;

(ગ) "સુપ્રિન્ટેન્ડન્ટ" એટલે જેની હકૂમત હેઠળના વિસ્તારમાં ભૂમિગત ધન મળી આવ્યું હોય તે ભારત સરકારના પુરાતત્ત્વ વિભાગના સુપ્રિન્ટેન્ડન્ટ,

(ઘ) "ભૂમિગત ધન અધિકારી" એટલે, પુરાતત્ત્વ નિયામક, ગુજરાત રાજ્ય, અમદાવાદ.*

૩. **કલેકટરનો રિપોર્ટ.**—ધન મળી આવ્યું છે એવી કલમ ૪ હેઠળ કોઈ નોટિસ મળ્યે અથવા જેને તે મળી આવ્યું હોય તે વ્યકિત સિવાયની અન્ય કોઈ વ્યકિત તરફથી મળતાં કલેકટરે, તે હકીકતની જાણ, જેમ બને તેમ જલ્દી રાજ્ય સરકાર, સુપ્રિન્ટેન્ડન્ટ અને ભૂમિગત ધન અધિકારીને કરવી જોઈશે અને તેની પાસેની માહિતી અનુસાર શકય હોય ત્યાં સુધી નીચેની વિગતો જણાવવ ી જોઈશે.

(ક) જેને ધન મળી આવ્યું હોય તે વ્યકિતનું નામ;

(ખ) ધનનો પ્રકાર અને વિગતો ;

(ગ) ધનનું આશરે મૂલ્ય;

(ઘ) ધન મળી આવ્યાની તારીખ;

(ચ) ધનનું મૂળસ્થાન અને આસપાસના વિસ્તારનું વર્ણન.

૪. **જાહેરનામાની પ્રસિધ્ધિ.**—કલમ ૫ના ખંડ (૩) હેઠળનું દરેક જાહેરનામું સ્થાનિક પોલીસ સ્ટેશનમાં, જેની હકૂમત હેઠળના વિસ્તારમાં મળી આવ્યું હોય તેવા કલેકટરની અથવા સમકક્ષ, અધિકારીની કચેરીમાં જે ગામમાં તે મળી આવ્યું હોય તે ગામમાં સહેલાઈથી દેખાઈ આવે તેવી જગાએ પ્રસિદ્ધ કરવું જોઈશે.

૫. **ભૂમિગત ધન અધિકારી અને સુપ્રિન્ટેન્ટનો રિપોર્ટ.**—કલેકટર તરફથી આવી માહિતી મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર, ભૂમિગત ધન અધિકારીએ અને સુપ્રિન્ટેન્ડન્ટે ધનની તપાસણી

---

* મહેસૂલ વિભાગના તારીખ ૧૦મી જાન્યુઆરી, ૧૯૬૮ના ક્રમાંક જીએચએમ-૧૬૩-એમ-ટીઆરટી-૧૦૬૭/૨૫૯૦-એલ).

માટે વ્યવસ્થા કરવી જોઈશે અને ધન અથવા તેનો કોઈ ભાગ સરકારે સંપાદિત કરવો કે નહિ તે વિષે વ્યકિતગત રીતે અથવા સંયુકત રીતે તેમનો રિપોર્ટ કલેકટરને સાદર કરવો જોઈશે.

૬. **ધન સંપાદિત કરવા બાબત.**—(૧), કલેકટરે, રાજ્ય સરકાર વતી, કોઈ ધન અથવા તેનો કોઈ ભાગ સંપાદિત કરતાં પહેલાં અથવા તેમ કરવાના તેના ઈરાદાની કલમ ૧૬ હેઠળ જાહેરાત કરતાં પહેલાં રાજ્ય સરકારના હુકમો મેળવવા જોઈશે.

(૨) ભૂમિગત ધન અધિકારી અને સુપ્રિન્ટેન્ડન્ટના રિપોર્ટ ઉપરથી અથવા અન્યથા રાજ્ય સરકાર આવું ધન અથવા તેનો કોઈ ભાગ પ્રાપ્ત કરવાનું નક્કી કરે તો, રાજ્ય સરકારે, તદ્નુસાર કલેકટરને જાણ કરવી જોઈશે, જેણે કલમ ૯ હેઠળ જાહેરાત કર્યા પછી અને કલમ ૧૬ની જોગવાઈઓનું પાલન કર્યા પછી શકય તેટલું જલ્દી, આવી રીતે પ્રાપ્ત કરેલ ધન અથવા તેનો કોઈ ભાગ, ભૂમિગત ધન અધિકારીને અથવા રાજ્ય સરકાર આ અર્થે નિર્દિષ્ટ કરે તેવા કોઈ અન્ય કેન્દ્ર ખાતે મોકલવું જોઈશે.

૭. **ધનની વહેંચણી.**—ધન અથવા તેનો કોઈ ભાગ પ્રાપ્ત કરવાનું રાજ્ય સરકાર નક્કી કરે તે પ્રસંગે, ભૂમિગત ધન અધિકારી, મ્યુઝિયમ અને સંસ્થાઓમાં નીચેના અગ્રતાક્રમ પ્રમાણે તેની વહેંચણી કરવા અંગે રાજ્ય સરકારને ભલામણ કરશે.

(ક) રાજ્યનું મુખ્ય મ્યુઝિયમ અને નેશનલ મ્યુઝિયમને, વસ્તુઓની ફાળવણી કરવાની ભલામણ કરતી વખતે, ભૂમિગત ધન અધિકારી, તે મ્યુઝિયમને આપવાની વસ્તુઓ, રાજ્ય કે પ્રદેશની, દષ્ટિએ રસપ્રદ હોય અને નેશનલ મ્યુઝિયમને આપવાની વસ્તુઓ, રાષ્ટ્રીય અગત્યની હોય એ બાબત વિચારણામાં લેશે.

(ખ) રાજ્ય સરકાર, અથવા રાજ્યમાંની યુનિવર્સિટીઓ સહિત અન્ય જાહેર સંસ્થાઓ વ્યવસ્થા કરતી હોય તેવાં રાજ્યમાંના અન્ય મ્યુઝિયમોને.

(ગ) અન્ય રાજ્યોનાં મુખ્ય મ્યુઝિયમો અને કલકત્તા ખાતેના ઈન્ડિયન મ્યુઝિયમને,

(ઘ) અન્ય રાજ્યોમાંના રાજ્ય સરકાર અથવા યુનિવર્સિટી સહિત અન્ય જાહેર સંસ્થાઓ નિભાવતી હોય તેવાં મ્યુઝિયમોને,

(ચ) અન્ય મ્યુઝિયમોને.

૮. **વેચાણ.**—રાજ્ય સરકાર, નિયમ ૭માં જણાવેલ મ્યુઝિયમો અને સંસ્થાઓની જરૂરિયાતો નક્કી કર્યા પછી, ભૂમિગત ધન અધિકારી અને સુપ્રિન્ટેન્ડન્ટ સાથે વિચાર વિનિમય કરીને, તેને યોગ્ય લાગે તેવી રીતે, સૂચિત વેચાણની જાહેરાત કરીને, નિયમ ૬ના પેટા-નિયમ (૨) હેઠળ અથવા અન્યથા પ્રાપ્ત કરેલ ધનનો ભાગ વેચવા માટે લોકો આગળ મૂકી શકશે.

૯. **કિંમત.**—વેચાણ માટે જાહેર કરેલ વસ્તુઓની કિંમત, ભૂમિગત ધન અધિકારી અને સુપ્રિન્ટેન્ડન્ટની સાથે વિચાર વિનિમય કર્યા પછી, રાજ્ય સરકાર નક્કી કરશે અને સૂચિત વેચાણમાં, જાહેરનામામાં દર્શાવેલ દરેક બાબતની સામે નિર્દિષ્ટ કરશે અને આવા વેચાણમાંથી મળેલી રકમ, રાજ્યના એકત્રિત ફંડમાં જમા કરાવવી જોઈશે.

૧૦. **પત્રકો.**—ભૂમિગત ધન અધિકારીએ નાણાંકીય વર્ષ દરમિયાન મળી આવેલ ભૂમિગત ધનનો એકત્રિત રિપોર્ટ ભારત સરકારના શિક્ષણ મંત્રાલયને મોકલવો જોઈશે. એમાં સમીક્ષાના વર્ષ દરમિયાન મળી આવેલા ભૂમિગત ધનની વસ્તુઓના પરીક્ષણના પરિણામોના ટૂંકસારનો અને તેમાંની સામગ્રીને આધારે અને આશરે કયા વર્ગની તે છે તે આધારે કરેલા તેના વર્ગીકરણનો પણ સમાવેશ કરવો જોઈશે. મળી આવેલા કોઈ નોંધપાત્ર ભૂમિગત ધનનું અને વર્ષ દરમિયાન કરવામાં આવેલ તેની વહેંચણીનું ટૂંકું બ્યાન પણ રિપોર્ટમાં આપવું જોઈશે. આવા રિપોર્ટનો સંક્ષિપ્ત સાર સચિવાલયના રેકર્ડ ઓફિસના રિપોર્ટમાં પ્રસિદ્ધ કરવો જોઈશે.

૧૧. **રદ કરવા બાબત અને અપવાદ.**—આ નિયમોનો આરંભ થતાં તબદીલ થયેલા પ્રદેશો સિવાય, મુંબઈ રાજ્યની પુનર્રચના પહેલાં અમલમાં હોય તેવાં, તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૦૮ ના સામાન્ય વહીવટ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક ૫૯૨૧માં પ્રસિદ્ધ થયેલા નિયમો, મુંબઈ રાજ્યના હૈદરાબાદ વિસ્તારમાં અમલમાં હોય તેવા હૈદરાબાદ ભૂમિગત ધન અધિનિયમ, ૧૩૨૨-ફસલી હેઠળ કરેલા ભૂમિગત ધન નિયમો, મુંબઈ રાજ્યના વિદર્ભ પ્રદેશમાં, અમલમાં હોય તેવા ભૂમિગત ધન ( કાર્યવાહીઓનું નિયંત્રણ ) નિયમો, ૧૯૫૫ અને તારીખ ૩૦ મી સપ્ટેમ્બર, ૧૯૫૪ ના અગાઉની સૌરાષ્ટ્ર સરકારના મહેસૂલ વિભાગના જાહેરનામા ક્રમાંક આરડી /૪/૨૪-૧૨૪-હેઠળ પ્રસિદ્ધ થયેલા નિયમો રદ ગણાશે.

પરંતુ આવી રીતે રદ થવાથી, આવી રીતે રદ કરેલા નિયમો પૈકી કોઈ પણ હેઠળ કરેલું કોઈ કાર્ય અથવા લીધેલું કોઈ પગલું આ નિયમો હેઠળ કરેલું કાર્ય અથવા લીધેલું પગલું છે એમ ગણાશે.

**નોંધ.**—ભારત સરકારના પુરાતત્ત્વ વિભાગના સુપરિન્ટેન્ડન્ટને, આ નિયમો હેઠળ સોંપેલી સત્તા, સરકારની સંમતિથી તેમને સોંપવામાં આવી છે.

મુંબઈના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એલ. આર. દલાલ,
સરકારના સંયુકત સચિવ.

ભૂમિગત ધન અધિનિયમ, ૧૮૭૮ અને હૈદરાબાદ ભૂમિગત ધન અધિનિયમ, (સન ૧૩૨૨ના અધિનિયમ-૩-ફસલી)ની જોગવાઈઓથી ધન મળી આવ્યું હોય તે વ્યકિતઓને લાભ.

## મહેસૂલ વિભાગ

## પરિપત્ર

સચિવાલય, મુંબઈ, તારીખ ૨૦મી ડિસેમ્બર ૧૯૫૬

## સરકારી પરિપત્ર

ક્રમાંક ટીઆરટી / ૧૯૫૬-એન-.—સરકારના ધ્યાન પર આવ્યું છે કે અકસ્માત મળી આવતું ભૂમિગત ધન આવા ધનની સરકારને જાણ થાય તો જેમને તે મળ્યું હોય તેમને તેમાંથી કશું મળે નહિ એવી ખોટી આશંકાને લીધે, એવી વ્યકિતઓ સામાન્ય રીતે તે છુપાવી દે છે. ગાળી નાખે છે અથવા તેનો નિકાલ કરી નાખે છે, તેથી સરકાર જાહેર જનતાનું અને સ્થાનિક અધિકારીઓનું પણ (જૂના હૈદરાબાદ રાજ્યમાં સમાવિષ્ટ વિસ્તારો સિવાય) પુનર્રચિત મુંબઈ રાજ્યના વિસ્તારોને તે લાગુ પડતો હોય તેટલે સુધી ભારત ભૂમિગત ધન અધિનિયમ, ૧૮૭૮ ની અને જૂના હૈદરાબાદ રાજ્યમાં સમાવિષ્ટ વિસ્તારોને લાગુ પડતો હોય તેટલે સુધી. હૈદરાબાદ ભૂમિગત ધન અધિનિયમ, (સન ૧૩૨૨ નો અધિનિયમ ૩જો-ફસલી) ની સંબંધિત જોગવાઈઓ તરફ ધ્યાન ખેંચવા માંગે છે અને લોકોને એ ઠસાવવા માગે છે કે સદરહુ અધિનિયમોની જોગવાઈઓનું પાલન કરશે તો, તેમને ફાયદો થશે. અજ્ઞાનને લીધે અથવા અન્યથા સદરહુ જોગવાઈઓનું પાલન કરવામાં ચૂક થઈ હોય ત્યારે, ભૂમિગત ધન અધિનિયમની શોધ સરકારના ધ્યાન પર લાવવામાં આવતાં તે ધન જપ્ત થયું હોય એવું પરિણામ આવ્યું છે.

૨. તેથી, જાહેર જનતાને, વિનંતી કરવામાં આવે છે કે તેમણે પોતાના હિત ખાતર અધિનિયમોની જોગવાઈઓનું ચોકસાઈથી પાલન કરવું; અધિનિયમના કેટલાક મુખ્ય લક્ષણો નીચે આપ્યાં છે :—

(૧) જ્યારે પણ ભૂમિગત ધન મળી આવે ત્યારે તે જેને તે મળ્યું હોય તેણે બનતી ત્વરાથી સંબંધિત કલેકટરને તે શોધની જાણ કરીને તે અંગેની તમામ વિગતો તેને પૂરી પાડવી જોઈશે અને નજીકની સરકારી તિજોરીમાં તે મૂકવું જોઈશે.

(૨) સંબંધિત કલેકટરે, પોતાને યોગ્ય લાગે તેવું પગલું તે બાબતમાં લેવું જોઈશે.

(૩) (ક) મળી આવેલું ભૂમિગત ધન પુરાતત્ત્વીય અથવા ઐતિહાસિક દ્રષ્ટિએ અગત્યનું ન હોય, ત્યારે તે જેને મળ્યું હોય તેને પાછું આપવામાં આવશે અથવા "ધન મળ્યાનું સ્થળ" નો કોઈ માલિક હોય તો તેની અને જેને તે મળ્યું હોય તે વ્યકિતની વચ્ચે તેની વહેંચણી કરવામાં આવશે. પરંતુ જેને ધન મળી આવ્યું હોય તે વ્યકિતને સ્થળના માલિક કરતા હંમેશા વધુ હિસ્સો મળશે.

(ખ) પુરાતત્ત્વીય અથવા ઐતિહાસિક મૂલ્યની દ્રષ્ટિએ ભૂમિગત ધન સરકાર સંપાદિત કરે ત્યારે ધન જેને મળ્યું હોય તે વ્યકિતને ભૂમિગત ધનની વસ્તુઓની કિંમત ઉપરાંત, તેનો એક પંચમાંશ ભાગ પણ મળશે.

(૪) કોઈ ધન મળી આવ્યું હોય તે વ્યકિત અથવા જે સ્થળે તે મળ્યું હોય તે સ્થળનો માલિક અથવા તે બન્ને, તે ધન મળી આવ્યા વિષેનો રિપોર્ટ સરકારને કરવાનું ચૂકે ત્યારે, તે અથવા તેઓ અન્યથા જે હિસ્સો મેળવવા હકદાર હોય તે હિસ્સાની જપ્તીની શિક્ષાને, કેદની શિક્ષાને, દંડની શિક્ષાને અથવા તે બન્નેની શિક્ષાને પાત્ર થશે.

૩. તેથી સંબંધિત સ્થાનિક અધિકારીઓને, શકય તેટલી ઉત્તમ રીતે આ પરિપત્રની વિગતોની યોગ્ય પ્રસિદ્ધિ આપવાની વિનંતિ કરવામાં આવે છે.

મુંબઈના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ અબ્દુલ્લાહ,
સરકારના નાયબ સચિવ.

ટ્રેઝર ટ્રોવ ધારાની જોગવાઈઓનો અમલ કરવા બાબત

ગુજરાત રાજ્ય

## મહેસૂલ વિભાગ

## પરિપત્ર

સચિવાલય, અમદાવાદ, તારીખ ૪થી એપ્રિલ ૧૯૬૭

**વંચાણમાં લીધું :**— જૂના મુંબઈ સરકારનો મહેસૂલ ખાતાનો તારીખ ૨૦મી ડિસેમ્બર, ૧૯૫૬નો પરિપત્ર ક્રમાંક ટી. આર. ટી—૧૬૫૬-એન.

ક્રમાંક ટી. આર. ટી. ૧૦૬૭-૨૬૦૫૦-લ.— ટ્રેઝર ટ્રોવ ધારાની જોગવાઈઓનો અમલ કરવા અને જમીનમાંથી વિ. થી મળી આવેલ ટ્રેઝર ટ્રોવ અંગેની કાર્યવાહી માટે જૂના મુંબઈ સરકારના મહેસૂલ ખાતાના તારીખ ૨૦ મી ડિસેમ્બર, ૧૯૫૬ થી જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. અને તે ખાતાના તારીખ ૧૫ મી જુલાઈ, ૧૯૫૯ ના ઠરાવ ક્રમાંક ટી.આર.ટી—૧૦૫૪-એન, નીચે તે ધારા નીચે નિયમો બહાર પાડયા છે. પરંતુ તે સૂચનાઓનો સંપૂર્ણ રીતે અમલ થતો નથી તેવી હકીકત સરકારના લક્ષ ઉપર લાવવામાં આવી છે. જ્યારે જ્યારે ટ્રેઝર ટ્રોવ મળી આવે ત્યારે ત્યારે ટ્રેઝર ટ્રોવ ધારાના નિયમોની જોગવાઈઓનો અમલ કરવો જરૂરી છે. એટલે કે સરકારે તારીખ ૨૦મી ડિસેમ્બર, ૧૯૫૬ના પરિપત્રથી આપેલ સૂચનાઓનો યોગ્ય રીતે અમલ કરવો જરૂરી છે. આથી બધા કલેકટરોનું લક્ષ જૂના મુંબઈ સરકારના મહેસૂલ વિભાગના તારીખ ૨૦ મી ડિસેમ્બર, ૧૯૫૬ ના પરિપત્ર ક્રમાંક ટી.આર. ટી. ૧૬૫૬-એન તરફ દોરવામાં આવે છે અને તે સૂચનાઓનો સંપૂર્ણપણે અમલ કરવા વિનંતી કરવામાં આવે છે. સંબંધિત પર્યાયવાળી તારીખ ૨૦ મી ડિસેમ્બર, ૧૯૫૬ ની પરિપત્રની એક નકલ આ સાથે રાખવામાં આવી છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના નામે અને તેમના હુકમથી,

નિરંજન સિંઘ,
નાયબ સચિવ.

## મહેસૂલ વિભાગ

### ઠરાવ

સચિવાલય, અમદાવાદ, તારીખ ૧૦મી જાન્યુઆરી, ૧૯૬૮

**વંચાણમાં લીધું :—** સરકારી ઠરાવ, મહેસૂલ વિભાગ, ભૂતપૂર્વ મુંબઈ સરકાર, ક્રમાંક ટી.આર.ટી.-૧૦૫૮/એન, તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૫૯.

ક્રમાંક ટી.આર.ટી.-૧૦૬૭-૨૫૯૦- એલ.— ભૂતપૂર્વ મુંબઈ સરકારના મહેસૂલ વિભાગના, તારીખ ૧૫ મી જુલાઈ, ૧૯૫૯ ના સરકારી ઠરાવ ક્રમાંક ટી-આર.ટી-૧૦૫૮-એલ, હેઠળ, સરકારે નિયમો ઘડયા છે. અધિનિયમના અમલ વગેરેના હેતુઓ માટે, ભૂમિગત ધન અધિનિયમ, ૧૮૭૮ની જોગવાઈઓ હેઠળ સદરહુ નિયમોના નિયમ ૨ (ઘ) હેઠળ ઉપર્યુક્ત સરકારી ઠરાવ સાથે જોડેલી યાદી ક્રમાંક ટી.આર.ટી.-૧૦૫૮-એન, હેઠળ પ્રસિદ્ધ થયેલા ઉપરના અધિનિયમના નિયમો હેઠળ પુરાતત્ત્વ અને ઐતિહાસિક સ્મારકોના નિયામક, મુંબઈને, ભૂમિગત ધન અધિનિયમ, ૧૮૭૮ ના હેતુ માટે ભૂમિગત ધન અધિકારી તરીકે નિયત કરવામાં આવ્યા છે. ભૂતપૂર્વ મુંબઈ રાજ્યના વિભાજન પછી, સને ૧૯૬૦ ના મે મહિનાની ૧ લી તારીખે અને તે તારીખથી, ગુજરાતનું નવું રાજ્ય રચવામાં આવ્યું છે. હજુ સુધી પુરાતત્ત્વ અને ઐતિહાસિક સ્મારકોના નિયામકની જગા રાજ્યમાં નથી. તેથી ભૂમિગત ધન અધિનિયમના હેતુઓ માટે ભૂમિગત ધન અધિકારી તરીકે કોને નીમવા તે પ્રશ્ન છેલ્લા કેટલાક સમયથી સરકારની વિચારણા હેઠળ હતો. યોગ્ય વિચારણા કર્યા પછી, સરકારે નક્કી કર્યું કે, પુરાતત્ત્વ નિયામક, ગુજરાત રાજ્ય, અમદાવાદને, ભૂમિગત ધન અધિનિયમ, ૧૮૭૮ના હેતુઓ માટે ભૂમિગત ધન અધિકારી તરીકે નિયત કરવા.

નિયત જાહેરનામું **ગુજરાત રાજ્યના રાજ્યપત્રમાં** પ્રસિદ્ધ કરવું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સી. એમ. જોષી,**
ગુજરાત સરકારના નાયબ સચિવ.

# મહેસૂલ વિભાગ

સચિવાલય, અમદાવાદ તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૬૮

**ભૂમિગત ધન અધિનિયમ, ૧૮૭૮.**

ક્રમાંક જીએચએમ-૧૬૩-એમ-ટીઆરટી-૧૦૬૭-૨૫૯૦-એલ.— મહેસૂલ વિભાગના તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૫૯ ના સરકારી જાહેરનામાં ક્રમાંક ટી.આર.ટી.-૧૦૫૮-એન, માં વિદ્યમાન ખંડ ૨ (ઘ) ને બદલે, નીચેનો ખંડ મૂકવો :—

"૨ (ઘ) ભૂમિગત ધન અધિકારી એટલે, પુરાતત્ત્વ નિયામક, ગુજરાત રાજ્ય, અમદાવાદ".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સી. એમ. જોષી,**
ગુજરાત સરકારના નાયબ સચિવ.

## ટ્રેઝર ટ્રોવ ધારાની જોગવાઈઓનો બરાબર અમલ કરવા બાબત

ગુજરાત સરકાર

# મહેસૂલ વિભાગ

## પરિપત્ર

સચિવાલય, અમદાવાદ, તારીખ ૧લી ઓગસ્ટ, ૧૯૬૯

ક્રમાંક ટીઆરટી/૧૦૬૯/૯૯૦૪૨-લ.—જમીનમાંથી કોઈપણ વસ્તુ મળી આવી છે તે પ્રકારની જાણ જ્યારે કોઈપણ વ્યકિત તરફથી જિલ્લા કલેકટર વિગેરેને કરવામાં આવે ત્યારે તે અંગે જિલ્લા કલેકટર વગેરે તરફથી ટ્રેઝર ટ્રોવ ધારાની જોગવાઈઓ પ્રમાણેની કાર્યવાહી કરવાની રહે છે. સરકારના લક્ષ ઉપર એવી હકીકત આવી છે કે, મળી આવેલ વસ્તુઓ ( Finds ) નો કબજો ન મેળવતાં આવી વસ્તુઓ ( Finds ) અંગેના રસ ધરાવતી જે તે સંસ્થાને તે વસ્તુઓ ( Finds ) અંગેના સરકારના નિર્ણયને અધીન રહેવાની શરતે આપવામાં આવે છે. અને ત્યારપછી જિલ્લા કલેકટર વગેરે તરફથી આગળની કાર્યવાહી કરવામાં આવે છે. મળી આવેલ વસ્તુ ( Finds ) સરકારનાં કબજામાં ન હોવાથી તેની ચકાસણી એટલે કે તે કઈ દ્દષ્ટિએ ઉપયોગી છે તે કામગીરી કરવાનું કામ જરા મુશ્કેલ બને છે અને તે વસ્તુની અગત્ય અંગે ચોક્કસ નિર્ણય લઈ શકાતો નથી. જે વ્યકિતને/સંસ્થાને આવી વસ્તુઓ ( Finds ) સોંપવામાં આવે છે તેમના તરફથી આવી વસ્તુઓ ( Finds ) એક યા બીજા હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવે છે અને પરિણામે વસ્તુઓનો કાયમને માટે કબજો મેળવવા પ્રયત્નો કરવામાં આવે છે, જે કોઈ વસ્તુ ( Finds ) મળી આવે છે તે સામાન્ય રીતે પુરાણી હોય છે. આવી વસ્તુઓ સંશોધન કાર્ય માટે તેમજ સંગ્રહસ્થાનમાં મૂકવા માટે પણ ઘણી અગત્ય ધરાવે છે. જેથી જે કોઈ ટ્રોવ મળી આવે તેનો કબજો મેળવવો જરૂરી જણાય છે. આથી જિલ્લા કલેકટરોને સૂચના આપવામાં આવે છે કે, જે કંઈ આ રીતે દટાયેલી કિંમતી વસ્તુઓ મળી આવે તે કોઈ પણ વ્યકિતને/સંસ્થાને ન સોંપતાં તેનો કબજો મેળવવો અને ટ્રેઝર ટ્રોવ ધારાની જોગવાઈ મુજબની આગળની કાર્યવાહી કરવી. ટ્રેઝર ટ્રોવ ઓફિસરનો અભિપ્રાય મેળવવો અને જો ટ્રોવ સંપાદિત કરવાની આવશ્યકતા જણાય તો તે અંગેની દરખાસ્ત સરકારમાં રજૂ કરવી. તાલુકા અમલદારોને આ બાબતમાં જરૂરી સૂચનાઓ આપવા જિલ્લા કલેકટરોને વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પ્ર. શિ. માંકડ,
ઉપ-સચિવ,

**વિષય.— ખોદકામ કરતાં મળી આવતી મૂર્તિઓ અને અન્ય વસ્તુઓની સોંપણી કરવા બાબત**

## ગુજરાત સરકાર

## મહેસૂલ વિભાગ

## પરિપત્ર

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૮મી જૂન, ૧૯૭૩

ક્રમાંક ટી.આર.ટી-૧૮૭૧-૨૯૨૨૯-ન.—સરકારશ્રીના ધ્યાન ઉપર આવ્યું છે કે ખોદકામ કરતાં ઘણી વખત મૂર્તિઓ અને અન્ય વસ્તુઓ મળી આવે છે તે વસ્તુઓ પુરાતત્ત્વની દ્રષ્ટિએ મ્યુઝિયમમાં રાખવાની જરૂર હોય છે. આમ છતાં આવી વસ્તુઓ, સંસ્થાઓ, ટ્રસ્ટો કે મંદિરોને વચગાળાના સમય માટે કશા હક વિના સાચવવા અપાય છે. પરિણામે આવી કિંમતી પુરાવસ્તુઓ અંગે આખરી નિર્ણય થાય ત્યારે વસ્તુઓ પાછી મ્યુઝિયમ માટે મેળવવામાં નાજુક મુશ્કેલ પરિસ્થિતિ સર્જાય છે અને જેમને તે સોંપાઈ હોય તેમની ધાર્મિક લાગણી દુભાવવાનો પ્રશ્ન ઉભો થાય છે. આવી પરિસ્થિતિ ઉભી ન થાય તે માટે આવી કોઈપણ મૂર્તિઓ મળી આવે કે તુરતજ આખરી નિકાલ અંગેનો નિર્ણય થતાં લગીના વચગાળાના સમય માટે તેવી વસ્તુઓ તાકીદે પુરાતત્ત્વ ખાતાને સોંપવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દા. હ. કોઠારી,
ઉપસચિવ,
મહેસૂલ વિભાગ, ગુજરાત.

સરકારી પ્રેસ વડોદરા.

(પુ) એચ-૫૦—૧૪

REGISTERED NO. G/GNR/2

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIII] THURSDAY, MAY 8, 1997/VAISAKHA 18, 1919 [No. 19

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

## PART IV-B

**Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts.**

### YOUTH SERVICES AND CULTURAL ACTIVITIES DEPARTMENT

Notification

Sachivalaya, Gandhinagar, 3rd May, 1997.

GUJARAT ANCIENT MONUMENTS AND ARCHAEOLOGICAL SITES AND REMAINS ACT, 1965.

No. G/YC/1/PRV/1092/1269(96)/A.--WHEREAS by Government Notification, Youth Services and Cultural Activities Department No. G/YC/02/PRV/1092/1198/A, dated the 20th March, 1995 issued under rule 13 of the Gujarat Ancient Monuments and Archaeological Sites and Remains Rules, 1967, (hereinafter referred to as the "said Rules"), the Government of Gujarat gave one months' notice of its intention to declare the areas 100 meters away from the limits of the protected monuments specified in the Schedule appended to the said notification and further beyond it, upto 200 meters near or adjoining such monuments, to be prohibited areas and regulated areas;

AND WHEREAS, no objections or suggestions have been received from the public by the State Government during the period of notice specified therein;

NOW, THEREFORE, in pursuance of rule 14 of the said Rules, the Government of Gujarat hereby declares the said areas to be prohibited areas and regulated areas for the purposes of mining operation and construction.

SCHEDULE

List of State Protected Monuments.

| Sr. No. 1. | Dist. 2. | Taluka 3. | Village 4. | Name of Monument. 5. |
|---|---|---|---|---|
| 1. | AHMEDABAD | Ahmedabad | Ahmedabad | Amrutvarshini Vav |
| 2. | " | " | " | Dutch Tomb. |
| 3. | " | Dholka | Dholka | Jaldhamavala Khan Tal: Mound. |
| 4. | AMRELI | Amreli | Babara | Aadinath No Mandir. |
| 5. | " | Kodinar | Aadpukar | Kandhmard Na Bo Shila Lekhe. |
| 6. | " | " | Juni Fanfani | Ganganath Mahadev ne Mandir. |
| 7. | " | " | Tosan | Bhadeshwar Mandir |
| 8. | KUTCH | Anjar | Anjar | Wall paintings/ pictures of the building of the Collector Office. |
| 9. | " | " | " | Shiel Gufa No.1 |
| 10. | " | NAKHATRANA | Deshalpar | Shiel Gufa No.2 |
| 11. | " | " | " | Punereshwar Mandir |
| 12. | " | " | Manjal | Vadi-medi (Shaiwmath) (Puaragadh Man). |
| 13. | " | " | " | Gate of Kanthkot |
| 14. | " | Bhachau | Kanthkot | Jain Mandir |
| 15. | " | " | " | Sun Temple |
| 16. | " | " | " | Shiv Mandir |
| 17. | " | Bhuj | Kera | Ram kund |
| 18. | " | " | Bhuj | Old Temple. |
| 19. | " | Mundra | Bhoreshwar | Aai-no Dero (Shiv Mandir) |
| 20. | " | Rapar | Citra Mevasa | Shiel Caves. |
| 21. | " | Lakhpat | Slot (Near Patgadha) | Kund and Toran |
| 22. | KHEDA | Kapadwanj | Kapadwanj | Vav (Step Well) |
| 23. | " | " | " | Vori Vav(Stepwell) |
| 24. | " | " | " | Mota Toda-ni Vav. |
| 25. | " | Nadiad | Vadthl | Vav. |
| 26. | " | Mehmdabad | Mahmadabad | |

| 1. | 2. | 3. | 4. | 5. |
|---|---|---|---|---|
| 27. | JAMNAGAR | Kalavad | Machhrda | Kirti Sthambh. |
| 28. | " | Khambhalia | Batrana | Old Temple. |
| 29. | " | Jamjodhpur | Patan | Shiel Cave of Aaleoh Patan. |
| 30. | " | Jamnagar | Amra | Timbo |
| 31. | " | " | Khimrana | Shiv Mandir |
| 32. | " | " | Jamnagar | Kothe (Baujiye) |
| 33. | " | " | " | Khambhalia Gate |
| 34. | " | " | " | Juma Masjid-no Shilalekh |
| 35. | " | " | " | Nagnath-no Mandir |
| 36. | " | " | " | Lakhota Tower |
| 37. | " | " | Narmana | Timbo. |
| 38. | " | " | Bed | Timbo. |
| 39. | " | " | Moda | Timbo. |
| 40. | " | " | Lakha Baval | Timbo. |
| 41. | " | " | Vasai | Timbo. |
| 42. | " | " | Sekhpat | Memorial Stone-Lekh and War Site. |
| 43. | " | Jodia | Jodia | Kothe. |
| 44. | " | Dwarka | Dhrashnwel | Temple of Kali Mata |
| 45. | " | Dhrola | Dhrol | Memorial Stone of Bhuchar, Mori, Dori and Inscription. |
| 46. | " | Bhanavad | Dhunali | Fort near Kideshwar |
| 47. | " | " | " | Ganesh Mandir. |
| 48. | " | " | " | Dhunali |
| 49. | " | " | " | Nav Lekha Mandir. |
| 50. | " | " | " | Old Temple (on the Bank of Tank Chhalsar. |
| 51. | " | " | " | Rampol Gate. |
| 52. | " | " | " | Vikiya Nav. |
| 53. | " | " | " | Temple of Son Kansari. |
| 54. | " | " | Pachhtar | Five Temples. |
| 55. | " | " | " | Temple of Bhimeshwar Mahadev. |
| 56. | " | " | Bhavneshwar | Two temples of Bhuvneshwar, F. |
| 57. | " | " | Modpar | Fort |
| 58. | " | " | " | Vav (Step Well) |
| 59. | " | " | " | Shiel Caves & Dhingeshwar Mahadev's temple. |
| 60. | " | " | Hathla | Fanothi-no Mandir. |
| 61. | " | " | " | Shani -ni Vav. |

| 1. | 2. | 3. | 4. | 5. |
|---|---|---|---|---|
| 63. | JUNAGADH | Una | Anjar | Temple and two Inscription. |
| 64. | " | " | Una Tulsishyam Road | SevenKunds of hot water. |
| 65. | " | " | " | Inscriptions Near Tank |
| 66. | " | " | " | Dhanechwar Mahadev. |
| 67. | " | " | " | Bhim Chasa. |
| 68. | " | " | Delwada | Gupta Prayaga. |
| 69. | " | " | " | Gupta Prayaga Kund. |
| 70. | " | " | " | Jumma Mosque. |
| 71. | " | " | " | Minaravali Mosque |
| 72. | " | " | " | Wajal Kotho |
| 73. | " | " | Shana | Caves. |
| 74. | " | " | Delwada | Shah Kotho. |
| 75. | " | Kutiyana | Kutiyana | Two Inscriptions in Jama Mosque. |
| 76. | " | " | " | Statue of Kshetrapal in Vav. |
| 77. | " | " | Junagadh | Adi Kadi Ni Vav. |
| 78. | " | " | " | Jumma Mosque and Two Tanks (Nilam and Kdanak) |
| 79. | " | " | " | Navghan Well. |
| 80. | " | " | " | Ra Mandlik No Savant 1507 No Shilalekh (Inscription). |
| 81. | " | " | " | Laskari Vav. |
| 82. | " | " | Junagadh (on the way of Girnar) | Copy of Ashoka's inscription. |
| 83. | " | " | " | Damodar Kund. |
| 84. | " | " | Junagadh (Datar-no Dungar) | Chilo and Caves of Datar. |
| 85. | " | " | Junagadh (Nr. Bordevi) | Boria Stupa-Two(Lakha Modi and Badi Lakha Medi) |
| 86. | " | " | Junagadh | Makbara of Dhori(PIR). |
| 87. | " | " | " | Narsinh Metha-no Chora. |
| 88. | " | " | " | Makabara of Babi King's before Nawab Mahobat Khangi. |
| 89. | " | " | " | Haji Bibi's Makbara with Bara Sieyad. |
| 90. | " | Junagadh | " | Punchechwar Caves. |
| 91. | " | " | " | Mahobat Makabra. |

| 1. | 2. | 3. | 4. | 5. |
|---|---|---|---|---|
| 92. | JUNAGADH | Junagadh | Junagadh | Matri |
| 93. | " | " | " | Mai Gadhechi with inscription of Hi. Sr 685. |
| 94. | " | " | Junagadh (Upon Girnar) | Kali Mata. |
| 95. | " | " | " | Guru Datatraya. |
| 96. | " | " | " | Gorkh Tuk. |
| 97. | " | " | " | Gau Mukhi. |
| 98. | " | " | " | Bhim Kund. |
| 99. | " | " | " | Bhairav Jap. |
| 100. | " | " | " | Paduka of Ramchandra. |
| 101. | " | " | " | Hanuman Dhari. |
| 102. | " | " | " | Hathi Pagla. |
| 103. | " | Talala | Bhimdevel | Bhimdeval. |
| 104. | " | " | Hadnitya | Baudh Stupa Vajir Pank No Kotho. |
| 105. | " | Porbandar | Addar | Vishnu Mandir. |
| 106. | " | " | " | Sun Temple No.1 |
| 107. | " | " | " | Sun Temple No.2 |
| 108. | " | " | Kuchadi | Temple of Khimeshwar Mahadev. |
| 109. | " | " | Chhaya | Chadeshwar Mahadev-no Mandir. |
| 110. | " | " | | Dingeshwar Mahadev-no Mandir. |
| 111. | " | " | Porbandar | Smt. Kasturba-no Ghar. |
| 112. | " | " | " | Sartanji-no Chero. |
| 113. | " | " | Borichas | Sun Temple and Saptam Matruka-ne Mandir. |
| 114. | " | " | Bhatana | Jaleshwar Mahadev-no Mandir. |
| 115. | " | " | Balej | Five Mandir. |
| 116. | " | " | Bokhira | Nandeshwar Mahadev. |
| 117. | " | " | Old Bokhira | Chamunda Mata-no Mandir |
| 118. | " | " | Bhansara | Seven Temples. |
| 119. | " | " | Miyani | Old Temple. |
| 120. | " | " | Madhavpur (Ghed) | Old Temple |

| 1. | 2. | 3. | 4. | 5. |
|---|---|---|---|---|
| 121. | JUNAGADH | Porbandar | Visavada | Panchayatan Temple. |
| 122. | " | " | " | Vav. |
| 123. | " | Maliya Hatina | Maliya-Hatina | Memorial Stone of Dhanvantari. |
| 124. | " | Mangrol | Bagarasaghed | Memorial stone of Dah Sanskar. |
| 125. | " | Ranavav | Amardad | Zardeswar Mahadev Temple. |
| 126. | " | " | Bileswar | Bileswar Mahadev Temple |
| 127. | " | " | Ranavav | Caves of Jambuvanti. |
| 128. | " | Vanthali | Dhandhusar | Inscription of small stepwell. |
| 129. | " | " | Vanthali | Mandap and ceiling of Juma Masjid. |
| 130. | " | " | " | Inscription of Samvat 1408 in Juma Masjid. |
| 131. | " | " | " | Vijayeswar Mahadev Temple and Inscription of V.S.1346/1290 A.D. |
| 132. | " | " | " | Surya Kund. |
| 133. | " | " | Near Vanthali. | Ra Khengar Vav. |
| 134. | " | Visavadar | Jetalpur | Caves of Hothal Padmani. |
| 135. | " | Veraval-Patan | Umba | Ancient Temples. |
| 136. | " | " | Una Delvada | Hajarat Shah's Mukabar. grave of Malik Ayaz. |
| 137. | " | " | Navdara | Kalika Mata Temple. |
| 138. | " | " | Pasnavada | Bilanguage Inscription (Pharsi-Sanskrit)in Gayatri Temple. |
| 139. | " | " | Prachi-Una Veraval Rod. | Prachi Kund. |
| 140. | " | " | " | Mul Prachi. |
| 141. | " | " | Prabhas-Patan | Inscription of H.S.902 in Kazi Mosque. |
| 142. | " | " | " | Gorakhnath Mahadev. |
| 143. | " | " | " | Jain Mandir. |
| 144. | " | " | " | Tank. |
| 145. | " | " | " | Nagara No Mound. |
| 146. | " | " | " | Nek Mohamed Mosque. |
| 147. | " | " | " | Ancient Caves. |
| 148. | " | " | " | Ancient Jain Mandir (Building of Museum). |

| 1. | 2. | 3. | 4. | 5. |
|---|---|---|---|---|
| 149. | JUNAGADH | Veraval-Patan | Prabhas Patan | Inscription of Bhadrakali Mata. |
| 150. | " | " | " | Maipuri Mosque. |
| 151. | " | " | " | Mangroli Shah's Makbara and Royal graves with inscription. |
| 152. | " | " | " | Inscription in Muzaffar Mosque. |
| 153. | " | " | " | Inscription near Mota Darwaja. |
| 154. | " | " | " | Ceiling of Raiyapir Mosque. |
| 155. | " | " | " | Rudreshwar. |
| 156. | " | " | " | Veneswar Mahadev Mandir. |
| 157. | " | " | " | Veraval Darwaja. |
| 158. | " | " | " | Inscription of H.S.905/1543 A.D. of Sultan Ahamed. |
| 159. | " | " | Near Shitala Mandir on Nagara mound. | Sun Temple. |
| 160. | " | " | Prabhas Patan. | Shav's Mound. |
| 161. | " | " | Veraval | Inscription of H.S.732 1331-32 A.D. in Jami Masjid. |
| 162. | " | " | " | Inscription in Harshad Mata Mandir. |
| 163. | " | " | Savanigir | Buddhist Caves of Mandrer. |
| 164. | " | " | Suprapada | Chyavan Kund. |
| 165. | " | " | " | Navdurga Mandir. |
| 166. | PANCHAMAHALS | Lunavada | Lavana | Arjun Chori |
| 167. | " | " | " | Kund. |
| 168. | " | " | " | Temple with three entrance. |
| 169. | " | " | " | Ancient Temple. |
| 170. | " | " | " | Bhimchori. |
| 171. | " | " | " | Vahu-ni-Vav. |
| 172. | " | " | " | Shikar Madhi. |
| 173. | " | " | " | Temple with inscription. |
| 174. | | " | " | Sasu-ni-Vav. |

| 1 | 2 | 3 | 4 | 5 |
|---|---|---|---|---|
| 175. | PANCHMAHALS | Santrampur | Santrampur | Old Temple No.1 |
| 176. | " | " | " | Old Temple No.2 |
| 177. | " | " | " | Old Temple No.3 |
| 178. | " | Halol | Champaner | Vav of Geban-Shah with Steps. |
| 179. | BANASKANTHA | Kankrej | Kasra (on the bank of river Banas. | Old Shiv Temple |
| 180. | " | Danta | Kumbharia | Kumbheshwar Mahadev. |
| 181. | " | " | Near Kantivas on Tarsang forest. | Mandir No.1 |
| 182. | " | " | " | Mandir No.2 |
| 183. | " | " | " | Mandir No.3 |
| 184. | " | " | " | Mandir No.4 |
| 185. | " | " | " | Mandir No.5 |
| 186. | " | " | " | Mandir No.6 |
| 187. | " | " | Near Mahuai in Tarsang forest. | Mandir No.1 |
| 188 | " | " | " | Mandir No.2 |
| 189 | " | " | " | Mandir No.3 |
| 190. | " | " | " | Mandir No.4 |
| 191. | " | " | Chlad | Vav with step. |
| 192. | " | " | " | Old Temple. |
| 193. | " | Vav | Dadun | Temple of Muleshwar - Mahadev. |
| 194. | " | " | Vav | Temple of Kapileshwar Mahadev. |
| 195. | BHARUCH | Jagadiya | Jajpor. | Caves of Kadia Dunger |
| 196. | BHAVNAGAR | Bhavnagar | Budhel | Harrpiya Timba. |
| 197. | " | " | Bhavnagar | Ganga Chhatri |
| 198. | " | " | " | Carving on Old Darbargadh. |
| 199. | " | " | " | Temple of Bhavnath. |
| 200. | " | Mahuva | Kalshar | Firangi Church. |
| 201 | " | Talaja. | Gopnath Mandir & Boarding. | Pictures on the wall and ceiling. |

| 1. | 2. | 3. | 4. | 5. |
|---|---|---|---|---|
| 202. | BHAVNAGAR | Shinhor | Shinhor | Sat Shori |
| 203. | " | " | " | Brahma Kund. |
| 204. | MEHSANA | Kheralu | Vadnagar | Small Temples and Temple of Amater Mata. |
| 205. | " | Chanasma | Modhera | Vav. |
| 206. | " | " | " | Toran. |
| 207. | " | " | " | Hava Makal. |
| 208. | " | Patan | Patan | Khan Sarovar. |
| 209. | " | Mehsana | Aakhaj | Shakti Kund. |
| 210. | " | " | Kherva | Temple of Amba Mata. |
| 211. | " | " | Bute Paldi | Temple of Shitla Mata. |
| 212. | " | " | Meu | Temple of Nagfani Mata with statue. |
| 213. | " | " | Linch | Temple of Mata Shitla. |
| 214. | " | Vijapur | Mansa | Vav. |
| 215. | RAJKOT | Gondal | Khambhalida | Shail Caves. |
| 216. | " | " | Virpur | Minal Vav. |
| 217. | " | Jasdan | Ankot | Memorial stone of Lakha Fulani. |
| 218. | " | " | Jasdan (in Darbargadh) | Inscription. |
| 219. | " | " | Bingthale | Caves. |
| 220. | " | " | Bhadla | Vav. |
| 221. | " | Jetpur | Old Sankli | Temple of Sankaleshwar Mahadev. |
| 222. | " | Dhoraji | Dhoraji | Old Darbargadh. |
| 223. | " | " | Supedi | Temples. |
| 224. | " | Morbi | Morbi | Kuber Vav. |
| 225. | " | " | " | Copper Plate of Darbargadh. |
| 226. | " | Rajkot | Khorana | Thmba of Holidhar. |
| 227. | " | Vankaner | Vankaner | Inscription on Jadeshwar Mahadev. |
| 228. | VADODARA | Dabhoi | Ten Talav | Old Talav. |
| 229. | " | Vadodara | Sevasi | Vioyadhar Vav. |
| 230. | SABARKANTHA | Idar | Idar (Gambhirpur) | Kund. |
| 231. | " | " | " | Vav. |
| 232. | " | " | Idariyo Gadh | Rannmal Choki. |
| 233. | " | " | Chorivad | Vav. |
| 234. | " | " | Daved | Old Vav. |
| 235. | " | " | Linbhoi | Old Vav. |
| 236. | " | " | Saball | Kund. |
| 237. | " | Khedbrahma | Agiya | Temple of Mahadev. |
| 238. | " | " | Kajavas | Shiv Mandir. |

| 1. | 2. | 3. | 4. | 5. |
|---|---|---|---|---|
| 243 | SABARKANTHA | Khedbrahma | Ganchhali | Mandir No.4 |
| 244. | " | " | " | Mandir No.5 |
| 245. | " | " | Gatatx | Shiv Panchayatan Mandir of Gop Nath Mahadev. |
| 246. | " | " | Dotran | Shiv Temple. |
| 247. | " | " | Pocina | Temple of Nilkanth Mahadev. |
| 248. | " | Bhiloda | Nandej | Khander. |
| 249. | " | " | " | Mandir of Mahukuti. |
| 250. | " | " | " | Temple of Mahadev. |
| 251. | " | " | " | Temple of Hanumanji. |
| 252. | " | " | Thetali | Shiv Panchayatan Mandir |
| 253. | " | " | Moti Behbar | Old Temple of Shobhayda |
| 254. | " | Bhildda | Shamlaji | Old Temple. |
| 255. | " | " | " | Vav. |
| 256. | " | Modasa | Tintoi | Vav with Step. |
| 257. | " | " | Modasa | Vanjari Vav. |
| 258. | " | Vijaynagar | Abhapur | Temple with Kund. |
| 259. | " | " | " | Jain Temple No.1. |
| 260. | " | " | " | Jain Temple No.2 |
| 261. | " | " | " | Jain Temple No.3 |
| 262. | " | Vijaynagar | Abhapur | Shrengeshwar Mahadev. |
| 263. | " | " | " | Shiv Shakti Temple. |
| 264. | " | " | Antarsuba | Jain Mandir No.1 |
| 265. | " | " | " | Jain Mandir No.2 |
| 266. | " | " | " | Jain Mandir No.3 |
| 267. | " | " | " | Jain Mandir No.4 |
| 268. | " | " | " | Shakti Mandir. |
| 269. | " | " | " | Shiv Mandir. |
| 270. | " | " | " | Shiv Panchayatan Mandir No.1 |
| 271. | " | " | " | Shiv Panchayatan Mandir No.2 |
| 272. | " | " | Dholivav. | Vav. |
| 273. | " | Himatnagar | Khedchandrani | Kund. |
| 274. | " | " | " | Nagrani Vav. |
| 275. | " | " | Mathasuliya | Temple of Santhleshwar Mahadev. |
| 276. | " | " | Hathrol | Chaumukh Mahadev. |
| 277. | SURAT | Choriyasi | Rajgiri | Makbara of Tomb Koricy |
| 278. | SURENDRANAGAR | Chotila | Chobari | Chaumukhi Vav. |
| 279. | " | " | " | Temple near Tank. |
| 280. | " | " | Than | Temple of Tarnetar. |
| 281. | " | " | " | Temple of Muni Bava. |
| 282. | " | " | Parbadi | Panchayatan Mandir. |
| 283. | " | " | | |

| | 2. | 3. | 4. | 5. |
|---|---|---|---|---|
| 284. | SURENDRANAGAR | Dachida | Jinjuwada | Gates. (Six)(Jin, Dhink, South west Madapol and Rajeshwari) |
| 285. | " | " | " | Sarovar. |
| 286. | " | " | Near Jinjuwada. | Jinanand Kund - two |
| 287. | " | Dhangdhra | Kankavati | Remains of Old Gate. |
| 288. | " | " | " | Matri Vav. |
| 289. | " | " | Pratappur | Chandrasar Tank. |
| 290. | " | " | Hampur | Old Step well. |
| 291. | " | Muli | Kalmad | Temple of Gamdevi. |
| 292. | " | Vadhavan | Dedadra | Gangva Kund and Four temples on it. |
| 293. | " | " | " | Temple of Manav Mama. |
| 29 | " | " | Rampura | Ratba-Rajbai-Ni Vav. |
| 295. | " | " | Vadhvan | Ganga Vav. |
| 296. | " | " | " | Madha Vav. |
| 7. | " | Sayla | Thanthalpur | Vav. |
| 298. | " | Halvad | Halvad | Temple of Sunder Bhavani. |
| 299. | " | " | " | Memorial Stone near Crematorium. |
| 300. | KUTCH | Bhachau | Dholavira | Timbo. |
| 301. | " | Rapar | Suvai | Pabumath Timbo. |
| 302. | BANASKANTHA | Radhanpur | Sarolagadh | Timba of Zarolagadh. |
| 303. | " | Palanpur | Palanpur | Mithi Vav. |
| 304. | GANDHINAGAR | Gandhinagar | Ambapur | Old Step-well. |
| 30 | RAJKOT | Maliya | Sarvao | Old Step well. |
| 306. | SABARKANTHA | Bhiloda | Shamlaji | Harishchandra-Ni Chori. |
| 307. | MEHSANA | Patan | Patan | Agara Gate. |
| 308. | " | " | " | Fatipal Gate. |
| 309. | " | " | " | Chinojya Gate. |
| 310. | " | " | " | Bagwada gate. |
| 311. | " | " | " | Tripoliya gate. |
| 312. | KUTCH | — | Nr. Ganpar | Shobharel no Timbo. |
| 313. | " | Nakhtrana | Nr. Pancheshwar | Padargadh. |
| 314. | " | Lakhpat | Lakhpat | Guru Dwara. |
| 315. | " | Anjar | Bhuvad | Temple of Bhuvadeshwar Mahadev. |
| 316. | " | Lakhpat | Lakhpat | Fort Ground Lakhpat. |

By order and in the name of the Governor of Gujarat,

N. H. CHAUDHARI,
Under Secretary to Government.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.